શ્રી મહાવીર જીવન-વિસ્તાર



કર્તા-રા. સુશીલ. પ્રકાશક-મેઘજી હીરજી બુકસેલર, પાયધુની-મુંબઈ.

શ્રી મહાવીર જીવન-વિસ્તાર.

અર્થાત્

પ્રાતઃસ્મરણીય શ્રી મહાવીર સ્વામીના
જીવન ચરિત્રમાંથી નીકળતો સાર.

પ્રયોજક,
પરી. ભીમજી હરજીવન.
શિવસદન-મઢડા.

પ્રકાશક,
મેસર્સ મેઘજી હીરજીની કુંપની.
૫૬૬, પાયધુની-મુંબઇ.

આવૃત્તિ બીજી. પ્રત ૨૦૦૦.

સં. ૧૯૭૭. વીર. ૨૪૭૭.

મૂલ્ય રૂ. ૨-૦-૦.

શ્રી "આદર્શ" પ્રિન્ટીંગ પ્રેસમાં પં. વાડીલાલ ડાહ્યાભાઇએ
છાપ્યું. ઠે. પાંચકુવા દરવાજા—અમદાવાદ.

Mahatma Gandhi. महात्मा गांधी.



આજે ગાજે છે મ્હારા હૈયાના કુંજમા

મધુરી શી મોહનની વાંસલડી રે !

રા. ન્હાનાલાલ દલપતરામ કવિ.

KRISHNA PRESS, BOMBAY 2.

ઉત્સર્ગ-પત્ર.

કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીના
શ્રી ચરણમાં.

દીર્ઘ કાળની મોહ નિદ્રામાંથી ભારતવર્ષને જાગૃત કરી તેની સનાતન વિભૂતિનો આપે ઉદ્ધાર કર્યો છે. જે ત્રીકાળ સત્ય ભાવનાઓ ઉપર ભારતની સંસ્કૃતિનો પાયો સેંકડો વર્ષ પૂર્વે આ દેશના મહર્ષિઓએ નાખ્યો હતો, અને પાશ્ચાત્ય વિલાસના વ્યામોહવશ જેની અવગણના થવાથી આ દેવ-ભૂમિનું અધઃ-પતન થયું હતું, તે ભાવનાઓની મૂર્તિઓને વિશુદ્ધ બનાવી, ભારતના આત્મામાં તે પુનઃ પ્રતિષ્ઠિત કરવા આપ સર્વાંશે વિજયી બન્યા છો. આપશ્રીના તન, મન દ્વારા પરમાત્મ સત્તા ભારતવર્ષની ભવિષ્ય રચના કરી રહી છે એમ આ દેશની અંતર્દ્રષ્ટિ નિહાળે છે. આ દેશ અને આ કાળમાં આપ યુગ-પ્રધાન પુરૂષ છો. અનેક યુગનું આ દેશનું સંચિત પુણ્ય આપના કૃશ તનુ દ્વારા પ્રકાશી રહ્યું છે. જેના અપાર કરૂણામય હૃદયમાં હિંદના તેત્રીશકોટી આત્માઓ સ્થાન પામી રહેલા છે, અને જેના પ્રત્યે અખિલ ભારતની આશાભરી દૃષ્ટિ નિરંતર આકૃષ્ટ રહેલી છે, એવા આપશ્રીના પદ-પ્રાંતમાં આ ક્ષુદ્ર ઉપહાર સમર્પી ઉપકૃત થાઉં છું.

આપશ્રીનો પદાનુરક્ત કિંકર.
સુશીલ અને મેઘ.

ઉપહાર પૃષ્ઠ.

____

____

______________ ને ભેટ.

તા. ______________ } સહી. ______________

બે બોલ.

જે પુસ્તકની ઘણા કાળથી રાહ જોવામાં આવતી હતી, તે પુસ્તક આ મહાવીર વિસ્તાર આજે અમે પ્રકટ કરવા શક્તિમાન થયા છીએ. આપણો જૈનસમાજ આવા પુસ્તકોની કદર કરવા કેટલે અંશે તત્પર છે, તે જોવાનું રહ્યું છે. જો આ પુસ્તકનો બ્હોળો પ્રચાર થવા પામશે તો ભવિષ્યમાં આવા અનેક પુસ્તકો બહાર પાડી વવીનયુગમાં જૈન સાહિત્યને ખીલવવાની અમારી યોજના ક્રમે ક્રમે અમલમાં મુકતા જઇશું. પ્રસ્તુત પુસ્તકના સંબંધમાં વધુ કહેવું એ અમારા અધિકારની બ્હાર છે. તોપણ એક પ્રકાશક તરીકે અમારાથી એટલું કહ્યા વિના ચાલતું નથી કે વર્તમાન જૈન સાહિત્ય સૃષ્ટિમાં આ પુસ્તક એક નમુનારૂપ થઇ પડશે. જો કે બંગાળી મરાઠી તથા હિંદી સાહિત્યની સરખામણીમાં આ પુસ્તક કશી બીસાતમાં નથી, તોપણ જૈન સમાજમાં આ પ્રથમ પહેલ હો-

વાથી આવા એક પુસ્તક માટે અમે વાસ્તવિક અભિમાન લઇ શકીએ છીએ.

આ પુસ્તકમાં જે ચિત્રો આપવામાં આવ્યા છે, તે માટે અમારે કહેવું જોઇએ કે પુસ્તકના પ્રસંગોને અનુસરીને બની શકે ત્યાંસુધી આકર્ષક બનાવવાનો અમે પ્રયત્ન કર્યો છે. ચિત્રોની આશાતના ભયને લઇને ચિત્રો ન આપવાની અમોને કેટલાકો તરફથી ભલામણ થઇ હતી. પણ ચિત્રકળાને અને સાહિત્યને એવો નજીકનો સંબંધ છે કે એક બીજાને પૃથક્ કરવા એ સાહિત્યના અંગને શિથિલ કરી નાંખવા જેવું છે. જૈનેતર સાહિત્ય જે વખતે ચિત્રકળાની ઉન્નતિથી લોકાદર પામતું જાય છે. તે વખતે માત્ર આશાતનાનાં ભયથી ચિત્રકળાનો સદંતર નાશ કરવા તૈયાર થવું એ આપણને કોઇ રીતે છાજતું નથી. આપણા પ્રાચીન હસ્તલિખિત પુસ્તકો જોવાથી જણાશે કે પૂર્વે આપણા આચાર્યોએ ચિત્રકળાની ખીલવણી માટે પોતાથી બનતું કરવામાં કશી કચાસ રાખી નથી. પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગથી આપણા ચિત્રસાહિત્ય ઉપર અનેક રંગો ચડવા પામ્યા છે. આ સાહિત્યનો સમાજને લાભ આપવો એ અમારૂં મુખ્ય કર્તવ્ય છે,

એમ અમો માનીએ છીએ, અને અમો આશા રાખીએ છીએ કે વિદ્વાન્ સમાજ અમને સંમત થયા વિના રહેશે નહી. ચિત્રકળા અને સાહિત્ય વચ્ચેનો સંબંધ આ સ્થળે વિસ્તારથી બતાવ્યો હોત તો બહુ ઉપયોગી થઈ પડત, પણ તે અસ્થાને લેખાય એમ ધારી અમે તે ચર્ચામાં અત્રે ઉતરવાનું યોગ્ય ધાર્યું નથી. "મહાવીર જીવન વિસ્તાર" નામ શા માટે રાખવામાં આવ્યું ? એવો પ્રશ્ન અમોને કેટલાકો તરફથી થયો છે. મહાવીર પ્રભુનું જે જીવનચરિત્ર આ કાળે પ્રચલિત છે; તેમાં કોઇપણ પ્રકારનો ઉમેરો કરી જીવનચરિત્રનો અમે વિસ્તાર કર્યો નથી. પણ જીવનચરિત્રના મુખ્ય-મૂળભૂત સિદ્ધાંતો ઉપર વિવેચન કરી, તેમાંથી નૈતિક બોધ શું લેવો જોઇએ તે વિષેજ આ પુસ્તકમાં વિચાર કરવામાં આવ્યો છે. અને તેથી જીવન વિસ્તારનું નામ સાર્થક થાય છે, એમ કહેવાની જરૂર નથી.

આ પુસ્તકને જો અમારા જૈન સમાજના વિદ્વાનો, વાંચકો તથા ઉત્તેજકો તરફથી ઉત્તેજન મળશે તો આ પુસ્તકની આવકમાંથી આવા બીજા અનેક ગ્રંથો પ્રકટ કરવાની અમે આ પ્રસંગે પ્રતિજ્ઞા કરીએ છીએ.

આપણી કેટલીક સંસ્થાઓ જે પુસ્તકો પ્રકટ કરે

છે, તે પુસ્તકોની કીંમત સાથે સરખાવી જોતાં પ્રસ્તુત પુસ્તકની કીંમત કાંઈક વધારે પડતી લાગશે, એવો અમોને ભય રહે છે, પરંતુ તેના ખુલાસામાં અમારે માત્ર આજકાલના કાગળના ભાવો તથા ચિત્રોના ખર્ચ તરફ વાંચકોની નજર ખેંચવા સિવાય બીજું કશું કહેવાપણું રહેતું નથી. તે સિવાય ધાર્મિક પુસ્તક પ્રકાશક સંસ્થાઓને મુનિરાજો જે મદદો આપે છે, તેવી મદદનો અમારી પાસે છેક અભાવ હોવાથી અ-મારે કદાચ આવી ગ્રંથમાળાનું સવિશેષ મૂલ્ય રાખવું પડે તો ગ્રાહકોએ તે ક્ષંતવ્ય તથા સહ્ય ગણવું એજ અમારી અરજ છે.

લી: પ્રકાશક



લેખકની એક યાચના.

એક સંપ્રદાયબદ્ધ સમાજ, અને તેમાં વિશેષે કરીને શ્રદ્ધા એજ જેનું ધાર્મિક જીવન છે, એવા જૈન સાંપ્રદાયિક સમાજ સમક્ષ પોતાના અભિપ્રાયો સ્વાતંત્ર્ય પૂર્વક રજુ કરવા અને તે સાથે કોઇના હૃદયમાં લેશ પણ ક્ષોભ પ્રકટાવ્યા વિના સર્વને તે એક સરખા રુચિકર થાય એવી આશા પણ રાખ્યે જવી, એ તદ્દન નિષ્ફળ છે વસ્તુસ્થિતિ જ્યાં આ પ્રકારની હોય ત્યાં વાચકને ગ્રંથનો જે ભાગ પોતાની સાંપ્રદાયિક શ્રદ્ધા સાથે વિરોધયુકત ભાસે તે તેમણે લેખક ઉપર દયા કરીને નિભાવી લેવો, એવી યાચના કરવાનો રિવાજ પડી ગયો છે. મને મારા પોતાના સંબંધે તેમ કરવું નિરર્થક અને અકારણ દીનતા દર્શાવવા જેવું જણાય છે ક્ષમા-યાચના માત્ર એજ વિષય પરત્વે હોઇ શકે કે જે વિષય ઉપર કૃતિકાળે કર્તાએ પોતાનો કાબુ ગુમાવી અથવા પોતાના રાગદ્વેષથી બંધાઇને ભૂલ કરી હોય તથા કૃતિ બહાર આવતા સુધી પોતાની સ્પષ્ટ ભુલ સુધારવાનો તેને પ્રસંગજ ન મળ્યો

હોય. મારા સંબંધે તેવું કશુંજ નથી. તો પછી યાચના શા માટે ? મને પોતાને આ કૃતિના વિષય સંબંધે જે યુક્તિસંગત અને ન્યાય્ય જણાયું તેનો મેં બુદ્ધિ પુરઃસર અને નિર્ભયપણે અક્ષરરૂપે બહિર્ભાવ શોધ્યો છે. બુદ્ધિ અને શ્રદ્ધાનો વિરોધ, મનુષ્ય હૃદયના ધર્મોનું નિર્માણ થયું તે કાળનો જુનો છે; અને તેથી જ્યાં જ્યાં બુદ્ધિ અને વિવેકના પ્રોત્સાહનને અનુસરવામાં સમાજની શ્રદ્ધાગત રૂઢ ભાવનાને હું સાચવી શકયો ન જણાતો હઉં ત્યાં ત્યાં મને ખાત્રી છે કે મારા શ્રદ્ધા-નિર્ભર બંધુઓને તેમની મતારૂઢતાના પ્રમાણમાં જરૂર ક્ષોભ અનુભવાશે. સ્વાતંત્ર્યનું સંરક્ષણ અને ક્ષોભનું શમન એ ઉભયનો યુગપત્ આવિર્ભાવ અશકય છે. આથી મેં એમજ નિશ્ચય કર્યો છે કે એ ક્ષોભમાંથી ઉદ્‌ભવતું પરિણામ પછી તે ગમે તે હો તે સહી લેવા મારે તૈયાર રહેવું, પરિણામ ભોગવવા હું તત્પર છું. મારા આ પ્રકારના નિવેદનને કોઈ ઉદ્ધત્ત પણના અર્થમાં ગ્રહે તો તે યોગ્ય નથી. કેમકે પોતાની કૃતિ નિર્ભયપણે બહાર લાવ્યા પછી તેના શુભાશુભ ફળથી નાસી છુટવાનો પ્રયત્ન કરવો એને હું ભીરૂતા સમજુ છું.

વિશેષ તો એમ છે કે આ આખો લેખ એકવાર પ્રથમ માસિક પત્રદ્વારા પ્રસિદ્ધ થયો હતો. તેમાં કોઇપણ બંધુએ આજસુધી ટીકા, સુચના અથવા સુધારારૂપે કશું સૂચવ્યું નથી. હજીપણ કોઇ વ્યાજબી રીતે તેમ કરશે તો તે ઉપકાર પૂર્વક સ્વીકારીશ. તેમ કરવામાં દુરાગ્રહ રાખવો સૌજન્યથી ઉલટું છે. મારે આટલું નિવેદન કરવાનો પ્રસંગ એ કારણથી પ્રાપ્ત થાય છે કે પૂર્વે આ પ્રકારના કેટલાએક કિસ્સાઓમાં સંઘ બ્હાર કે શાસન બ્હારનો મિથ્યા ભય દર્શાવી., 'જો હુકમી' થી કામ લેવામાં આવ્યું હતું. મારા પોતાના અંતઃકરણને એ ભય સ્પર્શી શકતો નથી. કેમકે મારા પોતાના અધિનમતને ખાતર હું મારા બંધુઓ તરફના ગમે તેવા વર્તનને સહી લેવા નિરંતર તત્પર રહું છું.

હવે, જો હું વાચકવર્ગની તરફથી કોઇપણ પ્રકારની ઉદારતાની આશા રાખતો હઉં, તો તે એટલીજ છે કે તેમણે જે કાંઇ ઉહાપોહ કરવો હોય, તે સભ્યતા અને વિવેક મર્યાદામાં રહીનેજ કરવો. કારણકે એથી સમાજને જે સત્ય પ્રાપ્ત થવા યોગ્ય હોય છે, તે અનાયાસે પ્રાપ્ત થાય છે. એટલા માટે મારે આ યાચનાને અંતે જે કાંઇ કહેવાનું છે તે એટલુંજ છે

કે, સમગ્ર લેખની જવાબદારી અને ગુણ દોષનો ટોપલો હું મારે શીરજ રાખું છું, તોપણ ગ્રંથના લેખક કે પ્રકાશક પ્રત્યે કાંઈ કટાક્ષ કે અસભ્યતા ન દાખવતાં, પોતાની ચર્ચામાં ઔદાર્યવૃત્તિ તથા વિવેકબુદ્ધિ સાચવી રાખવી, એજ એક મારી વિનિતભાવે યાચના છે.

ભીમજી હરજીવન પરીખ.

ભૂમિકા

પ્રભુના અવતરણનું મહત્વ

મહાવીર પ્રભૂના અવતરણનું મહત્ત્વ શેમાં સમાએલું હતું અથવા જે સમાજ કે દેશમાં તેઓ અવતર્યા હતા, તેમનું કલ્યાણ સાધવા માટે કેવા વિઘ્નોની સામે તેમને થવાનું હતું તે ઉપર પ્રસંગોપાત આપણે દ્રષ્ટિ ફેરવવી જોઇએ. આ વિશ્વક્ષેત્ર ઉપર દૈવી અને જગદુદ્ધારક તનુઓના પ્રાદુર્ભાવમાં પ્રવર્ત્તતા અનેક નિમિત્તોનું અવલોકન કરતાં જણાય છે કે જ્યારે સમાજ અથવા પ્રજાનો એક બળવાન અને સત્તાધારી વિભાગ પોતાના સ્થુલ સ્વાર્થનું રક્ષણ કરવા માટે અસત્ય અને અધર્મનો પક્ષ લઇ, પોતાથી અલ્પ શકિતમાન વિભાગને સત્યથી વંચિત રાખે છે ત્યારે તે આક્રમિત અને પરાજીત થયેલ સત્યની ભસ્મમાંથી એક એવું દિવ્ય સ્ફુલીંગ પ્રકટે છે કે જેની પ્રખર જવાળામાં આખરે અધર્મ અને અનીતિનો લય થાય છે. અને તેમ હોવાથી એ દિવ્ય સ્ફુલીંગમાં—એ દિવ્ય વિભૂતિના પ્રાદુર્ભાવમાં જેટલો નીતિનો નહીં તેટલો અ-

નિતિનો અને ધર્મનો નહીં તેટલો અધર્મનો ફાળો હોય છે. પરાભવ પામેલા સત્યને તેનાં મૂળ ગૌરવયુક્ત સ્થાન ઉપર પ્રતિષ્ઠિત કરવા અર્થેંજ મહા પુરૂષોનું અવતરણ હોય છે. દૈવી અને આસુરી સત્વોના વિગ્રહમાં જ્યારે આસુરી તત્ત્વ પોતાના ઉચ્ચ પ્રકારના સ્થૂળ બળના પ્રભાવથી દૈવી સત્યને દબાવી દે છે, અને પોતાનું અધર્મશાસન પ્રવર્ત્તાવે છે ત્યારે તેના પ્રતિશાસક તરીકે દૈવી સત્વનો પક્ષ લઇ અસત્યનું નિકંદન કરવા માટે કુદરતના ગર્ભાગારમાંથી એક અમોઘ વીર્યવાન્ આત્મા જન્મે છે. આ મહા સત્વને લોકો "અવતાર" ની સંજ્ઞા આપે છે. તેવા પુરૂષોના અવતરણનો હેતુ, જગત્‌ની સર્વદેશીય પ્રગતિના અવરોધક કારણોને દૂર કરવાનો હોય છે. મહત્તા એ એકલા સામર્થ્યને લઇને નથી, પણ વિઘ્નોનો પરિહાર કરવામાં તે સામર્થ્યનો જે ઉપયોગ થાય છે તેને લઇને છે. અને તે પણ જેટલા પ્રબળ અંતરાયો અને પ્રતિબંધો સામે લડવામાં તે વપરાયું હોય તેટલા પ્રમાણમાંજ છે. જગત્‌માં જે જે મહાન પુરૂષો મહત્તા પ્રાપ્ત કરી ગયા છે, તે માત્ર તેમના અંતર્ગત સામર્થ્યના પ્રભાવથીજ નહીં,

પણ તે સામર્થ્યને અધર્મની સામે વિરોધમાં રોકી આખરે અધર્મને પરાસ્ત કરવાથી જ ગણાયા છે. જે સામર્થ્ય કાર્યશૂન્ય છે, તેની જગત્‌ને ખબર જ પડતી નથી. કહેવાનો આશય એટલો જ છે કે મહાપુરૂષોના મહત્વનું ઉપાદાન "અધર્મ અથવા અસત્યની સામે લઢવામાં પોતાના સામર્થ્યનો કરેલો ઉપયોગ" છે. વસ્તુતઃ એ મહાન આત્માઓને આ-કર્ષનાર અધર્મ નથી. પણ અધર્મનું પ્રાબલ્ય જ્યારે સત્યના સ્વરને ગુંગળાવી નાંખે છે, ત્યારે તે વખતે દુઃખાર્ત્ત થયેલા સત્વનો અંતઃપુકાર તે મહાત્માને સાદ કરે છે. છતાં મહાજનોનું ખરૂં મહત્વ, અધર્મ-અસત્ય અનીતિનેજ આભારી છે. રામની મહત્તા રાવણના અધર્મથીજ બંધાયેલી છે. કૃષ્ણનું ઐશ્વર્ય કૌરવોની અનીતિથીજ જગત્‌ને સ્પષ્ટ થવા પામ્યું છે. એજ પ્રમાણે પ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રમાં જે જે પુરૂષોએ કાંઇ પણ મહત્તા પ્રાપ્ત કરી છે તે, તે તે ક્ષેત્રમાં રહેલા હલકા સત્વનો પરાજય કરવાથી જ પ્રાપ્ત થયેલી છે. મહત્તાનું-મહાવીરતાનું આ ધોરણ દૃષ્ટિમાં રાખી, મહાવીર પ્રભુનું મહત્ત્વ શામાં રહેલું છે, એ અવલોકવાનો પ્રસંગ પ્રસ્તુત પુસ્તકમાં લીધો છે.

હવે, મહાવીર સ્વામીએ કઈ અનીતિ તથા અસત્ય સામે લડત ચલાવી, અને જગત્માં કયા આવશ્યક તથા ઉપયોગી તત્ત્વો દાખલ કર્યાં, તે જોઇ જવું જોઇએ. ૨૫૦૦ વર્ષ પહેલાં આર્યાવર્ત્તની ધર્મભાવનામાં મહાન્ પરિવર્ત્તન શરૂ થયું હતું. ઉપનિષદ્ અને ગીતાના વિશુદ્ધ તત્ત્વો લુપ્તપ્રાય થયા હતા, તેનું સ્થાન માત્ર અર્થહીન આચારો, હેતુશૂન્ય વિધિઓ અને કંટાળાભરેલી ક્રિયાઓની પરંપરાએ લીધું હતું પારમાર્થિક રહસ્યની છેક જ વિસ્મૃતિ થઇ હતી, અને દેવ-દેવીઓની સંખ્યા એટલી ઝડપથી વધતી ચાલી હતી કે સર્વને સંતુષ્ટ રાખવાના મહાન્ બોજામાં મનુષ્યોને પોતાના આત્મકલ્યાણનો અવકાશ જ રહેતો નહોતો. જે ગૌરવ, જે સન્માન જે મહત્ત્વ, પોતાના ગુણ અને કાર્યના પ્રભાવથી પૂર્વે સ્વીકારાતા હતા, તે હવે બ્રાહ્મણો પોતાના પરંપરાગત હક્ક તરીકે ગણવા લાગ્યા હતા. જ્ઞાતિની મર્યાદાઓ અત્યંત સાંકડી થઈ ગઇ હતી, અને સ્થૂળ કીમતના બદલામાં બ્રાહ્મણો લોકોને પારમાર્થિક શ્રેયની લાલચ

આવશ્યક અને ઉપકારક તત્વની પ્રતિષ્ઠા.

આપી, તેમની વતી ક્રિયાકાંડમાં પ્રવર્તતા હતા. સમાજની શ્રદ્ધાને અધમ રસ્તા ઉપર ઘસડવામાં આવતી હતી; અને તેનો અણુઘટતો લાભ તે કાળના બળવાન વિભાગે-બ્રાહ્મણોએ લેવા માંડયો હતો. ધર્મભાવનાનું જીવંતપણું વિલુપ્ત થઇ માત્ર સંપ્રદાયનું સાંકડાપણું અને ક્રિયાકાંડની જડતા અવશેષ રહી હતી. પ્રભુ મહાવીરના કાળથી પાંચસેં વર્ષ ઉપર લગભગ આવી જ વસ્તુસ્થિતિ હતી. પ્રભુની વિદ્યમાનતામાં પણ ખેદ ઉપજાવે તેવા યજ્ઞ—યાગો પુર જોસથી ચાલતા હતા. છતાં સૌભાગ્યનો વિષય એ હતો કે તે કાળે કેટલાક સમજુ ઋષિઓ એવી ક્રિયાઓનું તુચ્છપણું સ્પષ્ટરૂપે જોઇ શકયા હતા; એટલું જ નહી પણ પરમાર્થિક શ્રેય માટે તેનું-ક્રિયાકાંડોનું નિરૂપયોગીપણું, સમાજને દર્શાવી આપ્યું હતું, અને તેમણે ઉપનિષદોની રચના કરી તેના રહસ્યો ભણી તેમનું લક્ષ ખેંચ્યું હતું. અસંખ્ય ન્હાના-મ્હોટા દેવોને હડસેલી પાડી, તેનું સ્થાન સમસ્ત નિસર્ગનું મહારાજ્ય, જે એક પરમ તત્ત્વવડે વ્યાપી રહ્યું છે, તેને આપવામાં આવ્યું હતું. વરૂણ, અગ્નિ, સુર્ય વિગેરે અનેક સત્વોને પ્રસન્ન રાખવા

અને તેઓ જગત્‌ના વ્યવહારમાં ડખલ ન કરે તે માટે યજ્ઞાદિકથી સંતોષવાનો પ્રચાર, પરમબ્રહ્મની વિશુદ્ધ ભાવનાના બળવાનૂપણાથી ગૌણપણાને પામ્યો હતો; અને તેથી બ્રાહ્મણોની વૃત્તિના સ્વાર્થી અંશને આઘાત પહોંચવા પામ્યો હતો. તેમ છતાં પણ ઉપનિષદ્‌ના રહસ્યોથી સમાજના ડાહ્યા અને પ્રગતિ શીલ વિભાગ ઉપર એવી ઉત્તમ અસર થઇ હતી કે ઘણાં કાળ પર્યંત યજ્ઞાદિક ક્રિયાકાંડનું જોર પ્રવર્તી શકયું નહી. સમાજનું લક્ષ, પ્રાકૃતિક સત્વોને ખાસ કરીને સંતુષ્ઠ રાખવા, તેના કરતાં પારલૌકિક જીવન અને આત્માના સ્વરૂપ સંબંધે, બહુ આવેગ પૂર્વક આકર્ષાયું હતું છતાં એ સ્થિતિ ઘણો કાળ નભી શકી નહીં. લગભગ ત્રણસેં-ચારસેં વર્ષ સુધી તેની અસર ન્યૂનાધિકપણે રહી, પણ મહાવીર દેવના આવિર્ભાવ કાળે તે જરી-પુરાણાં સત્વો—સામર્થ્યો પાછા બળમાં આવી ગયા હતા. તાત્વિક વિભાગ તરફ લોકોની રૂચી મંદ પડી ગઈ હતી. ધર્મગુરૂઓ લાંચ-રૂશ્વત લઇ સ્વર્ગ અને મોક્ષ સુધીનો પરવાનો આપવાના ધૃષ્ટતા બતાવવા લાગ્યા હતા. શાસ્ત્રાભ્યાસ કે સ્વતંત્ર વિચારણા માટે બ્રાહ્મણો સિવાય કોઇને

પણ અધિકાર હોય એમ મનાતું જ નહોતું. યજ્ઞાદિક કર્મના અધિકાર માટે બ્રાહ્મણો, ક્ષત્રીઓ, અને વૈશ્યો વચ્ચે જબરી તાણાતાણી ચાલી રહી હતી. આચાર-વિચારના નિયામક સુત્રોમાંથી અર્થ ઉડી ગયો હતો; અને માત્ર શબ્દના ખાલી ખોખાં પડયા રહ્યાં હતાં. સમયના બદલાવા સાથે આચાર પણ બદલાઇ જવાથી, આખો આચારકાંડ, ગંધાતા જળના ખાબોચીયા જેવો બની ગયો હતો. આત્માના ચાલ્યા ગયા પછી, પાછળ પડી રહેલા પીંજરના જેવી સ્થિતિ પ્રત્યેક સ્થળે પ્રવર્તતી હતી. મતલબ કે ઉન્નતિક્રમ અને પ્રગતિશીલતાના ચક્રો, જુના વિચારના કીચડમાં એટલી હદે ખુચી ગયા હતા કે તેને પાછા સડક ઉપર ચાલતી સ્થિતિમાં મુકવા માટે એક વીર આત્માના અવતરણની ચોતરફ એક સરખી આશાથી રાહ જોવાતી હતી.

મહાવીર પ્રભુના આવિર્ભાવ કાળે કેવી વસ્તુસ્થિતિ વર્તતી હતી તેનું વર્ણન મી. દત્ત આ પ્રમાણે આપે છે.

Such was the state of things in India, in the sixth century before Christ. Religion

in its true sense had been replaced by forms. Excellent social aud moral rules were disfigured by the unhealthy distinctions of caste, by exelusive privileges for Brahmins, by cruel laws for Sudras. Such exclusive caste privileges did not help to improve the Brahmans themselves as a community they became grasping and covetous, ignorant and pretentions until Brahman Sutrakaras themselves had to censure the abuse in the strongest terms. For the Sudras, who had come under the shelter of the Aryan religion there was no religious instruction, no religions observance, no social respect. Despised and degraded in the community in which they lived, they signed for a change and the invidious distinction became undearable as they increased in number, pursued various useful industries owned lands and villages and gained in influence and power. Thus society, was held in cast iron moved which it had long outgrown; and the secal, religion and legal

literature of the day still proclaimed and upheld the cruel injustice against the Sudra long after the Sudra had become civilized and industrious, and a worthy member of society.

અર્થાત્—"૨૫૦૦ વર્ષ પહેલાં આર્યાવર્તની સ્થિતિ આવી હતીઃ-ધર્મની યથાર્થ ભાવનાનો નાશ થઇ તેનું સ્થાન અર્થહીન આચાર-વિચારે લીધું હતું. ઉત્તમ સામાજીક અને નૈતિક નિયમો, દુષ્ટ જ્ઞાતિભેદથી અને બ્રાહ્મણો માટે ખાસ હક અને શુદ્રો માટે ઘાતકી ધારાઓથી, વિકૃત થયા હતા. આવા જ્ઞાતિજન્ય વિશેષ અધિકારથી બ્રાહ્મણોની સ્થિતિ ઉલટી બગડવા પામી. આખા સમાજ તરીકે તેઓ એટલી હદે લોભી અને લાલચુ, અજ્ઞાન અને અભિમાની બની ગયા કે બ્રાહ્મણ સુત્રકારોને પણ આ વસ્તુસ્થિતિની ઘણી સખ્ત ભાષામાં ઝાટકણી કાઢવી પડી હતી. શુદ્રો કે જેઓએ આર્યધર્મના છત્ર તળે આશ્રય લીધો હતો તેમને માટે ધાર્મિક શીક્ષણ અને વ્રતક્રિયાનો નિષેધ હતો. સામાજીક સન્માન તેમને માટે મુશ્કેલ ન્હોતું. જે સમાજમાં તેઓ વસતા હતા તેમના તરફથી તિરસ્કાર અને ધિક્કાર પામવાથી તેઓ

કાંઈક પરિવર્તન માટે આતુરતાથી રાહ જોતા હતા, અને જેમ જેમ તેઓની સંખ્યા વધતી ચાલી, ઉપયોગી હુન્નર, ઉદ્યોગમાં પ્રવિષ્ટ થતા ગયા, જમીન અને ગામોના માલેક બનતા ગયા, અને તેમનો પ્રભાવ અને સત્તા વિસ્તરતા ગયા, તેમ તેમ આવી દ્વેષયુક્ત જ્ઞાતિભિન્નતા તેમને અસહ્ય થતી ગઈ. આ પ્રમાણે આખો સમાજ વજ્રતુલ્ય દૃઢ ખોખામાં ગોંધાઈ રહ્યો હતો. શુદ્રો સભ્યતા અને ઉદ્યોગમાં આગળ વધવા છતાં અને સમાજના સભ્ય તરીકે લાયક થવા છતાં તે કાળનું સામાજીક, ધાર્મિક અને કાયદા સંબંધીનું સાહિત્ય તેમના પ્રત્યે અધમ અન્યાય વર્તાવી રહ્યું હતું."

ઉન્નતિના આવા અવરોધક કારણો દૂર કરવા માટે એક પ્રબળ શક્તિમાન્ વીર આત્માના પ્રાદુર્ભાવની જરૂર હતી. ઘણા કાળના એકત્ર થયેલા કચરાના ઢગલાઓને ઝાડી કાઢયા વિના, સમાજથી એક પગલું પણ આગળ વધાય તેમ નહોતું. જીવનના આત્મિક અંશોને મૂર્છાવસ્થામાંથી પાછા ચેતનવંત કરવા માટે એક જીવનપ્રદ અમીપ્રવાહની આવશ્યક્તા હતી. તે કાળે જીવન વ્યવહાર તદ્દન પ્રાકૃત કોટીનો થઈ ગયો

હતો અને તેથી લોકોની લાગણીનું બળ થંડું થઇ જવાથી પરમાર્થ પ્રવૃત્તિનો વેગ શિથિલતાને પામ્યો હતો. ક્રિયા, રૂઢી અને અર્થહીન મંતવ્યોના પ્રાબલ્ય-થી સામાજીક જીવનમાં એક માર્ગીપણું (monotony) વ્યાપી ગયું હતું. લોકહૃદયની કરમાઇ ગયેલી ઉચ્ચ વૃત્તિઓને પુનઃ પ્રફુલ્લ કરવા માટે વૃષ્ટિની રાહ આ-તુરતાપૂર્વક જોવાતી હતી. ધર્મ ભાવનાના નાશ સાથે પ્રજા-જીવનની સમસ્ત ભાવનાઓને આઘાત પહોંચ્યો હતો. આ બધા અંતરાયોને તોડવા માટે એક વિશિષ્ટ શક્તિનું પરિસ્ફોટન થવુંજ જોઈએ.

આ વિકટ મામલામાં, સાહિત્ય સમ્રાટ ડૉ. રવીં-દ્રનાથ ટાગોર કહે છે તેમ Mahavir proclaimed in India the message of salvation that religion is a reality and not a mere social convention, that salvation comes from taking refuge in that true religion. and not form observing the external ceremonies of the Community,-that religion can not regard any barrier between man and man as an eternal verity. Wondrous to relate, this teaching rapidly overtopped the barriers

of the race's abiding instinct and conquered the whole country. For a long period now the influence of Kshatriya teachers completely suppressed the Brahmin power.

અર્થાત્‌:—“ મહાવીરે ડીંડીમ્‌ નાદથી એવો મોક્ષનો સંદેશ હીંદમાં વિસ્તાર્યો કે, ધર્મ એ માત્ર સામાજીક રૂઢી નહીં, પણ વાસ્તવિક સત્ય છે. મોક્ષ એ સાંપ્રદાયિક બાહ્ય ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી પણ સત્ય ધર્મના સ્વરૂપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે, અને ધર્મમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી કહેતાં આશ્ચર્ય ઉપજે છે કે આ શીક્ષણે, સમાજના હૃદયમાં જડ ઘાલીને બેઠેલી ભાવનાઓ રૂપી વિઘ્નોને ત્વરાથી ભેદી નાંખ્યા, અને આખા દેશને વશીભૂત કર્યો. ત્યાપછી ઘણા કાળ સુધી આ ક્ષત્રીય ઉપદેશકોના પ્રભાવ-બળથી બ્રાહ્મણોની સત્તા અભિભૂત રહી હતી.”

પ્રભુએ દેશની પ્રચલિત ભાષામાં સાદી અને સરળ રીતે સત્યના પ્રભાવને જનહૃદયમાં અંકિત કર્યો, અને આત્મધર્મના સ્વરૂપને તેના ગૌરવ સ્થાન ઉપર પ્રતિષ્ઠિત કરી, લોકોને ઘણા કાળની મોહનિદ્રામાંથી જગાડ્યા. પ્રભુ જાણતા હતા કે સમાજ ઉપર ખરી

અસર બ્રાહ્મણો દ્વારા જ થઇ શકશે કેમકે તે જમાનામાં તેમનું જોર પ્રબળપણે વર્તી રહ્યું હતું. તેથી તેમણે પોત્તાના પ્રભાવનો પ્રથમ ઉપયોગ તે કાળના મુખ્ય અને વિદ્વાન્ બ્રાહ્મણોને પોતાના પક્ષમાં લેવામાં કર્યો. જૈન ગ્રંથોમાં ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ આદિ અગ્યાર સુવિખ્યાત બ્રાહ્મણોને પ્રભુ આગળ દીક્ષા લીધાની જે હકીકત અસ્તવ્યસ્ત આકારમાં આ કાળે રહેવા પામી છે તે એજ વાતનું સમર્થન કરે છે કે, પ્રભુએ સર્વથી પ્રથમ જેના વડે સમાજની પ્રગતિ અવરોધ પામી હતી તેવા બ્રાહ્મણોને પોતાના પક્ષમાં લેવા ઉદ્યોગ કર્યો હતો. પ્રભુના અગીઆર ગણધરો પ્રથમ ક્રિયાકાંડી બ્રાહ્મણો હતા અને પ્રભુના ઉપદેશથી અનુરંજીત થઇ, પોતાના મોટા શિષ્ય સમુદાયો સહિત તેમના શરણે આવ્યા હતા.

તે પછી ઘણા કાળસુધી પ્રભુનું પ્રવર્તાવેલું શાસન વિજયવંતુ–ચેતનવંતુ રહ્યું. તેમણે મુક્તિનો અધિકાર મનુષ્ય માત્રને માટે સરખા હકથી સ્થાપિત કર્યો. પુરૂષો અને સ્ત્રીઓ માટે સુમર્યાદિત સુઘટિત અને ઉત્તમ વ્યવસ્થાપુરઃસર મઠોની સ્થાપના કરી. અને લોકોના રાગદ્વેષ સ્વચ્છંદે ન દોરાઇ જાય તે

માટે વિકટ આચારમાર્ગની ઘટના કરી.

પ્રભુના ઉપદેશ-સ્વરૂપની મિમાંસામાં ઉતરવાનું અમોએ યોગ્ય ધાર્યું નથી, છતાં એટલું કહેવું જોઈએ કે તેમણે તે કાળમાં મુખ્ય બે વાત ઉપર વધારે ભાર મુકી તેની અસર સમાજ ઉપર દૃઢપણે વિસ્તારી હતી. (૧) પ્રાણી માત્રને જીવવાનો એક સરખો હક્ક છે, માટે "જીવો અને જીવવા દો" (Live and let live) નો સિદ્ધાંત અને (૨) પોતાના કલ્યાણ માટે કોઈ ઇતર બાહ્ય શક્તિ ઉપર કે તેના પ્રસાદ (favour) ઉપર આધાર કે અપેક્ષા ન રાખતા સ્વશક્તિનું અવલંબન લેવાનો સિદ્ધાંત. આ બે સત્યોના પ્રકાશનની તે યુગમાં અત્યંત જરૂર હતી. જો કે તે સત્યો તદ્દન સાદા અને એક બાળકથી પણ અજ્ઞાત ન રહી શકે તેવા સર્વવિહિત છે; તો પણ જ્યારે તેવી સદ્‌ભાવનાઓનો લોપ થવા બેઠો હોય છે, ત્યારે આખા દેશ બલ્કે આખા જગત્‌ને ઘણીવાર તેનું એક સાથે વિસ્મરણ થઈ જાય છે અથવા બીજી પ્રબલ વિરોધી ભાવનાઓની સત્તામાં તે દબાઇ જાય છે. તે કાળે પણ તેમજ થવા પામ્યું હતું. લોકો આત્મ કલ્યાણના મુખ્ય નિશ્ચયોની અ-

વગણના કરી, પોતાના હિત સાધન તરીકે નાના મોટા અસંખ્ય દેવ દેવીઓને સંતુષ્ટ રાખવા માટે પ્રાણી હિંસાયુક્ત યજ્ઞ યાગાદિકની ભ્રમજાળમાં પડયા હતા. આ હિંસાપ્રધાન ધર્મને નામે ચાલતી ક્રિયાઓ સામે મહાવીરે સખ્ત લડત ચલાવી જીવ દયાનો સિદ્ધાંત ફેલાવ્યો, જે માટે અનંત મુંગા પ્રાણીઓ પોતાની મુક વાણીમાં આજે પણ તે પ્રભુનો ઉપકાર ગાય છે.

लेखक.



પ્રથમાવૃત્તિ.

ઉપકાર પ્રસંગ.

આ પુસ્તક સજ્જન વાંચકોના કરકમળમાં મુકતાં પહેલાં જે જે ગૃહસ્થોએ અમોને અમારા આ કાર્યમાં સહાય આપી ઉત્તેજીત કર્યા છે, તેમનો, તથા અગાઉથી પુસ્તકનાં ગ્રાહક થઈ ઉત્તેજન આપ્યું છે તેમનો ઉપકાર માનવાનો આ પ્રસંગ અમો જતો કરી શકતા નથીઃ—

શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહે આ પુસ્તકમાં ચિત્ર—પ્રસંગો શોધી આપવા માટે તથા તેનું રેખાસૂચન કરવા માટે જે શ્રમ લીધો છે, તે અર્થે તેમનો તથા શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ.

શ્રીયુત માસ્તર કાનજી કરમશી શાહ-મુંબઇ, શ્રીયુત ચત્રભૂજ દેવરાંધ-કચ્છ-જખૌવાળા, હાલ કોચીન, તથા શ્રીયુત ભાણજી પાસવીર કચ્છ-તેરાવાળા, હાલ પાંચોરા, અને શેઠ શામજી વીરજી કચ્છ-નળીયા વાળા, ઇત્યાદિ માનનીય સદ્‌ગૃહસ્થોએ આ પુસ્તકનો બહોળો ફેલાવો કરવા જે શ્રમ લીધો છે, તે બદલ અમો ચિરકૃતજ્ઞ છીએ, એમ કહ્યા સિવાય રહી શકતા નથી.

આ સિવાય પ્રેસવાળા મેનેજર તથા ચિત્રકાર વિગેરે-એ ટુંકી મુદતમાં અનેક પ્રકારની તૈયારીઓ અમોને કરી આપી, તે માટે પણ અમે તેમનો આભાર માનવાનું યોગ્ય ધારીએ છીએ.

પ્રકાશક.

શ્રી મહાવીર જીવન-વિસ્તાર

શ્રી મહાવીર જીવન-વિસ્તાર.

જે મહાયોગીના યોગસામર્થ્યની આરંભક પ્રેરણાવડે ગતિમાન થયેલું શાસનચક્ર આજે ૨૪૦૦ વર્ષથી અનેક મહાભાગ જીવોના ઉદ્ધારનું નિમિત્ત થયેલું છે, અનેક ભવ્ય જીવોને શ્રદ્ધા, શાંતિ અને આશ્વાસન પ્રબોધી રહ્યું છે, અને હજી ભાવિમાં તેની ગતિના વેગ પર્યંત અનેક પ્રાણીઓને પરમ પથમાં દોરી જવા નિર્માએલું છે, તે વર્તમાન શાસનના આદ્યદ્રષ્ટા, પરમયોગી, સિદ્ધાર્થકુલકિરિટ, શ્રી મહાવીર પ્રભુને આ કાર્યના આરંભમાં, ત્રિકરણયોગે સાષ્ટાંગ પ્રણતિ પરંપરા સમર્પું છું.

ઘણા મહા પુરૂષોના જન્મ સંબંધે તેમના અનુયાયી સમાજે પાછળથી ઘણી અશ્રદ્ધેય બાબતો દાખલ કરેલ હોય એમ જોવામાં આવે છે. જેસસક્રીસ્ટ, કૃષ્ણ, મહાવીર, વિગેરે મહાન્ ધર્મ પ્રવર્ત્તક પુરૂષોના જન્મના વ્યતિકરની આસપાસ તેમના ભક્તજનોની શ્રદ્ધાએ પાછળથી એવું અદ્‌ભૂતપણાનું વાતાવરણ જમાવેલું છે કે તેવી વાતોને આ બુદ્ધિવાદનો યુગ સત્ય માને એ અસંભવિત છે. જેસસના જન્મ

સંબંધે તેમની માતા "મેરી" ને કન્યાવસ્થામાં ગર્ભ રહ્યો હતો. શ્રી કૃષ્ણના શરીરને, જન્મતાં જ દૈવી સહાયથી, જ્યાં પક્ષી પણ ન જઇ શકે તેવાં સ્થાનમાં લઈ જવામાં આવ્યું હતું. તેજ પ્રકારે શ્રી મહાવીર પ્રભુના સંબંધે પણ એમ બનેલું શાસ્ત્રો કહે છે કે દેવાનંદા નામની સ્ત્રીના ઉદરમાંથી સૌધર્મ દેવલોકના ઇન્દ્રે, તે પ્રભુના ગર્ભ-શરીરનું હરણ કરી તેમને ઇક્ષ્વાકુ કુળના સિદ્ધાર્થ નૃપતિની પટ્ટરાણી ત્રિશલાદેવીના ગર્ભમાં સ્થાપ્યો અને ત્રિશલાદેવીના ગર્ભને દેવાનંદના ઉદરમાં સ્થાપ્યો.

આવા અલૌકિક વ્યતિકરોને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો અથવા તેમ થવું સંભવિત છે એમ જણાવવાની આ વિજ્ઞાનના યુગમાં હીંમત ધરવી એ ડહાપણભર્યું નથી. જે વાતને મનુષ્યની બુદ્ધિ શકયતા અથવા સંભવનીયતાના પ્રદેશની બહાર ગણે છે તે વાતને માત્ર શ્રદ્ધા અને શાસ્ત્રના વાકય ઉપર નિર્ભર રહી ઠસાવવા પ્રયત્ન કરવો એ અયોગ્ય છે, છતાં જેઓની મતિ અસામાન્ય અને દૈવી સત્તાના કાર્યમાં શ્રદ્ધાવાળી છે તેમને માટે, ઉપરોક્ત ગર્ભાંતરની બી-

નામાંથી એક ઉત્તમ સાર પ્રકટે છે. તે એ છે કે મહાવીર પ્રભુએ પૂર્વ ભવમાં મરિચિના જન્મમાં પોતાના કુળ સંબંધી ગર્વ કર્યો હતો તેથી તેમને ભિક્ષુકના ઘરે ગર્ભમાં રહેવું પડયું હતું. મદ, અહંતા, અભિમાન એ એક એવો ભાવ છે કે જ્યારે તે મનુષ્ય હૃદયમાં ઉત્પન્ન થાય છે, ત્યારે તેના ઉચ્ચ પદ ઉપરથી ભ્રષ્ટ થઈ તે આત્મા નિકૃષ્ટસ્થાનની સ્થિતિ ઉપાર્જે છે. કાર્યની સાથે તેનું ફળ, પ્રયત્નની સાથે તેનું પરિણામ, આઘાત સામે તેનો પ્રત્યાઘાત અને ભાવના સાથે તેનો બદલો સંકળાએલો જ છે. આત્મા જ્યારે ગર્વના ભાવને વશીભૂત બની તેનાથી હલકી કોટીની સ્થિતિને ધિક્કારે છે—અને ગર્વ સાથે ધિક્કાર જોડાએલો હોય જ છે-ત્યારે તે જે સ્થિતિ અથવા વસ્તુને ધિક્કારે છે; તેજ મેળવવા તે પ્રયત્ન કરતો હોય છે. આત્મા જે અવસ્થાઓને ઉલ્લંઘીને આગળ વધ્યો છે તે અવસ્થાઓ પ્રતિ તેણે કદીપણ ઘૃણા અથવા દુગંછા કરવી યોગ્ય નથી. તેમજ જે ઉચ્ચ સ્થાનનો પોતે ભોક્તા છે તેથી મદાંધ પણ થવું ઘટતું નથી. ગર્વીષ્ટ મનુષ્ય ઉન્નતિક્રમમાં આગળ વધી શકતો નથી. કેમકે તેની વર્તમાન સ્થિતિમાં તેને મિથ્યા

સંતોષ રહે છે, અને તેની નીચેની ભૂમિકાવાળા પ્રત્યે દ્વેષયુક્ત રહે છે. કેમકે તેમની સ્થિતિનો તે પોતાના ઉપર આરોપ કરી તેમાંથી કંટાળો અનુભવે છે. આ પ્રકારે ગર્વીષ્ટ આત્મા એક તસુ પણુ આગળ તો વધતોજ નથી. એટલુંજ નહી પણ કર્મની ન્યાયી-સત્તા તેને તેના ઉચ્ચ સ્થાનમાંથી હડસેલી પાડી તે જે સ્થિતિને ધિક્કારે છે તેમાં લાવી મુકે છે. મહા-વીર પ્રભુને પણ તેમજ થયું હતું. તીર્થંકર જેવા અત્યંત પ્રભાવશાલી શુભ નામકર્મની પ્રકૃતિ ઉપાર્જવા છતાં તે અભિમાનનું ફળ તેમને કર્મફળપ્રદાત્રી સત્તા આપ્યા વિના રહ્યું નહીં. પ્રથમ તેમને એક દારીદ્રય-યુક્ત કુટુંબમાં બ્રાહ્મણીના પેટે આવવું પડયું હતું. ગર્વ એ મહા પુરૂષોને, પણ કેવો અનર્થકર નીવડે છે તેનું આ એક સુબોધમય દ્દષ્ટાંત છે.

પ્રભુના જન્મ પછી તેમનું જન્મ કલ્યાણક ઉજ-વવા માટે સૌધર્મ ઇન્દ્ર, પ્રભુને મેરૂગિરિ ઉપર લઇ ગયા અને તે વખતે બીજા ત્રેસઠ ઇન્દ્રો પણ તેમને સ્નાત્ર કરવા માટે આવ્યા. જે વખતે તીર્થના સુગંધી જળવડે પ્રભુનો અભિષેક મહોત્સવ કરવાની તૈયારી થતી હતી, તે વખતે સૌધર્મ ઇન્દ્રને શંકા થઇ કે

પ્રભુનું બાળ શરીર, જળની આવી વિપુલ ધારાને કેવી રીતે સહન કરી શકશે ? ઇન્દ્રીય સુખનો જ જેને એકાંતપણે ઉદય વર્તે છે એવા ઇન્દ્રને, તે વખતે, સામર્થ્યના વાસ્તવ પ્રભવસ્થાનનું વિસ્મરણ થયું. શક્તિ એ માત્ર શરીરના હાડ, માંસ અને ચર્મના બંધારણને અવલંબી રહી છે એવી પ્રાકૃતદૃષ્ટિ તેમને ઉદયમાન થઇ. જે આત્માઓને નિત્ય સ્થૂલ સૃષ્ટિ સાથેનો જ પરિચય છે અને તે સૃષ્ટિ સિવાયની અન્ય ભૂમિકાઓ સાથે સંબંધ રહિત છે તેમને આવી આશંકા થાય એ સ્વાભાવિક છે. યદ્યપિ ઇન્દ્રદેવ પોતાના અવધિજ્ઞાનવડે પ્રભુનું અતુલ સામર્થ્ય જાણતા હતા, છતાં ક્ષણભર માટે ભક્તિના બાહુલ્યમાંથી તેમને એવી આશંકા ઉદ્ભવી. નિત્યના સમાગમનું અને પ્રતિક્ષણે દૃષ્ટિપથમાં આવતા અનુભવનું બળ એટલું બધું હોય છે કે, તેમની પ્રત્યક્ષ પ્રમાણથી જન્મેલી શ્રદ્ધા પણ ક્ષણભર વિલયભાવને પામી જાય છે. પ્રભુએ પોતાના જ્ઞાનબળવડે ઇન્દ્રદેવના એ હૃદયભાવો જાણી લીધા, અને પોતાના અદ્ભૂત સામર્થ્યનું તેમને ભાન કરાવવા માટે, લીલા માત્રથી પોતાના વામ ચરણના અંગુષ્ઠવડે મેરૂગિરિને

દબાવ્યો. તત્કાળ તે ગિરિરાજના શિખરો નમી ગયાં, વસુધા તે બળને ઝીલવા અસમર્થ હોય તેમ કંપવા લાગી, અને સર્વત્ર ઉત્પાત જેવું ભાસ્યમાન થયું. પ્રભુએ પોતાની આત્મશક્તિના એક અંશના સહજ પરિસ્ફોટન વડે, ઈન્દ્રદેવને ખાત્રી કરી આપી કે સામર્થ્યનો આધાર હાડ અને માંસની કોથળી ઉપર નથી. તે તો માત્ર આંતરબળનુંજ વાહક છે. સ્થૂલ શરીરમાં જ જેની દૃષ્ટિમર્યાદા પરિસમાપ્ત થાય છે એવી પ્રાકૃત મતિ આત્માના આ પ્રભાવને કયાંથી સમજે? વિકાસક્રમની ટોચે ચઢતા આત્માનું નૈસર્ગિક બળ કેવું અદ્ભૂત હોય છે, તેનું ઉદાહરણ પ્રભુએ ઈન્દ્ર મહારાજને પોતાના જન્મ પછી તુર્તજ આ પ્રમાણે દર્શાવ્યું, પ્રભુનું આ કાર્ય પોતાની શક્તિથી બીજાને આંજી નાંખવા માટે નહિ, પણ ભવ્ય જીવોને આત્માની અગાધ શક્તિનું ભાન કરાવવા માટે હતું. સ્થૂળથી પ્રકટતી શક્તિ સિવાયની અન્ય શક્તિઓમાં સામાન્ય જીવોને શ્રદ્ધા હોતી નથી, અને તેથી પ્રસંગ આવ્યે તેવા શક્તિનો પ્રભાવ મહાપુરૂષોએ દર્શાવ્યાના અનેક દૃષ્ટાંતો છે. કૃષ્ણ પ્રભુએ પોતાની એકજ આંગળીએ ગોવર્ધન પર્વત તોળી રાખ્યાની પૌરાણિક

આખ્યાયિકા પ્રસિદ્ધ છે. આત્માની શક્તિના અનંત પણામાં જેમને શ્રદ્ધા છે, તેમને આવા વ્યતિકરોમાં કશુંજ અશ્રધ્ધેય હોવા યોગ્ય નથી. આ કાળે પણ આત્મશક્તિના પ્રભાવના અનેક ઉદાહરણો બનતા વાંચકોના જાણ્યામાં હશે.

પુણ્યશાળી આત્માના પ્રાદુર્ભાવ કાળે સર્વત્ર આનંદ અને મંગળ પ્રવર્તી રહે છે. પ્રભુના જન્મ પછી તેમના પિતાની સમૃદ્ધિમાં અસાધારણ વૃદ્ધિ થવા લાગી. પ્રભુના પુણ્યબળ વડે નગરમાં-દેશમાં વિગેરે સર્વ સ્થળે પ્રસન્નતા વ્યાપી રહી. કાંઇ પણ કારણ વિના સર્વના હૃદયમાં અનામી આનંદ ફુટી રહ્યો. આ પ્રકારે સર્વ પ્રકારના શુભમાં પ્રભુના પુનીત પગલાથી વૃદ્ધિ થવાથી, તેમનું નામ "વર્દ્ધમાન" રાખવામાં આવ્યું. ભગવાનની બાલ્યકાળની લીલા પણ બહુ બોધદાયક હતી. તેમના આત્માનો જે પ્રભાવ ભાવીમાં અનેક પ્રાણીઓનું કલ્યાણ કરવા નિર્માએલો હતો, તે પ્રભાવ તેમના ક્રીડાકાળમાં પણ દૃશ્યમાન થતો હતો.

માતા પિતાના સ્નેહરૂપી સુધાવડે પોષણ પામતા, અનુક્રમે, પ્રભુ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા. પ્રભુના જન્મ-

કાળથી લઈ, ત્યાં સુધીની અનેક ચમત્કારીક ઘટના-
ઓથી યદ્યપિ માત-પિતાને પ્રભુનું મહાન ભાવી સુ-
જ્ઞાત હતું, તોપણ માતાપિતાને સુલભ એવી પુત્ર પ્ર-
ત્યેની સ્નેહ ભાવનાવડે આકર્ષાઇ તેમણે પ્રભુના
લગ્નનો પ્રબંધ રચવા માંડયો. નવીન યૌવનાવસ્થા,
ધન-ધાન્યની વિપુલતા, યથેચ્છ ભોગપ્રાપ્તિની સુલભતા
અને ઉત્કૃષ્ટરૂપ તથા પ્રભુત્વ છતાં તે મહાત્માના
હૃદયમાં વિકારનો સ્પર્શ સરખો પણ થવા પામ્યો
નહોતો. તેમના એક રોમમાં પણ ભોગની વાસના
અવશેષ રહી ન હતી. પરંતુ વત્સલ માતા પિતાના
સ્નેહની જે તૃપ્તિ પ્રભુને વિવાહિત કરી અનુભવવા
આતુર હતા તેમાં વિરોધ કરવો એ પ્રભુને અનુચિત
જણાયું. તીર્થંકરોના જીવનનો પ્રત્યેક વિભાગ દૃષ્ટાંતમય
જ હોય છે. એ પરિપાટીનો, માતૃ સ્નેહની અવગ-
ણનાથી ભંગ થશે; એમ વિચારી ત્રીશલા દેવીની
સ્નેહ યાચના તે નિર્વિકારી પ્રભુએ સ્વીકૃત કરી. દેવીએ
પ્રભુને કહ્યું “ નંદન, આપ અમારા આંગણે આવ્યા
છો તેમાં અમો અમારા પૂર્વના મહાન પુણ્યનો પ-
રિપાક સમજીએ છીએ. જેના દર્શનની સ્પૃહા ઇન્દ્રા-
દિકને પણ રહ્યા કરે છે તેવા તમે, અમારે ત્યાં પુત્ર

જન્મયોગી પણ માતાની આજ્ઞાખાતર ગૃહસંસાર સ્વીકારેછે.



દેવીએ પ્રભુને કહ્યું "નંદન.

[પૃષ્ઠ ૮.

K. P. P. Bombay, 2.

રૂપે હો એ અમારૂં સૌભાગ્ય ખરેજ અદ્વિતીય છે. અમો એ પણ જાણીએ છીએ કે આપનું નિર્માણ ત્રણે જગત્‌ના પરિત્રાણ અર્થે છે, અને આપનો ગૃહનિવાસ તો માત્ર અમને તમારી લીલાનું દર્શન કરાવવા અર્થેજ છે. તોપણ અમારૂં સ્નેહાર્દ્ર હૃદય પુત્ર પ્રત્યેની ભાવનાને ત્યજી શકવા અસમર્થ છે. અન્ય કશા હેતુને માટે નહીં પણ ફક્ત અમને રાજી રાખવા માટેજ વિવાહિત થવાની અમારી ઇચ્છાને આદર આપો." તે દયામય પ્રભુએ તે સ્નેહ ભાવનાને માન આપી વિવાહની માગણી સ્વીકારવા માતાને કહ્યું. દેવી એ પ્રસન્ન થઇ યશોદા નામની રાજપુત્રી સાથે તેમનો વિવાહ કર્યો. માતા પિતા એ યુગલના દર્શનથી તૃપ્તિ અનુભવવા લાગ્યા.

શરીરથી પ્રભુ ગૃહવાસમાં સંસારીપણે હોવા છતાં તેમનું હૃદય જંગલમાં હતું. ઉદાસીનપણે-અરક્તપણે તેઓ ઉદયમાન ભોગને નિર્વહતા હતા. જે મહાત્માઓના હૃદય, ભોગ અને યોગ એ ઉભય ભાવમાં સમાન ભાવે વર્તી શકે છે, તેમનો વિરાગ સંસાર પ્રત્યેના દ્વેષમાંથી અથવા નિરાશામાંથી ઉદ્ભવેલો હોતો

નથી. પણ વસ્તુસ્થિતિના યથાર્થ દર્શનમાંથી પ્રકટેલો હોય છે. તેઓ જળમાં કમળપત્રની પેઠે અલિપ્તપણે રહે છે. ઉદયમાન પ્રકૃતિને અવ્યાકુળપણે ભોગવી લઇ તેની નિર્જરા કરવી અને રાગદ્વેષના ઉત્તેજક હેતુઓની મધ્યમાં પણ સ્થિતપ્રજ્ઞ રહેવું એ તેમનું ભિષણવ્રત હોય છે. વર્ધમાન પ્રભુ એ રીતે તેમની લગ્નની અવસ્થા વિતાવતા હતા. લગ્નના ફળરૂપે તેમને "પ્રિયદર્શના" નામે પુત્રીરત્ન સાંપડયું હતું. જેમનું લગ્ન યોગ્ય વયે જમાલિ નામના રાજપુત્ર સાથે થયું હતું.

અઠાવીશ વર્ષની વયે પ્રભુના માતા પિતા સ્વર્ગસ્થ થયા. સંસારનું સંસારત્વ, દ્રવ્યના ઉત્પાદ અને વ્યયમાં જ રહેલું છે એવું સમ્યગ્ પ્રકારે સમજનાર વર્દ્ધમાન પ્રભુએ ખેદકારક પ્રસંગથી વ્યાકુળ ન થતાં પોતાના વડીલ બંધુ નંદિવર્ધનને આશ્વાસન આપી, તેમને સંસારના નાશવંતપણાનો બોધ આપ્યો. નંદિવર્ધને વીર પ્રભુને રાજ્યવડે અલંકૃત થવા પ્રાર્થના કરી. પણ પ્રભુએ તે સ્વીકારી નહીં. તે પછી નંદિવર્ધન રાજ્યાસન ઉપર આવ્યા, ત્યારે વીર પ્રભુએ તેમને કહ્યું કે " આ ગૃહવાસની સ્થિતિથી

હું હવે ઉપરામ પામ્યો છું માટે દીક્ષા લેવાની મને રજા આપો.” નંદિવર્ધને એહથી ગદ્ગદિત થઇ જણાવ્યું કે “હજી આપણા માતા પિતાના અવસાનને દીર્ઘ સમય વીત્યો નથી અને તેનો શોક હજી તાજોજ છે તેટલામાં તમારા પણ વિયોગના કષ્ટથી મારૂં હૃદય ચીરાઇ જશે.” કરૂણાસાગર પ્રભુને પોતાના વડીલ બંધુ ઉપર અનુકંપા આવી. પોતાની કૃતિ યદ્યપિ ગમે તેવી વિશુદ્ધ હોય, છતાં અતિ ઉચ્ચ સ્થિતિના મહાત્મા પુરૂષો તે વડે બીજાને કષ્ટ ઉપજતું જોઇ, તે સહી શકતા નથી. ઘણા પ્રસંગે તો તે કષ્ટ રાગાંધતામાંથી જન્મે છે અને તેવા અજ્ઞાનજન્ય ભાવને તૃપ્તિ આપવા પ્રત્યેક પ્રસંગે રોકાઇ રહેવું એ અશક્ય છે. તોપણ આદર્શ જીવનમાં, કોઈને કિંચિત્ પણ કષ્ટનું નિમિત્ત થવાય તેવા પ્રસંગો આવતા નથી. બીજાઓની અજ્ઞાનજન્ય વાસનાઓને પણ ગમે તે જોખમે નિભાવી લેવાનું, માત્ર ઉત્કૃષ્ટ કોટીના મહાત્માઓથીજ બની શકે છે. સામાન્ય જ્ઞાનીઓ તેવા વ્રતના વ્રતી થઇ શકતા નથી અને વસ્તુતઃ તેમના માટે એ યોગ્ય પણ નથી. પોતાના શુભ અને કલ્યાણકર ઉદ્દેશને જતો કરી, જગત્‌ની મોહજન્ય વાસનાઓ તૃપ્ત કરવા

બેસી રહેવું, એથી પરનું કે પોતાનું એકેનું શ્રેય થતું નથી. તેવી વાસનાનો પ્રત્યાઘાત એ અવજ્ઞા કરનાર ઉપર થતો નથી. કેમકે અજ્ઞાન અને અજ્ઞાનના ખોરાક પરિણામો જ્ઞાન અને જ્ઞાનીના પરિણામ સાથે સંઘટ્ટનમાં આવતાં જ પ્રકાશ પાસે અંધકારની જેમ, વિલય પામી જાય છે. સામાન્ય કોટીના મનુષ્યોએ પોતાની શુભ ભાવના અને તદનુસાર ચરિત્રના ભોગે, આસપાસના સમાજ કે સગા સંબંધીઓની અજ્ઞાનજન્ય ભાવનાને વીર પ્રભુની માફક તૃપ્તિ આપવી યોગ્ય નથી. કેમકે તેમ કરવાથી મનુષ્ય જગતમાં અજ્ઞાનનું જે પ્રમાણ રહેલું છે તેનો ટેકો આપી તેમાં ઉમેરો કરે છે અને પોતાની શુભ ભાવનાને રખડતી મુકવાથી શુભના પ્રમાણમાં, તે પોતાના વર્તનથી ઘણો ઘટાડો કરે છે. પોતાના બંધુની મોહજન્ય યાચના વીર પ્રભુએ સ્વીકારી એ તીર્થંકર નામકર્મને તદ્દન અનુરૂપ અને શોભાભર્યું હતું. પણ તીર્થંકર સિવાયના અન્ય સામાન્ય આત્માઓને માટે તેવું વર્તન યોગ્ય નજ ગણાય. અજ્ઞાન જન્ય એક યાચનાનો સ્વીકાર, તેવી અનેક યાચનાઓને પોતાની પાછળ ખેંચી લાવે છે; અને આખરે એવો અવસર આવી પહોંચે છે કે,

પ્રથમની વિશુદ્ધિ આત્માએ ગુમાવેલી હોય છે, અનંતકાળથી રાગમાં પાશબદ્ધ થયેલો આ ભોગી આત્મા તેના જુના સાથીઓમાંથી રસ લેવા માંડે છે, અને કાળક્રમે તે પોતાના વર્ચસ્થી ભ્રષ્ટ થઇ ભોગનો કીડો બની રહે છે.

બંધુની પ્રાર્થનાને માન આપી વીરપ્રભુએ બે વર્ષ વધારે ગૃહસ્થાશ્રમમાં વિતાવ્યા. પોતે જ્ઞાનની ઉચ્ચ કળામાં વિરાજતા છતાં, અને કોઇ પ્રકારે ભ્રષ્ટ થવાનો સંભવ ન છતાં, અન્ય જીવોને દૃષ્ટાંતમય થવા માટે તે પ્રભુ ઉત્કૃષ્ટ ગૃહસ્થનો આચાર સેવતા હતા. કાયોત્સર્ગ, બ્રહ્મચર્યનું પરિશીલન, વિશુદ્ધ ધ્યાનમાં તત્પરતા, પ્રાસુક અન્નનો માત્ર પ્રાણ નિભાવવા અર્થેજ આહાર, વિગેરે આચાર પાળતા હતા. એવી ઉત્કૃષ્ટ જ્ઞાનમયતા છતાં તેમણે આચારને પોતાના ગૃહવાસમાં ત્યજ્યો નથી. 'ગમે ત્યારે તેમ તો કરી શકાશે' એવું નિબળતાનું સ્ફુરણ સરખું તેહૃદયમાં કદી પ્રવેશવા પામ્યું નહોતું. "સમય આવ્યેથી કરીશ" એવી ભાવના કાયર પુરૂષોને હોય છે. વીર પુરૂષો એક ક્ષણની પણ ઢીલ કરતા નથી. બંધુની પ્રાર્થનાને માન આપવા દીક્ષાગ્રહણ [illegible]તવી

રાખ્યું. છતાં ભાવપણે તેઓ એક રોમમાં પણ અલી-પ્તિત નહોતા. માત્ર ગૃહસ્થ પર્યાયની જે સ્થિતિ ઉપાર્જી હતી, તેનેજ આત્મબંધ પરિણામ વિના ઉદાસીનભાવે વેદતા હતા. જ્ઞાનીજનોને ઉભય પ્રકા-રના-શાતા અને અશાતા-ના વેદનમાં વેદનપણુંજ જણાય છે. એક પ્રત્યે રાગભાવ અને અન્ય પ્રત્યે દ્વેષભાવ હોતો નથી. શરીરનું સુખ અને દુઃખ એ ઉભય સ્થિતિ તેમને એક સરખી જ વ્યાકુળતામય જણાય છે, કેમકે ઉભયમાં આત્માને મુંઝવવાનું, પરાભવમાં દોરી જવાનું, અને સ્વભાવથી ચ્યુત કર-વાનું બળ સરખું જ હોય છે. જે કાંઇ આત્માને આવૃત્ત કરે છે, તે તેમને મન એક સરખું જ અ-શ્રેયસ્કર જણાય છે. દેહભાવની પ્રબળતાના તારત-મ્યાનુસાર જ સુખની કીંમત વધારે, અને દુઃખ એ ભારરૂપ જણાય છે. પણ જેમનો તે ભાવ વિનષ્ટ થયો છે, તેમને તો એ બન્ને પ્રકારની શારીરિક લાગ-ણીઓ આત્માને એક સરખી દબાવી રાખનાર જ-ણાય છે.

આ પ્રકારે પ્રભુએ બાર માસ બંધુની યાચનાને સફળ કરવા વિતાવ્યા. તે પછી તેમનો દીક્ષાપર્યાય

શરૂ થયો. એ સર્વાંગ સુંદર તનુ ઉપર વિરક્તાને છાજતો પરિવેશ પ્રભુએ પહેરી લીધો. જે કોમળ શરીર આજ સુધી રાજ્યની વિપુલ સરખી સમૃદ્ધિમાં ઉછર્યું હતું, અને જેની તપ્ત સુવર્ણ સરખી જ્યોતિર્મયતાને કદી ઉષ્ણ સમીરનો સ્પર્શ પણ થવા પામ્યો નહતો તે મોહક પ્રતિમા આજથી સંયમની કફની વડે આચ્છાદિત થઇ. જગતના પાપ ધોવા માટે પ્રભુએ સમસ્ત પુણ્યસામગ્રીનો ત્યાગ કર્યો. જે શરીરશોભાને પામર જીવો પણ પ્રિય ગણે છે, તેને પ્રભુએ કેશના લોચથી વિનષ્ટ કરી. જે ભોગના ક્ષણભરના પણ વિયોગથી સંસારી આત્મા ઉંડો નિશ્વાસ મુકે છે, તે ભોગને મહાવીર દેવે એક રોમમાં પણ ખેદ પ્રકટાવ્યા વિના તિલાંજલી આપી. સુશીલા પત્ની યશોદા, પ્રિય દુહિતા પ્રિયદર્શના, છત્રરૂપ વડીલ બંધુ નંદિવર્દ્ધન, રાજ્યની અતુલ લક્ષ્મી અને આજ્ઞાંકિત અનુચરવર્ગ એ સર્વને ત્યાગતા પ્રભુએ કલેશનો અંશ સરખો પણ અનુભવ્યો નહીં. રાજ્યની સોનેરીમાં ટેવાએલું તેમનું કોમળ શરીર સંયમનું કષ્ટ કેમ સહી શકશે? તેવો દૈહિક ભાવયુક્ત વિચાર તેમને નિર્બળ કરી શકયો નહીં. સ્વા-

થનો સહજ લોપ થતાં કેવળી ઉદ્ઘાટન ક્યાં આ પ્રાક્રમ શીરૂ આત્મા અને બાહ્ય પ્રપંચમાંથી પોતાપણાની ભાવનાથી સર્વાંશે વિમુક્ત થનાર ક્યાં તે અમોઘ શક્તિસંપન્ન વીરાત્મા ! સંયોગ અને વિયોગ વાયુના દળની માફક બંધાઈ અને વિખરાવાના સ્વભાવવાળાં છે, એમ સમજી સંયોગકાળે મહાત્માઓ પ્રસન્નતા અનુભવતા નથી, અને તેના વિયોગ કાળે તે પ્રસન્નતાના પ્રત્યાઘાત રૂપ ખિન્નતા પણ અનુભવતા નથી જેનો વિયોગ એક કાળે નિમાએલો જ છે, તેનો ત્યાગ મહાજનોના હૃદયમાં ઉલટી શાંતિ ઉપજાવે છે. કેમકે તેમ કરવામાં તેઓ માત્ર ભાવિમાં થનાર આપત્તિનો પરિહાર એજ ક્ષણે કરે છે. જે દેવું એક કાળે આપ્યા સિવાય ચાલે તેમ નથી તે દેવું અત્યારથી જ આપી છુટવું એવા અભિપ્રાયવાળા મહાજનો હોય છે. આ માટીની ખોળ ઉપર ચઢેલો પુદ્ગળનો સુંદર અને મનોગમ ભાસતો રંગ એમની દૃષ્ટિને રાગવશ કરી શકતો નથી.

તેમનો દીક્ષામહોત્સવ મનુષ્ય અને દેવોએ ઉજવ્યો. ચારિત્ર ગ્રહણ કર્યા પછી તમને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. તેમણે બાર વર્ષ પર્યંત જે અસહ્ય

પવિત્ર સત્તા તેની સ્મૃતિ ગમે તેવા કઠીન હૃદયને પણ પીગળાવી નાંખે તેવી છે. ઉપાર્જીત કર્મનો ઉદય, જ્યારે આત્મા મુક્તિની વધારે અને વધારે નજીક જતો જાય છે, ત્યારે અત્યંત તિવ્રપણે અને ત્વરાથી આવતો જાય છે. જેમ ચાલતી પેઢી સંકેલનારની પાસે તેના લ્હેણદારો એકદમ એક સાથે તગાદો કરી તેને મુંઝવે છે, અને પોતાનું લેણું ચુકતે હિસાબે લઈ લેવા તાકીદ કરે છે, તેમ મોક્ષાભિમુખ આત્માને તેના પૂર્વે ઉપાર્જેલા કર્મો એક સાથે ફળ આપી હિસાબ ચુકતો કરવા તત્પર થાય છે. મોક્ષના પથમાં વિહરનાર આત્માને ઘણીવાર અસાધારણ સંકટો આવે છે અને "ધર્મીને ત્યાં ધાડ" એવી પ્રચલિત લોકોક્તિ અનેકવાર સત્ય નિવડે છે, તેનું કારણ આથી સ્પષ્ટ થવા યોગ્ય છે. મોક્ષ માર્ગમાં ગતિ કરનારાઓ અનેક સંકટોથી ઘેરાએલ હોવાના ઘણા ઉદાહરણો આપણે સાંભળતા આવ્યા છીએ. બાળજીવોની સમજણ માટે અનેક ઉત્તમ ગ્રંથકારોએ, ઉપમિતી ભવ પ્રપંચા કથા, મોહરાજાનો રાસ, વિગેરે રૂપક ગ્રંથોવડે એજ વાત સ્પષ્ટ કરી છે કે મોક્ષના જીજ્ઞાસુના માર્ગમાં મોહરાજાના સુભટો હંમેશા

અનેક વિઘ્નો નાખતાં આવ્યા છે. જે દર્શનો ઈશ્વર-માં સૃષ્ટિનું કર્તૃત્વ આરોપે છે, તેઓ એજ વાતને, "પ્રભુ પોતાના ભક્તોની કસોટી કરે છે" એવા રૂપે કહે છે. કોઈ તેને "રક્ત બીજ" તો કોઈ Dwellers on the Thresh-hold, કહે છે. ટુંકામાં, પરમાત્માના મહારાજ્ય ભણી પ્રયાણ કરનારને અનેક સંકટોની પરંપરા આવી પડે છે. પરંતુ જેના ઉપર સંકટો આવી પડે છે તેવા દેહમાંથી જેણે પોતાપણાની ભાવનાનો નિતાંત ત્યાગ કરેલો હોય છે, તેવા આત્મપરાયણ પુરૂષોને તેવા સંકટો, આપણી પ્રાકૃત દૃષ્ટિને જેવા સત્ય અને ગંભીર લાગે છે તેવા, તેમને લાગતા નથી. જે સ્થિતિનું માત્ર આપણને શાસ્ત્રની વાણી દ્વારાજ જ્ઞાન છે, તે સ્થિતિને તેઓ અપરોક્ષ અનુભવે છે, દેહ અને દેહના ધર્મો એ ત્રણે કાળમાં આત્માના નથી, એવો નિશ્ચય તેમના પ્રત્યેક રોમમાં વ્યાપેલો હોય છે. અને તેથી જે કાંઇ પોતાને થતું મનાતું બંધ પડયું છે, તેમાં તેમને લેશ પણ શોક થતો નથી. જેટલે અંશે દેહાદિકમાં મારાપણાની બુદ્ધિ હોય છે, તેટલેજ અંશે તેના સુખ દુઃખાદિ ધર્મો આત્માને અસર કરે છે. વેદનીય અને

મોહનીય કર્મની પ્રકૃતિઓ તેટલાજ માટે શાસ્ત્રકારે જુદી કરી બતાવી છે. અર્થાત્ જેટલે અંશે મોહનીય કર્મની પ્રકૃતિનું પ્રાબલ્ય હોય, તેટલેજ અંશે વેદનીય કર્મ આત્માને અસર કરે છે. મોહનીય કર્મ શિથિલ પડી જતાં વેદનીય કર્મ લગભગ નહીવત્ થઈ જાય છે. ગમે તેવા વિશાળ પટવાળી, પણ જળ વિનાની સરિતા જેમ મનુષ્યને તાણી જઇ શકતી નથી, તેમ ગમે તેટલી તીવ્ર વેદનીય પ્રકૃતિનો ઉદય, જો મોહનીય રૂપનદી વેગવાન્ વિપૂલ જળના પ્રવાહથી રહિત હોય તો તેમાં આત્માને તાણી જવાનું કશું બળ હોતું નથી. આ ઉપરથી એમ સમજવાનું નથી કે જ્ઞાની જનોને કષ્ટ થતું નહિ હોય. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે તેમનું કષ્ટ તેમની અવશેષ રહેલી મોહનીય પ્રકૃતિના પ્રમાણુમાં જ હોય છે. સુખદુઃખની લાગણીનું મૂળ મોહનીય કર્મ છે, અને તે જેટલું પ્રબળ હોય, તેટલે અંશે આત્મા સુખદુઃખ અનુભવે છે.

વીરપ્રભુને તેમની દીક્ષા કાળમાં જે જે કષ્ટોનો આપત્તિ થયેલી છે, તે પણ આપણે એજ દૃષ્ટિએ જોવી જોઇએ. પ્રભુનું મોહનીય કર્મ ક્ષીણુપ્રાયઃ થએલું હોવાથી, તે શારીરિક કષ્ટોમાં તેમને આત્મ વેદનાનો

અંશ, આપણી વિમુગ્ધ દૃષ્ટિને ભાસે તેટલો બધો ન હોવો જોઈએ. મહાજનોને તેવા કષ્ટો કાંઈજ હીસાબમાં હોતા નથી. સબળ અને નિર્બળ પ્રાણીને જેમ એકજ પ્રકારનો પ્રહાર સરખી અસર કરતો નથી, તેમ જ્ઞાની અને અજ્ઞાનીને એકજ પ્રકારનું સંકટ સરખી અસર કરતું નથી. હાથીના વિપુલ પૃષ્ઠ ભાગમાં મારેલો લાકડીનો ઘા જેમ તેને કશા લેખામાં નથી, પણ તેજ પ્રહાર જેમ કુરકુરીયાને મૃતપ્રાય કરી નાખે છે, તેમ એક જ પ્રકારનું કષ્ટ વિરક્ત આત્માને કિંચિત્ અસર જ કરે છે અને રાગી આત્માને ધૂળ ફાકતો કરી મુકે છે. વીરપ્રભુને જે મહા વેદનીય આવી પડેલી તે તેમને માટે આપણને આપણી રાગી દૃષ્ટિથી ભાસે છે, તેવી ભયંકર નહતી. એમની સહિષ્ણુતા અદ્ભૂત હતી. ખરા ક્ષત્રીય વીરોને રણમાં પડેલા તલવારના ઘા આપણને કાંટો ભોંકે તેટલી પણ વેદના નથી પ્રગટાવતા. કેમકે તેમને તે વખતે દેહ કિંચિત્ વત્ હોય છે. જો તેમને પણ, આપણે કલ્પીએ છીએ તેટલું કષ્ટ થતું હોય તો તેઓ કદી એવા શૌર્યના કાર્યમાં પ્રવૃત્ત થઈ શકે જ નહીં. આપણે ઘણીવાર બીજાની આપત્તિઓને આપણા ઉપર આરોપી લઈએ

છીએ અને પછી આપણા રાગદ્વેષ અનુસાર તેમાંથી પ્રકટતી લાગણી અનુભવીએ છીએ. પણ તેવો આરોપ કરતી વખતે આપણે એક મહત્ત્વની બાજુનો આરોપ કરવો ભૂલી જઇએ છીએ. તે આરોપ, જેની આપત્તિ આપણે આપણામાં આરોપીએ છીએ, તેની આત્મસ્થિતિનો છે. તેવી સ્થિતિના અલક્ષ પૂર્વક કરેલો માત્ર સ્થૂલ આરોપ આપણને ગંભીર ભૂલમાં દોરી જાય છે, અને સત્યના એક અત્યાવશ્યક વિભાગથી આપણને બેનસીબ રાખે છે. વીર પરમાત્માના કષ્ટની કલ્પના કરી, તેમાંથી ઉદ્દભવતા સારરૂપે આપણે તેમની સહિષ્ણુતાની સ્તુતિ કરીએ તે સાથે આપણે તેમની વિરક્તિની અને અગાધ આત્મબળની પણ કલ્પના કરવી વિસરવી જોઈતી નથી. તે સહિષ્ણુતાનું ઉત્પત્તિ સ્થાન વિલોકવું, જો આપણે ભૂલી જઇએ તો પ્રભુના ચરિત્રમાંથી આપણા માટે ઉદ્દભવતો અરધો અરધ સાર નિષ્ફળ જવાનો. આત્માના કોઈ ઉત્તમ વર્તનની સ્તુતિ કરવાની સાથે તે વર્તન આત્માના કયા અંશમાંથી ઉદ્દભવ્યું તે જો ન અવલોકાય, તો તે સ્થૂળ વર્તન આપણને બહુ લાભપ્રદ થવાનું નહિ. બાહ્ય વર્તનમાં માત્ર આપણને આશ્ચર્ય વિમુગ્ધ કરવાનું

(mystification) બળ છે. પણ તેના પ્રભવ સ્થાનને જાણવાથી તે આશ્ચર્ય અળપાઈ જઇ, જે પ્રથમ ક્ષણે અદ્ભૂત ભાસ્યું હતું, તે શક્ય અને બુદ્ધિગમ્ય થતું (rationalization) ભાસે છે. ટુંકામાં, / પ્રભુનું અમોઘ ધૈર્ય, સહનશીલતા, સમભાવ, શત્રુ અને મિત્ર પ્રત્યેની સમાન દૃષ્ટિ; એ સર્વ તેમના આત્માની વિશુદ્ધિમાંથી પ્રગટયું હતું. . . . .

દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રભુ એકદા કુમાર નામના ગામની નજીક આવી પહોંચ્યા. ત્યાં નાસિકાના અગ્ર ભાગ ઉપર નેત્ર આરોપી, બે હસ્તને લાંબા કરી, સ્થિર મૂર્તિની જેમ કાયોત્સર્ગ પૂર્વક ઉભા હતા. તે વખતે કોઇ ગોવાળ પોતાના બળદોને હાંકતો હાંકતો ત્યાં આવ્યો અને ત્યાં પ્રભુની પાસે તે બળદોને રેઢા ચરતા મુકી, કાંઇ કામ પ્રસંગે ચાલ્યો ગયો. તેના ગયા પછી પેલા બળદો ચરતા ચરતા ક્યાંઈ ચાલ્યા ગયા. ગોવાળ પાછો આવીને જુએ છે તો બળદો જોયા નહિં. પ્રભુને બળદોની ખબર અંતર વિષે પૂછી જોયું. પણ પ્રતિમાધારી ધ્યાનસ્થ પ્રભુ ક્યાંથી ઉત્તર આપે? ગોવાળ બળદોને શોધવા આગળ ચાલ્યો. દરમ્યાન બળદો ચરીને પાછા પ્રભુની પાસે આવી બેસી ગયા. ગોપ

महापुरुषो पोतानी ज शक्तिपर मुस्ताक रहेछे.



"તીર્થંકરો પારકાની સહાયની કદીપણ અપેક્ષા રાખતા નથી"

(પૃષ્ટ ૨૩)

શ્રીકૃષ્ણ પ્રેસ, મુંબઇ ૨.

પાછો શોધતો શોધતો ત્યાંજ આવી ચઢયો અને બળદોને પ્રભુની પાસે બેઠેલા જોઇ વિચાર્યું કે, જરૂર, આ સાધુએ મારા બળદ ચોરી સંતાડી રાખેલા અને સવારમાં લઇ જવાની ખોટી દાનત રાખેલી હશે, એમ મન સાથે મસલત કરી પ્રભુને મારવા દોડયો. તે વખતે ઇન્દ્રે ઉપયોગ મુકી અવધિજ્ઞાનના બળથી પ્રભુની કફોડી સ્થિતિ જોઈ ત્યાં દોડી આવ્યો અને ગોવાળને સમજાવ્યો કે "મૂર્ખ ! આ તો મહા મુનિ છે. તારા બળદની તેમને કશી જરૂર નથી. તેમણે તો વિપૂલ રાજ્ય લક્ષ્મી ત્યજીને આ અવસ્થા ભજી છે." ગોવાળ ત્યાંથી ચાલ્યો ગયો. તે પછી ઇન્દ્રે પ્રભુને વિનંતી કરી કે "હે નાથ ! હજી બાર વર્ષ સુધી આપને ઉપસર્ગોની પરંપરા થવાની છે. જો આપ કૃપા કરીને રજા આપો તો તેનું નિવારણ કરવા માટે હું આપની સાથે રહી સેવકનું કાર્ય કરૂં." તે વખતે સમાધિ પારીને પ્રભુએ ઇન્દ્રને જે કાંઇ કહ્યું તે તેમની છદ્મસ્થાવસ્થાની અદ્ભૂત જ્ઞાનમયતાને સુચવનાર છે. કર્મના મહા નિયમને હસ્તામલકવત્ સમજનાર પ્રભુએ ઉત્તર આપ્યો કે, "તીર્થંકરો પારકાની સહાયની કદી પણ અપેક્ષા રાખતા નથી. અર્હતો

બીજાની મદદથી કેવળ જ્ઞાન ઉપાર્જે તેમ કદી બનતું નથી. આત્મા પોતાની જ શક્તિથી કેવળજ્ઞાન પ્રામે છે અને મોક્ષે જાય છે."

આત્મકાર્યમાં મહા પુરૂષો પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિનો કે સિદ્ધિનો પ્રયોગ કરતા નથી. કેમકે નિકાચિત કર્મ ખપાવવાનાં કાર્યમાં તે એક્કે ઉપયોગી નથી. તેથીજ તેઓ દૈવી કે માનુષી એકે સત્તાનો ઉપયોગ કરવાથી દૂર રહે છે. જેનું દેહાભિમાન સર્વ પ્રકારે નિવૃત્ત થયું છે, અને દેહ સંબંધી શુભાશુભ પરિણામની ધારાનો જેમના પ્રત્યે નિરોધ થયો છે. એવા જ્ઞાની મહાત્માઓ ઉદયમાન શારીરિક કષ્ટને યથાયોગ્ય પ્રકારે ભોગવી લેવામાં લેશ પણ સંકોચ ધરતા નથી. સામાન્યતઃ કર્મો બે પ્રકારનાં છે. કર્મનો એક પ્રકાર એવો છે કે તે પ્રકાર, શુભ ધ્યાનથી, મંત્રાદિપ્રયોગથી, કે સંયમ દ્વારા ભોગવી શકાય છે અને બીજો પ્રકાર જે નિકાચિત છે તે જે પ્રકારે બાંધ્યો હોય તેજ પ્રકારે ભોગવવા યોગ્ય હોય છે. તેનાથી છુટવા માટે જ્ઞાની જનો કદિ ઇચ્છા કરેજ નહિ. શિથિલ કર્મો આત્માના પુરૂષાર્થ ધર્મ વડે નિવૃત્ત થઈ શકે છે, પણ બીજા પ્રકારના નિકાચીત કર્મો ભોગવ્યેજ છુટકો

થાય એવી નીતિ છે. તેથી જે વેદનીયાદિ કર્મો દ્રઢપણે ઉદયમાન હોય તે, તથા પ્રકારે વેદી લેવામાં મહા પુરૂષો, પોતાની પ્રાપ્ત સિદ્ધિથી કે બીજાની-સહાયથી નિરપેક્ષ રહે છે. જેને યથાર્થ જ્ઞાન નથી, છતાં પોતાને વિષે તેવી જ્ઞાનીપણાની કલ્પના કરે છે, તેમને પણ નિકાચિત કર્મો તો ભોગવવા જ પડે છે. વીર પ્રભુને તે ભોગવવાની અનિચ્છા હોય એ તેમની તે વખતની જ્ઞાન દશા જોતાં બનવું અશક્ય હતું, તેથી તેમણે ઈન્દ્ર મહારાજની માગણીનો અસ્વીકાર કર્યો હતો. ભક્તિભાવ વડે પ્રેરાએલા ઇંદ્રને પ્રભુના જે શરીરમાં મોહ હતો, તે શરીર પ્રભુને અકિંચિત્કર હતું. પ્રભુ જાણતા હતા કે કર્મની ફળપ્રદાયી સત્તાનો નિરોધ તેરમે ગુણસ્થાનકે વર્તતા મહાયોગીઓથી પણ બનતો નથી, તો પછી ઇંદ્રની સહાય શું લેખામાં છે? આત્માનું વાસ્તવ સામર્થ્ય માત્ર ભોગવી લેવામાં જ છે. જે કારણોને પૂર્વ ભવમાં આત્માએ ગતિમાં મૂક્યા હોય છે તેને યથાયોગ્ય પરિણામ આપતા કોઈ અટકાવી શકે તેમ નથી. અવધિજ્ઞાન વડે પ્રભુ પોતાના પૂર્વકાળના નિકાચિત બંધને, તેના સ્વરૂપને અને તે જે પ્રકારે

ભોગવવાનું નિર્માણ થયેલું છે તે બધું યથાર્થપણે જાણતા હતા. તેથી તેમણે તે કર્મોને અન્યથા પ્રકારે ભોગવવા પ્રયત્ન કર્યો નહોતો.

તેમ છતાં એવી કલ્પના કરવી ઉપયુક્ત નથી કે પ્રાણી માત્ર પોત પોતાના કર્મો ભોગવી લે તેમાં કોઇએ ડખલ કરવી નહી. જો તેમ થાય તો અનુકંપા અને દયાના માર્ગનો ઉચ્છેદ થઇ જવાનો ભય રહે છે. અમુક કર્મો શિથિલ કે નિકાચિત છે તે સામાન્ય જીવો જાણતા નથી કોઈ પ્રાણીને રોગવશ દંખી, અથવા ઉપસર્ગ વડે પીડાતો જોઇ તેને સહાય કરવી એ શાસ્ત્રનો ઉત્સર્ગ અને ધોરી માર્ગ છે. કેમકે તેમ થવાથી તે પીડિત જીવ અનેક આર્ત્ત રૌદ્ર ધ્યાનથી બચવા પામે છે, અને તેથી અનેક નવા કર્મો ઉપાર્જતો અટકે છે. જોકે તેવી સહાયથી પણ કર્મો નિવૃત્ત થવા યોગ્ય હોય તોજ નિવૃત્ત થાય છે પરંતુ પીડિત આત્માને તેવી સહાય, શાંતિ અને આશ્વાસનનું નિમિત્ત થઇ, તેના ઉદયમાન કર્મોની તિવ્રતાને કોઇ અંશે ન્યૂન કરવામાં સમર્થ થાય છે. આત્મા જો તેવી સહાય વિના પ્રભુની પેઠે સમભાવથી રહી શકવા સમર્થ હોય તો પણ દયા માર્ગનો

ઉચ્છેદ ન જાય તે માટે પણ તેવી પ્રવૃત્તિ નિત્ય કર્ત્તવ્ય જ છે. જો કે બળવાન આત્માને તેવી મદદની કાંઈજ અપેક્ષા હોતી નથી. કર્મ રૂપી અગ્નિને જીતવા માટે પ્રભુએ જે અદ્ભૂત ચારિત્ર વહ્યું હતું તે ચારિત્ર, દેશ કે કાળથી નિરપેક્ષપણે ગમે તે આત્માને મોક્ષપદમાં સ્થાપી દેવા સંપૂર્ણ હતું. હિમાદ્રિની પેઠે નિશ્ચલ પરિણામી, સાગર જેવા ગંભીર, સિંહની જેમ નિર્ભય અને મોહરૂપી સસલાથી અજેય, કુર્મની જેમ ઇંદ્રિઓને ગુપ્ત રાખનાર, પક્ષીની પેઠે મુક્ત વિહારી, સર્વ પ્રકારના સુખ દુઃખમાં સમાન ભાવી, આ લોક કે પરલોકમાં ન્યૂનાધિકતા નહિ માનનાર, જળસ્થિત કમળદલની પેઠે સંસારપંકમાં વિહરવા છતાં નિર્લેપ, ગજેંદ્ર જેટલા બળવાન છતાં મેંઢાની માફક અન્યને બાધા નહી કરનાર, અને અસ્ખલિત ગતિવાળા તેઓ, સમયે સમયે અનંત પૂર્વબદ્ધ કર્મની નિર્જરા કરતા વિહરતા હતા.

એકદા ભગવાન શ્વેતાંબી નામના નગર ભણી ચાલ્યા જતા હતા. રસ્તામાં વટેમાર્ગુઓએ પ્રભુને ચેતવણી આપી કે તે માર્ગે એક દ્રષ્ટિવિષ સર્પ રહે છે, તેથી પક્ષિ સરખાંની પણ ત્યાં ગતિ થઈ શકતી

નથી. પ્રભુએ પોતાના જ્ઞાનબળથી જોયું કે તે સર્પ યદ્યપિ ગમે તેવા ઉગ્ર ક્રોધના સ્વભાવવાળો છે, છતાં તે સુલભબોધી છે. જીવની કોઇ અનિષ્ટકર પ્રકૃતિ તીવ્રપણે ઉદયમાન દેખી આપણે તેને સુધારણાના સંભવથી બહાર માની લઇએ છીએ. પણ વાસ્તવમાં તેમ હોવું જોઇએ નહિ. ચિત્તનો કોઇ અંશ જ્યારે વિકૃત થાય છે, ત્યારે તેને યોગ્ય ઉપાયથી સુધારી શકાય છે, એટલું જ નહિ પણ તે અનિષ્ટ અંશનું જેટલું બળ બુરાઇ ભણી હોય છે, તેટલું જ બળ ભલાઇ તરફ પલટાવી શકાય છે. કોઇપણ પ્રકારની બળવાન્ ચિત્તસ્થિતિ, પછી તે ઇષ્ટ હો કે અનિષ્ટ હો, અત્યંત ઉપયોગી લેખાવા યોગ્ય છે. કેમકે ઉભય, એક સરખા સામર્થ્ય સંપન્ન છે. માત્ર તફાવત એટલો જ છે કે, એક પ્રકાર વર્તમાન ક્ષણે શુભમાં, અને બીજો અશુભમાં યોજાએલ હોય છે. છતાં ત્યાં ઉભયે, શક્તિની અને કાર્ય ક્ષમતાની અપેક્ષાએ સરખા લેખાવા યોગ્ય છે. જે શક્તિના તે શુભાશુભ પરિણામ છે, તે શક્તિ તો સર્વદા ઇચ્છવા યોગ્ય છે. કાચા અન્નને સ્વાદિષ્ટ પકવાન્ન રૂપે પકવી આપવામાં અને અનેક ઉપયોગી વસ્તુઓને ભસ્મિભૂત કરવામાં જેમ અગ્નિ એકજ છે,

તેમ શુભ કે અશુભમાં કર્તવ્યપરાયણી શક્તિ આત્માના એકજ અંશમાંથી ઉદ્ભવી હોય છે. માત્ર તેનો ઉપયોગ સવળી દિશા કે અવળી દિશામાં કરવો એટલું જ અવશેષ રહે છે. આપણી વર્તમાન સમજણ ઘણીવાર એવી ભૂલ ભરેલી જોવામાં આવે છે કે તીવ્ર અનિષ્ટ પ્રવૃત્તિને આપણે ઘણીવાર ધિક્કારી કાઢીએ છીએ, પણ સાથે એ જોવું ભૂલી જઇએ છીએ કે, જે શક્તિ એટલું બધું અનિષ્ટ કરી શકવા સમર્થ છે તેજ શકિત ઇષ્ટદિશામાં પણ કાર્યકર થવાની યોગ્યતા ધરાવતી હોય છે. જે ચક્રવર્તી સાતમી નરકમાં જવા જેટલું તીવ્ર કર્મ ઉપાર્જી શકે છે તેજ ચક્રવર્તી જો તે શક્તિમાન અંશને ઇષ્ટ કાર્યમાં યોજે તો મોક્ષ પર્યંત પણ મેળવી શકે તેમ છે. વસ્તુતઃ આપણો ધિક્કાર પ્રવૃત્તિશૂન્યતા ભણી હોવો જોઈએ છીએ. જે કાંઈજ શુભાશુભ કરવા સમર્થ નથી, ગળીઆ બળદની જેમ જેનામાં લેશ પણ પાણી નથી, અચેતની પેઠે જે જગતની સત્તાની ઠોકરો ખાધાજ કરેછે, જેની પામરતા, ભોગ, લાલસા, દારિદ્રય, અને પ્રમાદનો અવધિ નથી; એવા જીવોજ કદી વર્તમાન ક્ષણે સુધારણાના સંભવ બહાર ગણાવા જોઇએ; પણ

જેનામાં કાંઈક જુસ્સો-પાણી-વીર્ય-શૌર્ય છે તે તો તેના ગમે તે શુભાશુભ પર્યાયમાં ઇચ્છવા યોગ્ય જ છે. કેમકે તેના અશુભ પર્યાયમાં પણ તે જે દ્રવ્યનું બનેલું છે-તે દ્રવ્ય-શક્તિ ક્ષયોપશમ ભાવે આત્માને પ્રાપ્ત થયેલી હોય છે અને નિમિત્ત મળતાં તે યથેષ્ટ પ્રકારે પરિણમી શકે છે.

પ્રભુ આ વાત સારી રીતે સમજતા હતા. જો તેમ ન હોત તો તે માર્ગે થઇને પસાર થવાની તેઓ મુદ્દલ દરકાર કરે જ નહીં. મોટા પુરૂષોની પ્રવૃત્તિ હમેશાં સ્વ-પરને કલ્યાણકારીજ હોય છે. પ્રભુ જાણતા હતા કે કોઈ શક્તિની વિકૃત અવસ્થા એ તે જીવની અયોગ્યતાનું લક્ષણ નથી. માત્ર તે વિકારનો પરાભવ કરી તેને સન્માર્ગમાં વાળવાની જ અપેક્ષા છે. જે નદીના જળ પ્રવાહનું બળ આખા નગરોને તાણી જવા સમર્થ છે, તેમાંથી જો વિદ્યુત્ પ્રગટાવવામાં આવે તો તે હજારો મીલોને ચલાવવા જેટલી શક્તિ (Power) આપી શકે છે. તેજ પ્રકારે જે દૃષ્ટિવિષ સર્પની જે ક્રોધ-જ્વાળા ઉડતા પક્ષીને પણ ભસ્મીભૂત કરવા સમર્થ હતી, તેજ જ્વાળાનું પલટણ કરી શાન્તિમાં તેનું પરિણમન કરવામાં આવતાં, પરમ કલ્યાણ સાધી આપે

તેવી હતી. માત્ર તેને ઈષ્ટ કાર્યમાં કેમ પ્રવર્તાવવી એજ વિચક્ષણતાની અને ધૈર્યની અપેક્ષા રહે છે. પ્રભુએ એ કાર્ય કેવી રીતે સાંગોપાંગ પાર ઉતાર્યુ તે અત્યંત મનનીય છે, અને તેજ પદ્ધત્તિનો આશ્રય લઇ આપણે પણ આપણી આસપાસના મનુષ્યોના ઘણા નાના મોટા દોષો સુધારી શકીએ તેમ છીએ. બીજાના દોષ સુધારવાની આપણી પદ્ધત્તિ ભૂલ ભરેલી છે એટલુંજ કહેવું બસ નથી. ઘણે ભાગે છેકજ વિપરીત હોય છે. શુભના ઈરાદાથી આપણે ઘણીવાર ઉલટા સામા મનુષ્યના દોષનું પ્રમાણ વધારી મુકીએ છીએ, અને આપણા રાગ દ્વેષ આપણે સંયમમાં રાખવા અસમર્થ હોઈ, ઉલટું આપણે સામા મનુષ્યનું અહિત કરી બેસીએ છીએ. ઘણીવાર ક્રોધી મનુષ્ય પ્રત્યે આપણે અમુક હદે આવ્યા પછી ક્રોધ દાખવીએ છીએ. તેમ થયેથી સામાના દોષમાં દ્વિગુણ વૃદ્ધિ થાય છે. તેના ક્રોધ સામે આપણો ક્રોધ મળતાં વિશ્વમાં ક્રોધનું પ્રમાણ આપણે વધારીએ છીએ. જ્યાં પ્રથમ એક ખોબો ધુળ ઉડતી હતી, ત્યાં આપણે પણ બીજો ખોબો ઉરાડીએ છીએ. વસ્તુતઃ સામા મનુષ્યના સ્વભાવથી આપણું વર્તન છેકજ વિરોધી અર્થાત્ તેના

ક્રોધ પ્રત્યે આપણે પરમ શાંતિ અને ક્ષમાશીલ રહેવું જોઇએ, અને ગમે તેટલી વિકટ કસોટીમાં પણ આપણે આપણો કાબુ ખોવો ન જોઈએ. તેમ થાય તો જ સામાનું હિત થાય છે તેને બદલે જેવાની સામે તેવા થવાથી આપણો તેમજ સામાનો સ્વભાવ વિશેષ અનિષ્ટ કરી મુકીએ છીએ. જેમ અર્ધદગ્ધ વૈદ્ય, રોગીને સાજો કરવા જતાં ઉલટી હાની કરે છે, તેમ અસંયમી માનસ વૈદ્ય પણ સામાના દોષો સુધારવાને બદલે ઉલટો પ્રાદુર્ભાવ કરતો ચાલે છે. જેઓ અંત સુધી ક્રોધ પ્રત્યે શાંતિમયતા અભિમાન પ્રત્યે દીનતા, લોભ પ્રત્યે અકિંચનતા, અને મોહ પ્રત્યે વિરક્તિ દાખવી શકે છે, તેઓજ વિશ્વનું યથાર્થ કલ્યાણ કરી શકે છે, અને પોતાના ચારિત્રરૂપ દિવ્ય ઔષધવડે જગતના ભવ્ય જીવોના આત્મિક વિકારો મટાડી શકે છે. શાંતિ અને ક્ષમા સાથે અથડાતા ક્રોધનો પરાભવ થાય છે, એ પ્રભુએ પોતાના દૃષ્ટાંતથી જગતને દર્શાવી આપ્યું છે.

વીરપ્રભુ તે ભયંકર સર્પના રાફડા પાસે આવી નાસિકાગ્ર ઉપર નેત્ર સ્થિર કરી કાયોત્સર્ગે ઉભા રહ્યા થોડીવારે પેલો સર્પ બહાર નીકળ્યો. તેણે વીરપ્રભુને

ક્ષમાસાગર આગળ પ્રચંડ ક્રોધ પણ શાંત થાયછે



"હે ચંડ કૌશિક! સમજ! સમજ!

[પૃષ્ઠ ૩૩.

KRISHNA PRESS, BOMBAY, 2.

જોઇ એકદમ ક્રોધ પૂર્વક ચિંતવ્યું, કે આ મૃત્યુના ભય વિનાનો મનુષ્ય, શંકુની પેઠે સ્થિર થઈ કેમ ઉભો છે ! ચાલ, હું તેને મારી વિષ-જ્વાળાવડે ભસ્મ કરી નાંખુ. એમ કરી તે ક્રોધથી ધમધમતો પ્રભુ પાસે આવ્યો. પોતાની ફણાને વિસ્તારતો, વિષાગ્નિને વમતો, ભયંકર પુત્કારથી દૃષ્ટિ ફેરવતો, તે પ્રભુ પાસે આવી પ્રભુના અંગુઠે ડસ્યો. પણ તેના ઝેરની અસર પ્રભુના એક રોમમાં પણ થઇ નહી. તેમજ કાયોત્સર્ગથી પણ ચ્યુત થયા નહી. તુર્તજ તે ક્રોધની મૂર્તિરૂપ સર્પે પ્રભુના સામી દૃષ્ટિ કરી તો તે પવિત્ર વદન ઉપર લેશ પણ પ્રતિક્રોધની છાયા ન્હોતી, તે મુખની પ્રસન્નતામાં જરા પણ ન્યૂનતા થઈ ન્હોતી. પ્રભુની મુદ્રા ઉપર અતુલ કાંતિ, સૌમ્ય, માધુર્ય તથા ક્ષમાશીલતા અંકિત જોઇ તે સ્તબ્ધ થઇ ગયો. આવી નિર્વિકારી મૂર્તિ તેણે પ્રથમ કોઇ કાળે જોઇ ન હતી. પ્રભુની ઉપશાંત રસમયતા તેના હૃદયમાં સંક્રાંત થઇ.

પ્રભુના શાંતિબળથી તેનું ક્રોધબળ પરાભવ પામ્યું. તેની કોપજ્વાળા ઉપર પ્રભુએ ક્ષમા જળ રેડી તેને બુઝાવી દીધી. તેને સુધારા ઉપર આવતો જોઇ પ્રભુ બોલ્યા કે:-" હે ચંડકૌશિક ! સમજ ! સમજ ! મોહ

વશ થા નહિ, પૂર્વને સ્મૃતિમાં લાવ અને થયેલી ભૂલને સુધારી કલ્યાણને માર્ગે પ્રવૃત્ત થા.” એ શબ્દો પ્રભુના મુખમાંથી અવતાંજ સર્પને પૂર્વ ભવની સ્મૃતિ થઈ. પૂર્વના એક ભવમાં તે એક તપસ્વી મુનિ હતો અને પોતાના મુનિપણાને ન છાજે એવો ક્રોધ કરી, પાપની આલોયણાની સ્મૃતિ આપનાર એક સાધુને મારવા દોડતાં, સ્થંભ સાથે અફળાઇ મૃત્યુ પામ્યો હતો. તપની સાથે ઘણીવાર ક્રોધી પ્રકૃતિ જોડાએલી જોવામાં આવે છે, અને તેને કાબુમાં ન રાખી શકનાર કેવી અધોગતિ પામે છે, તેનું એક બોધમય ઉદાહરણ ચંડકૌશિક સર્પ પુરૂ પાડે છે. પૂર્વના ક્રોધબળથી તે આ ભવમાં સર્પપણે ઉત્પન્ન થયો હતો. ભવાંતરમાં શુભાશુભ અવતારનો નિર્ણાયક હેતુ શો છે તે પણ આથી સ્પષ્ટ થવા યોગ્ય છે. જે પ્રકૃતિ આત્મામાં બળવાનપણે વર્તતી હોય, તે પ્રકૃતિ જે દેહમાં અમલમાં આવી શકે ત્યાંજ જીવ ઉત્પન્ન થાય છે. કામી મનુષ્ય, ચકલા, કબુતર, ડુક્કર કે એવી હલકી કોટી કે જેમાં તે અધમ વાસના અતિશયપણે અમલમાં આવે ત્યાં જઇ ઉપજે છે. ક્રોધી જીવને પોતાની વાસનાની તૃપ્તિ અર્થે સર્પ, વૃશ્ચિક, વ્યાઘ્ર આદિમાં જન્મવું પડે છે.

જો પ્રભુએ ચંડકૌશિક સર્પના ક્રોધ સામે પોતાનું સામર્થ્ય બતાવવા પ્રયત્ન કર્યો હોત તો તેમ કરી શકવા તેઓ સમર્થ હતા. પ્રભુએ જે શક્તિવડે એક અંગુષ્ટના સહજ દબાણ માત્રથી મેરૂ ગિરિને ચલાયમાન કર્યો હતો, તેજ શક્તિ ચંડકૌશિક જેવા હજારો મહાસર્પોનો પરાભવ કરવા સમર્થ હતી. તેમના વિલાસ માત્રથી તે સર્પ ભસ્મીભૂત થાય તેમ હતું. પણ પ્રભુએ તે માર્ગ ન લેતાં જે વડે તેનું કલ્યાણ થાય એજ માર્ગ લેવો યોગ્ય ધાર્યો. જેવાની સાથે તેવા થવાથી, તેનું સ્વત્વ તો લુંટાયુંજ છે, પણ ભેગું તેવા થનારનું પણ લુંટાય છે. સર્પે તેના સ્વભાવ પ્રમાણે પ્રવૃત્તિ કરી, પ્રભુએ પોતાના પ્રભુત્વને છાજતી પ્રવૃત્તિ કરી, તેના ઉપર પોતાના ઉપશમ રસનું સિંચન કરી તેને ઠેકાણે આણ્યો. ત્યારથી તે સર્પે પોતાનો હિંસક સ્વભાવ છોડી દઇ, પશ્ચાત્તાપમય જીવન ગાળવા માંડયું. પોતાની આ દુઃખમય સ્થિતિમાં શું હેતુભૂત હતું તે તેને સમજાયાથી તેણે પોતાનો ભૂતકાળનો સ્વભાવ ત્યજી દીધો. તેણે જેટલી ઉગ્રતાથી પૂર્વે ક્રોધ સેવ્યો હતો તેટલીજ ઉગ્રતાથી ક્ષમા અને શાંતિ સેવવા માંડી, રસ્તે જનાર-ચાલનારને કશી

પણ બાધા કરવી ત્યજી દીધી લોકો તેના શરીરને અટકે તો પણ તેણે હાલવા ચાલવા ન માંડયું. આહાર પણ ત્યજી દીધો. કીડીઓએ તેના કલેવરને વીંટી લીધું અને અમિત વેદના કરવા લાગી. છતાં તેણે જે વીર્ય પૂર્વે અનર્થ કરવામાં સ્ફુરાવ્યું હતું તેજ વીર્ય હવે પરમ અર્થ માટે સ્ફુરાવાનો નિશ્ચય કરેલો હોવાથી, કીડીઓ દબાય તેવા ભયથી શરીર હેરવવું-ફેરવવું પણ છોડી દીધું. આખરે કાળક્રમે કરૂણાના પરિણામવાળો થયેલો તે સર્પનો જીવ, દેહ છોડી સહસ્રાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

આ કાળે પણ અનેક મહાજનોની પાસે, તેમના શાંતિબળથી, હિંસક જીવોએ પોતાની વૃત્તિ છોડી દીધાના દૃષ્ટાંતો બને છે. સ્વામી રામતીર્થ ઘણીવાર સર્પ વિગેરે ઝેરી જંતુઓના સહવાસમાં; દિવસોના દિવસો નિર્ગમતા હતા. છતાં પ્રાણીઓ તેમને કશી પણ ઇજા કરી શકતા ન હતા. પ્રેમના બદલામાં કોઈ ધિક્કાર આપી શકે એ આ વિશ્વનો સનાતન યોજનામાં બની શકે તેમ નથી. માત્ર તે વિકટ કસોટીમાંથી પસાર થવા જેટલી મનુષ્યોમાં ધૃતિ ક્ષમા અને સાહસ નથી. જે એક પ્રસંગે એક મનુષ્ય વડે બની શકયું હતું ને સર્વ પ્રસંગે બની શકવા યોગ્ય છે.

Exception proves the rule—અપવાદ એજ મૂળ નિયમને પુરવાર કરે છે.

એક દિવસ પ્રભુ ગંગા નદી ઉતરવા માટે બીજા પથિકો સાથે નાવમાં બેઠા. સમુદ્રની જેમ જળભારથી છલકતી તે સરિતાની મધ્યમાં જ્યારે નાવ આવ્યું, ત્યારે પ્રભુના પૂર્વ ભવનો એક વૈરી આત્મા જે તે વખતે 'સુદષ્ટ' દેવપણે હતો તેને પોતાનું જુનું વૈર સાંભરી આવ્યું. કર્મના મહા નિયમની મર્યાદામાં ગમે તેવા મહાન્ પુરૂષો પણ બંધાયેલા જ છે. તે સુદષ્ટ દેવ પૂર્વના ભવમાં એક સિંહ હતો અને વર્ધમાન પ્રભુ તે વખતે ત્રિપૃષ્ટ નામથી મનુષ્ય પર્યાયમાં હતા. તે વખતે તે સિંહને તેમણે માત્ર ક્રિડાના કૌતુક માટે જ મારી નાંખ્યો હતો. કાંઇ પણ હેતુ તેમજ કોપના કારણ (Provocation) વિના માત્ર ગમ્મતને ખાતર જ અન્યના પ્રાણ લેવામાં જે નિર્ધ્વંસપણું અને બીજાની લાગણી પ્રત્યેની અવજ્ઞા સમાયેલી છે, તેનો બદલો કર્મફળ પ્રદાત્રી સત્તા બહુ જ સખતાઇથી લે છે. ત્રિપૃષ્ટને જેટલો જીવવાનો હક હતો, તેટલો જ તે સિંહને પણ હતો. કર્મની સત્તાએ જે આયુષ્યનું પ્રમાણ તે

સિંહને માટે નિર્ગ્યું હતું તેને અર્ધથી કાપી નાખવાથી, ત્રિપૃષ્ટે કુદરતની સીધી ગતિમાં જે નિર્હેતુક ખળભળાટ ઉપજાવ્યો હતો તેનો બદલો સમયનો પરિપાક થયે ત્રિપૃષ્ટે સહન કરવો જ જોઇએ. મનુષ્યનું કર્ત્તવ્ય, તેની નીચેની કોટીના જીવોને રક્ષવાનું છે. તેનો ઉચ્ચ અધિકાર અને બળ તેણે હલકી કોટીના પ્રાણીઓને દમવામાં નહીં વાપરતા, તેમને પોતાના જેવા અધિકાર તરફ દોરી લાવવા માટે વાપરવું યોગ્ય છે. અને જ્યારે તેમ કરવામાં તે નિષ્ફળ નિવડે છે એટલું જ નહિ પણ પોતાના ઉચ્ચતર સામર્થ્યનો ઉપયોગ તે હલકા જીવોને કનડવામાં કરે છે, ત્યારે કુદરતની સામ્યાવસ્થામાં તે એક પ્રકારનો ક્ષોભ ઉત્પન્ન કરતો હોય છે. કુદરતનો સ્વાભાવિક વેગ એ ક્ષોભને પાછો શમાવી પુનઃસામ્ય સ્થાપવા તરફ હોય છે. અને તેમ કરવામાં જે બળ કુદરતને વાપરવું પડે છે, તે ક્ષોભના પ્રમાણમાં જ હોવાથી આત્મા જે ક્ષોભ ઉત્પન્ન કરે છે તેના તારતમ્ય પ્રમાણે કુદરતને ન્યૂનાધિક ઉદ્યોગ કરવો પડે છે અને આખરે કુદરતની એ પ્રવૃત્તિનો પ્રત્યાઘાત તે ક્ષોભ કરનાર આત્મા પ્રત્યે થાય છે. એ ક્ષોભને

શમાવવામાં કુદરતને જે વખત લાગે છે, તે વખતને આપણા શાસ્ત્રો "કર્મની સત્તાગત અવસ્થા" એ નામથી સંબોધે છે અને જ્યારે કુદરત તેને શમાવી રહે છે અને તેનો પ્રત્યાઘાત તે ક્ષોભ કરનાર આત્મા પ્રતિ થાય છે તે સમયને આપણે "કર્મનો ઉદયકાળ" કહીએ છીએ. એ સત્તાગત અવસ્થામાં, જો આત્મા પોતાના બળનો ઉપયોગ, કુદરતને તે ક્ષોભ શમાવવામાં મદદ કરવામાં કરે છે તો તે મદદના પ્રમાણમાં તેના પ્રત્યેનો પ્રત્યાઘાત ન્યુન બળથી થાય છે. તેથીજ આપણા શાસ્ત્રકારો કહે છે કે જ્યાંસુધી કર્મો સત્તામાં હોય છે ત્યાંસુધી તે નિવારી શકવાની પાત્રતાવાળા હોય છે. અને તે નિવારણ માત્ર, કુદરતની ગતિમાં ઉત્પન્ન કરેલા ક્ષોભને શમાવવા મહેનત કરવી તેમાંજ રહેલું છે. ગર્વીષ્ટ આત્માને ક્ષોભ ઉત્પન્ન કરતી વખતે કે તે પછી તેવું ભાન રહેતું નથી, અને આખરે જ્યારે તે ક્ષોભજન્ય ધક્કાનું તેનાજ ઉપર ઉત્પતન (Rebound) થાય છે, ત્યારેજ તેની આંખ ઉઘડે છે. પણ તે વખતનો પશ્ચાત્તાપ વ્યર્થ છે. તેજ પશ્ચાતાપ જો કર્મની સત્તાગત અવસ્થામાં થયો હોત અર્થાત્ કુદરત તે ક્ષોભ શમા-

વતી હતી તે વખતે થયો હોત તો તે તેનું કાંઈક પરિણામ હોવા યોગ્ય હોત, પણ તે બધું ઉકલી રહ્યા પછી અને કુદરત પોતાનો ફટકો જે વખતે મારે છે તે વખતે તદ્દન વ્યર્થ છે. એટલું જ નહિ પણ નવો ક્ષોભ ઉત્પન્ન કરનાર હોય છે.

તે સુદષ્ટદેવે પોતાની દિવ્ય શક્તિના પ્રભાવથી ભયંકર સંવર્તક વાયુ (Cyclone) ઉપજાવ્યો. અને તે વડે નાવને ડુબાવી દેવા લાગ્યો. ભાગીરથીનું અગાધ જળ ચોતરફ ઉછળવા લાગ્યું, નાવ બચી શકે એવી આશા રહી નહી. સઢ પણ તુટી ગયા, અને તેમાં બેઠેલા સર્વ જણે જીવનની આશા છોડી દીધી. આ ક્ષણે કુંબળ અને સંબળ નામના બે દેવોએ પ્રભુ પ્રત્યે ભક્તિભાવથી પ્રેરાઈ, અને તેમના નિમિત્તે બીજાઓનો પણ પ્રાણ ત્યાગનો સંભવ જાણી બ્હારે આવ્યા, અને તે નાવને બચાવી કિનારે લાવ્યા. ત્યાં બન્ને દેવો પ્રભુને વંદના કરી પોતાને સ્થાને ગયા. આ વિકટ પ્રસંગમાંથી પસાર થવા છતાં તે ક્ષમાનિધાન પ્રભુએ સુદષ્ટ ઉપર ક્રોધભાવ અને ઉપકાર કરનાર બે દેવો પ્રત્યે રાગભાવ દર્શાવ્યો નહિ. દેહ સંબંધી સર્વ શાતા અશાતાના પ્રસંગોથી તેઓ હર્ષ કે

શોકવશ થયા ન હોતા. તેઓ જાણતા હતા કે સુખ દુઃખ જેના દ્વારા ઉત્પન્ન થાય છે તે માત્ર કુદરતી નિયમના સાધન (Agency) છે. તેમના પ્રત્યે થયેલો પ્રત્યેક ભાવ વ્યર્થ છે. મુર્ખ મનુષ્યો જ તે તે પ્રકારના નિમિત્તો પ્રતિ વિવિધ પ્રકારના મનોભાવ સેવે છે. પ્રભુને સુજ્ઞાત હતું કે તે બન્ને કોટીના દેવો પોતે પૂર્વે પ્રવર્તાવેલા કારણો ફળીભૂત થવામાં માત્ર હથીઆરરૂપે હતા. અને એ હથીયાર ઉપર રાગદ્વેષ કરવો એ વ્યર્થ છે. અજ્ઞાન મનુષ્યો, શ્વાન જેમ લાકડી મારનારને નહિ પણ લાકડીનેજ બટકુ ભરે છે, તેમ નિયમને નહિ પણ જે સાધન દ્વારા કર્મ ફળદાત્રી સત્તા તે નિયમ ગતિમાં મૂકે છે, તે સાધન પ્રતિ રાગ દ્વેષ કરે છે. એ બન્ને પ્રકારના શુભાશુભ સાધનો એક સાથે ગતિમાં મુકાયા છતાં તે પ્રભુએ પોતાનું નિરૂદ્વિગ્નપણું ત્યજયું નહિ. ચિત્તની સમસ્થિતિ જાળવવાના ભિષણવૃત્તથી તેઓ જરા પણ ચલિત થયા નહિ. આપણે પામર મનુષ્યો જ્યારે સહજ પ્રસંગોથી રાગ દ્વેષ સેવીએ છીએ, ત્યારે મહાજનો જે વડે પોતાને જીવનત્યાગનો ભય પ્રાપ્ત થાય અથવા સ્થૂલ મૃત્યુથી મુક્ત થવાય, તેવા એકે સાધ-

નમાં હર્ષ શોક કરી બંધનવશ થતા નથી. પવન જેમ સુવાસિત અને દુર્ગંધી ઉભય પ્રકારના દ્રવ્યોને પોતાની સાથે વીંટીને અવ્યાકૂળપણે વહતો ચાલે છે, તેમ મહાત્માઓ પણ પોતાને સુખ ઉપજાવનાર અને દુઃખ દેનાર એ બન્ને પ્રકારના, ઉદયાધીનપણે પ્રાપ્ત થનાર સત્વોને, અવ્યગ્રપણે સાથે લઈ વિચરે છે.

દીક્ષાના સમયથી લઇ કૈવલ્ય પ્રાપ્તિના સમયસુધી બાર વર્ષ પર્યંત મહાવીરપ્રભુએ મૌન ભજ્યું હતું. તેમના ચારિત્રનો આ અંશ અત્યંત બોધક અને સ્વહિત સાધવા પ્રતિ જેમની દ્રષ્ટિ છે, તેમને માટે અમૂલ્ય શિક્ષણથી ભરપૂર છે. તેટલા સમય સુધી તેમણે કોઇપણ પ્રકારનો કોઈને મુદ્દલ ઉપદેશ આપ્યો નથી. એટલું જ નહી પણ તેવા પ્રસંગોનો બનતા સુધી પ્રયત્નવડે પરિહાર કરેલો છે. જેમને કૈવલ્ય શિવાયના ચાર પ્રકારના જ્ઞાનો વિદ્યમાન હતા એવા મહાવીર પ્રભુએ દીક્ષાકાળ પછી તુર્તજ ઉપદેશની પ્રવૃત્તિ શરૂ કરી દીધી હોત, તો જરૂર તેમાં તેમને ન્યૂનાધીક અંશે સફળતા મળી હોત. પરંતુ તેમ ન કરતાં પોતાનું સર્વોત્કૃષ્ટ હિત સાધવા પર્યંત તેમણે મૌન સેવવું યોગ્ય વિચાર્યું, એ કયા હેતુ વિ-

શેષ માટે હતું, એ કોયડો ઉકેલવા આપણે કાંઇક પ્રયત્ન કરીએ.

આત્મા જેટલે અંશે પૂર્ણતાને પ્રાપ્ત થયો હોય છે અથવા પરમપદની નજીક હોય છે તેટલે જ અંશે તે અન્ય મનુષ્યનું હિત કરી શકવા સમર્થ નિવડે છે. જેમના જીવનને હજી સેંકડો બાજુએથી સુધારવાનું બાકી રહ્યું હોય છે, તેવા મનુષ્યો જ્યારે બીજાઓને સુધારવાનો ઝુંડો લઇ મેદાનમાં ઉતરી પડે છે ત્યારે તેથી જગત્‌ની ઉપર માઠી અસર થતા પામે છે. સુધારકનું ચારિત્ર જ્યાંસુધી દોષયુક્ત અને વિકલ હોય છે, ત્યાંસુધી તે બીજાઓને ઉપદેશ આપવાની પ્રવૃત્તિથી સ્વ અને પર ઉભયના હિતનો વિનાશ જ કરે છે. દોષોથી ખરડાયેલા પોતાના અંતઃકરણના ડાઘ પ્રથમ કાઢવાનું કર્ત્તવ્ય છોડી દઇ બીજાના અજ્ઞાનની મેશ ઘસી કાઢી નાંખવાનો ઉદ્યોગ કરવો; એ એક કોલસાની સાથે બીજા કોલસાને ઘસી તે વડે બીજા કોલસાને ઉજ્જવળ બનાવવા ઉદ્યોગ કરવા જેવું છે. મનુષ્યની પ્રથમ ફરજ કમર કસીને પોતાનું જ સંપૂર્ણપણે હિત સાધવાની હોય છે. પોતાનું ઉત્કૃષ્ટ સ્વહિત સાધ્યા પછી પોતાના જ્વલંત

ઉદાહરણવડે તે જેવું બીજાઓનું હિત સાધી શકે છે તેવું પોતાની અપૂર્ણ અવસ્થામાં ગમે તેટલા આવેગથી, કે ધમાલથી સાધી શકતો નથી. સંપૂર્ણ મનુષ્ય થોડા પ્રયત્ને હજારો મનુષ્યના મન ઉપર સ્થાયી અસર કરી શકે છે, ત્યારે અપૂર્ણ મનુષ્યોનો ગાંડાઈ ભરેલો પરહિત સાધવાનો આવેગ બહુ બહુ તો આસપાસના મનુષ્યોની થોડીઘણી પ્રશંસા શિવાય કાંઈ જ ઉત્તમ ફળ પ્રકટાવી શકતો નથી. બહારનો ગમે તેટલો મોટો આડંબર હોય, છતાં ઉપદેશકના અંતઃકરણના વિકારો, ન્યૂનતાઓ અને ખામીઓને લીધે તે કોઇનું ખરૂં હિત કરી શકતો નથી. પોતાના હૃદયમાં જેટલે અંશે જ્ઞાનનો દીપક પ્રકાશતો હોય છે, તેટલા જ અંશે બીજા ઉપર તેની અસર થવા પામે છે. પોતાનું કાંઇ હિત સાધ્યા વિના ઉપદેશવડે બીજાઓનું કલ્યાણ કરી નાંખવાની મૂર્ખાઇ ઉપર પોતાના ઉદાહરણરૂપ અંકુશ મુકવા માટે જ પ્રભુએ એ મૌન સેવ્યું હતું.

પરહિત સાધવાનો આવેગ ઘણીવાર પ્રશંસાની લાલચમાંથી ઉદ્દ્ભવતો હોય છે. તેથી આવી ઉપદેશ પ્રવૃત્તિને જેઓ નિર્દોષ અને પરોપકાર બુદ્ધિમાંથી

ઉદ્ભવેલી માને છે તેઓ ઠગાય છે. સ્વહિતના કલ્યાણના ભોગે અથવા પોતાના અંતઃકરણનું અંધારૂ કાયમ રાખીને જેઓ આ દુનીઆને પ્રકાશમાં ઘસડી લાવવા પ્રયત્નશીલ રહે છે, તેઓ હિતને બદલે ઉલટું પોતાના દ્રષ્ટાંતથી દુનીયાનું અહિત કરે છે. તેથી ઉલટી રીતે જેમનો લક્ષ્ય સ્વહિત સાધવા ભણી છે, અને સાધક અવસ્થામાં પરહિત સાધવાના અવિચાર ભરેલા આવેશમાં તણાતા નથી તેઓ જ આડકતરી રીતે જગતનું ખરૂં હિત કરનારા હોય છે; અને તેમનું સાધકનું પદ પૂર્ણ થયા પછી પોતાના ઉત્કૃષ્ટ ઉદાહરણવડે અસંખ્ય મનુષ્યોના હૃદય ઉપર જ્ઞાનનો પ્રકાશ રેડી શકે છે. બીજાને સુધારી નાખવાનો આવેગ એ એક પ્રકારની નબળાઈ સિવાય બીજું કશું જ નથી. આવી નબળાઈમાં તણાઇ જઈ પોતાના હિતમાં પ્રમાદ સેવવાને પ્રાકૃત હૃદય કેટલું બધું પાત્ર છે તે પ્રભુ જાણતા હતા. અને તેથી જ તેમણે પોતાના મૌન ચારિત્રથી પરોક્ષરીતે આવી નબળાઇથી પોતાનું રક્ષણ કરવાનો આપણને ઉપદેશ આપ્યો છે. જે દોષો પોતામાં વિદ્યમાન છે તે દોષો ત્યજવાનો ઉપદેશ સામા અંતઃકરણ ઉપર માઠી

અસર પ્રકટાવે છે. આવી માઠી અસર ભવિષ્યમાં ઓછી થવા પામે તે માટે જ પોતાના દ્રષ્ટાંતથી પ્રભુએ બતાવી આપ્યું કે ઉપદેશકનું સાધકપદ જેટલે અંશે પૂર્ણ થાય તેટલે જ અંશે તે બીજાઓને ઉપદેશ આપવાને લાયક થયો ગણાય છે.

આજની પરિસ્થિતિઓનું અવલોકન કરતાં પ્રભુના ઉદ્દેશ કરતાં કાંઇ જુદોજ દૃશ્ય ચોતરફ નજરે ચઢે છે. જે આવેશને રોકવા માટે પ્રભુએ પોતાના બાર વર્ષના મૌનવ્રતથી ઉદાહરણ બેસારવા મહેનત કરી હતી, તે આવેશ પોતાના સ્વહિતના ભોગે ઉપદેશકોમાં ભયાનક રીતે ફાટી નીકળ્યો છે. આજે તો કાંઇક સ્હેજ નવું સવું જાણ્યું કે તુર્તજ મોભારે ચઢીને મોટા હોકારા પાડી બીજાને તેનો લાભ આપવાની મિથ્યા પરમાર્થવાળી વૃત્તિ લોકોમાં દુર્નિગ્રહ થઇ પડી છે. બીલાડીના પેટમાં જેમ ખીર ટકતી નથી તેમ આવા મનુષ્યો પોતે જાણેલું-પછી તે ખરૂં હો કે ખોટું-જ્યાંસુધી બીજાને ન સંભળાવે ત્યાંસુધી તેમને આફરો ઉતરતો નથી. પોતે પોતાના મનથી જે સુખનો માર્ગ શોધી કહાડ્યો હોય છે તેને આચારમાં ઉતાર્યા વિના અને તેનો અનુભવગત લાભ

લીધા વિના બીજાને પોતાના નિશ્ચયો ઠસાવવાનું ગાંડપણ આ જમાનામાં એક સાધારણ દર્દ થઈ પડયું છે. આંહીતહીંથી બે ચાર વાતો ભેગી કરી તેઓ મિનારે ચઢીને પોકારે છે કે, 'અરે મુર્ખાઓ ! મેં જે સુખનો માર્ગ ખાસ તમારે માટે શોધી કાઢયો છે તેનો શા માટે તમે સ્વીકાર કરતા નથી ?' પરંતુ જ્યારે જગત્ તેમની કાંઈ જ પરવા કરતું નથી ત્યારે તેઓ કકળી ઉઠે છે કે " હવે જરૂર પાંચમા આરાના ભાવ ભજવાવા માંડયા છે. જો તેમ ન હોય તો અમૃતના જેવો અમારો ઉપદેશ શા માટે આ લોકને ન રૂચે ? ' પણ તેમને ભાગ્યે જ ખબર હોય છે કે જગત્‌ના હૃદય ઉપર ભાસતો પંચમકાળનો પટ એ બીજું કશું જ નહીં પણ તેમના પોતાના હૃદયાંધકારની પ્રતિછાયા હોય છે. જે હિત સાધવા પારકાને તેઓ ઉપદેશ આપતા હોય છે તે હિત પોતાના સંબંધે તેમણે કેટલે દરજ્જે સાધ્યું હોય છે, એ જોવાની દરકાર તેમને કરવી પાલવતી નથી. પોતાની આંતર શુદ્ધિ અને ભાવચારિત્રની પૂર્ણતાના પ્રમાણમાં જ જગત્ તેમના વડે પરમ હિતના માર્ગે દોરાય છે; એ સિદ્ધાંતના વિસ્મરણપૂર્વક તેમનો બધો જ ઉદ્યોગ થતો હોવાથી તેમને પંચમકાળનો પ્રભાવ

પ્રતિક્ષણે ઘનીભાવ પામતો જણાય છે.

બસ, આમ કરશો તોજ તમારૂં કલ્યાણ થવાનું છે અને આ રીતે વર્તશો તોજ તમારો ઉદય થશે, એમ છાતી ઠોકીને બોલનારા ઉપદેશકોની સંખ્યા પૂર્વે કોઇ પણ કાળ કરતાં આ કાળે વધારે હોવા છતાં, શા માટે ઘણા જ થોડા મનુષ્યોનું કલ્યાણ થતું જોવામાં આવે છે? એનો જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે જણાય છે કે તેવો કલ્યાણનો ઉપદેશ કરનારાઓએ પોતાના ઉપદેશનો લેશ પણ રંગ પોતાના હૃદયને લાગવા દીધો હોતો નથી. જેમને પોતાના પરિવેશના કારણોથી ફરજીઆત બોધ આપવો પ્રાપ્ત થયો હોય છે, તેમને એ પ્રવૃત્તિ યંત્રવત્ થઇ પડી હોય છે અને તેથી શ્રોતૃવર્ગ ઉપર એવા બોધનું જે પરાવર્તન થાય છે, તે પણ અસરહિન અને મેઘ ધનુષ્યના રંગ જેવું ક્ષણસ્થાયી હોય છે. તે શિવાય જેમના હૃદયમાં કાંઈ ન્યૂનાધિક આવેગ પ્રકટેલો હોય છે, તેમણે પોતાના નિશ્ચયોને આચારબદ્ધ કરવા માટે ધૈર્ય અને સાહસ કરેલું હોતું નથી અને કાપવાના સો ગાઉમાંથી થોડા ઘણા ડગલાં ભર્યા પછી થાકી ગયેલા હોય છે. આટલો રસ્તો કાપ્યા પછી

તેઓ પોતામાં અનુભવનો સૂર્ય સોળે કળાએ પ્રકટેલો માની લઈ તેનો પ્રકાશ પોતાના મૂર્ખ અને અજ્ઞાન બંધુઓને આપવા માટે કમર બાંધી બહાર નીકળી પડે છે. આ સમયે તેમને એવો તો આવેશ પ્રગટે છે કે જાણે આકાશ પાતાળ એક કરી નાખું એમ તેમને થાય છે. ખાવું પીવું પણ પોતાની ગાંડાઇના બેભાનમાં ભૂલી જાય છે, અને તાબુતના દીવસોમાં ફરતા ઝનુની મુસલમાનોની પેઠે પોતાનો વાવટો પકડીને પોતાની ઢોલકીઓ બજાવતા તેઓ ઘુમ્યા કરે છે. તેઓ એમજ માનતા હોય છે કે મારી બાવી દૈવી ઘેલછાનો રંગ આખા વિશ્વ ઉપર ઘડીના છઠ્ઠા ભાગમાં બેસી જશે અને આખું જગત્ મારા નિશ્ચયને અનુસરવાવાળું બની જશે. ઘણીવાર તો તેઓ એમ પણ માની લે છે કે આવો આવેગ મને પરમેશ્વર અથવા તેથી ઉતરતી કોઈ બીજી દૈવી સત્તા તરફથી પ્રેરવામાં આવેલો છે, અને તે સત્તાએ મારી માર્ફત આ વિશ્વની સુધારણા કરવાનું કામ આદરેલું છે. છતાં જ્યારે જગત્ તેમના સુખદ નિશ્ચયો ઉપર મોહ પામી તુટી પડતું તેઓ જોતા નથી, અને તેમને સોનાના પુષ્પોથી વધાવી લેનાર કોઇ પણ નિકળી

આવતું નથી, ત્યારે તેઓને પ્રથમ તો આશ્ચર્ય થાય છે કે આ તે શું થવા બેઠું છે? મારી આવી અસાધારણ તત્ત્વની વાતો સાંભળવા શા માટે લોકો દોડી આવતા નથી? પછી તેઓ છેડાઇ પડે છે અને આખા જગત્‌ને મૂર્ખ, અજ્ઞાન, દુર્ભવ્ય, પાપમાં મચી રહેનાર વિગેરે અનેક ગાળો ચોપડવા માંડે છે. તેઓ પોતાના લેખો કે ભાષણોમાં પણ, પોતે જાણે કોઇ જગત્‌ની બહારની વ્યક્તિ હોય અને પોતાના શિવાય બીજા બધાજ અંધકારના યુગમાં રહેતા હોય એવા ભાવના વાકય પ્રયોગો કરતા હોય છે. તેમના ગમે તેટલા ધમપછાડા છતાં જગત્‌નું રગશીયું ગાડું તો જેવું ને તેવું જ ધીરી ગતિએ પોતાના નિત્યના ક્રમ ઉપર જ્યારે તેઓ ચાલતું જુએ છે, ત્યારે તેઓ જગત્‌ના કલ્યાણ સંબંધે તદ્દન નિરાશ થઇ જાય છે. ઉપદેશકો? પાછા ફરી જરા તમારા અંતઃકરણની ભૂમિકાનું અવલોકન કરો અને ત્યાં તમને દીવા જેવું સાફ જણાશે કે જે નિશ્ચયો તમે જગત્ પાસે અનુસરાવા માંગો છો તેનો તમને મુદ્દલ અનુભવ નથી, તમારે પોતાને હજી સેંકડો બાજુએથી સુધરવાનું બાકી છે. દુનિયા સુધરવા તૈયાર છે, પણ

પ્રથમ તમે પોતે સુધરીને આવો. પછી જગતને સુધારવા માટે તમારે બોધ પણ દેવાની માથાકુટ મટી જશે. તમારૂં ચારિત્ર અને આચરણા જ તેમને માટે દીવાદાંડીનું કાર્ય કરશે.

આથી કોઇના ઉપર આક્ષેપ કરવાનો મુદ્દલ આશય રાખ્યો નથી. માત્ર મનુષ્ય હૃદયમાં ગુપ્ત અને નિગૂઢપણે રહેલી, એક લજવા યોગ્ય, નબળાઇને ઉઘાડી પાડવા પ્રયત્ન કર્યો છે. પ્રભુએ કૈવલ્ય પ્રાપ્ત થયા પછી પણ જે શૈલીએ ઉપદેશ પ્રવૃત્તિ કરી હતી તેમાંથી પણ અનેક શીક્ષણીય અંશો ગ્રહણ કરવા યોગ્ય છે. તેમણે કદીજ હાલના ઉપદેશકોની માફક બીજાઓના છીદ્ર શોધવા અથવા બીજાઓના ધાર્મિક વર્તન કે આચારવિચાર ઉપર ચોધારી ખડગ ફેરવવા ઉદ્યોગ કર્યો નથી. વિશ્વનું સર્વોત્કૃષ્ટ કલ્યાણ કરવા માટેજ તેમના તીર્થંકરપદનું નિર્માણ હતું. છતાં તેમણે તે નિર્માણ સિદ્ધ કરવા માટે કોઇને પોતાનો ઉપદેશ પરાણે અથવા સામાની અનિચ્છા છતાં આપવાનો પ્રયત્ન કર્યો નથી. તેમજ તેમના આચારવિચારને તરછોડી નાંખી, પોતાના વાડામાં આવવાને

લોકોને લલચાવ્યા નથી. તેમની ઉપદેશ પદ્ધત્તિ શાંત, રૂચીકર, દુશ્મનને પગ તુર્ત ગળે ઉતરે તેવી હૃદયસ્પર્શી, મર્મગ્રાહી, અને તેમના આશયને શ્રોતૃહૃદયમાં સીધી રીતે પરિણમાવે તેવી સરળ હતી. દુનીયા મારા અભિપ્રાયને જ મળતી થઇ જાય, અને મારા આશયને જ અનુસરવાવાળી થાય એવી ઇચ્છા પ્રભુએ કદી જ રાખી નહોતી. તેઓ જાણતા હતા કે એવી ઇચ્છા એ પણ એક પ્રકારની નબળાઈ છે, અને તે મનુષ્ય-હૃદયના બંધારણનું અજ્ઞાન સુચવનારી છે. આખી દુનિયા ગમે તેવા વિવાદ વિનાના વિષય ઉપર પણ કદીજ મતભેદ વિનાની બની નથી. અને ભવિષ્યમાં બનવાનો સંભવ પણ નથી. કહેવાય છે કે, તેમની પહેલી દેશના તદ્દન ખાલી ગઇ હતી, અર્થાત્ તેમના ઉપદેશની અસરથી એક પણ અંતઃકરણ ચલિત થયું નહોતું, છતાં પણ પ્રભુએ તે ઉપરથી દુનિયાના હિત માટે કશીજ ચિંતા દર્શાવી નહોતી. આજે જેમ અનેક મતભેદ અને સંપ્રદાયોની ધમાલ ચાલે છે તેમ તે દેશકાળના સ્વરૂપને અનુસરતી ધમાલ તે વખતે પણ જરૂર ચાલતી જ હશે. કેમકે મનુષ્ય હૃદયનું બંધારણ બધા જ દેશકાળમાં

એકજ પ્રકારનું રહે છે–માત્ર તેના ઉપર પ્રચલિત ભાવનાઓની છાપ જ પડે છે. આજે જેવા મુર્તિપૂજક અને મુર્તિનિંદક એવા બે કેમ્પો સામસામા ગોઠવાઈ ગયા છે, અને સુધારાવાળા તથા સનાતનીઓની છાવણીઓ પોત પોતાની હદ સાચવીને સામાની છાવણીમાં વાણીના ગોળાઓ ફેંકી રહી છે, તેમ પ્રકારાંતરે તે વખતે પણ હતું જ. છતાં આજે મુર્તિપૂજાના ઉપદેશકો, મુર્તિ નહિ માનનારાઓના પ્રભુના ઘરે કેવા બેહાલ થશે તે સંબંધી જે ચિંતા કર્યા કરે છે અને તેમને હરકોઇ પ્રકારે તેમના હાલના અંધકારના પ્રદેશમાંથી ઘસડી લાવી, મુર્તિપૂજાના પ્રકાશમાં લાવવા પ્રભુને સજળ નેત્રે યાચના કરે છે, તેવું કશું જ મહાવીર પ્રભુની ઉપદેશ પ્રવૃત્તિમાં નહોતું. મુર્તિના વિરોધીઓ પ્રભુને પ્રાર્થે છે કે " હે નાથ! શીમલાથી માંડીને શેતુબંધ રામેશ્વર અને દ્વારકાથી માંડીને આસામના પૂર્વના ખુણા સુધીની બધી મુર્તિઓને આ ક્ષણે જ દરીયામાં પધરાવી દો, તોજ હિંદુસ્થાનનું કાંઇક કલ્યાણ થાય તેમ છે. માટે હે પ્રભુ હવે આ ગરીબ હીંદની વ્હારે ચઢી ઝટપટ મારી ધારણાનો અમલ કરો." જાણે હમણા જ પરમેશ્વર, આવી

બેવકુફી ભરેલી પ્રાર્થનાઓ સ્વીકારી લઇ તેમનું ધાર્યું કરી નાખશે, એવા આવેશમાં જાણે કે પ્રભુની યોજનાને મદદ કરતા હોય તેમ તેઓ, બને તેટલી યુક્તિ-પ્રયુક્તિથી બે પાંચ જણને પોતાની પેઠે મુર્તિંપૂજાના વિરોધીઓ બનાવી લે છે; અને હવે થોડા જ વખતમાં આખો આર્યાવર્ત તેમને ભાસેલા સત્યનો અનુભવ કરી તેમને અનુસરનારો બની જશે એમ માની લે છે. છતાં જ્યારે પોતાના હૃદયનો રંગ કોઇને ચઢતો પોતે જોતા નથી, અને ઉત્સાહ વિનાના " સાંઇના ટટ્ટુ " ની પેઠે દુનિયાને થંડે કલેજે ચાલતી જુએ છે, ત્યારે તેઓ પોતાના આવેશમાં ને આવેશમાં પ્રભુને પણ બે ચાર ગાળો ચોપડી કાઢે છે, અને કહે છે કે પરમેશ્વરને પણ દુનિયાનું મહા રાજ્ય ચલાવતાં આવડતું નથી. તેઓ એમ માને છે કે પરમેશ્વરને પોતાના જેવા બે પાંચ સલાહકારીઓ હોત તો આટલું બધું અંધેર ભેગું થવા પામત નહી. દુનિયાને પ્રકાશમાં લાવવાના આવેગથી પ્રેરાએલા દયાપાત્ર મનુષ્યો!!!

કોઇના હૃદયને અરૂચીકર થાય તેવી વાત યદ્યપિ આપણને પોતાને ગમે તેવી કલ્યાણકારક ભાસતી

હોય તોપણ બળાત્કાળથી તેમની આગળ ધરવી અને તેમની પાસે તે સાચી મનાવવાનો પ્રયત્ન કરવો, તે તલવારના જોરથી પોતાનો ધર્મ બીજા પાસે મનાવનાર કોઇ પૂર્વના મુસલમાન રાજાઓના જેવું જ કાર્ય છે. બન્નેની કાર્ય પદ્ધત્તિમાં એટલું બધું સરખાપણું છે કે બન્નેની એક બીજાથી ભાગ્યેજ ચઢતા ઉતરતા માની શકાય. એક સ્થળે પોલાદના શસ્ત્રનો ઉપયોગ થાય છે તો બીજે સ્થળે વાણીરૂપ હથીઆરનો ઉપયોગ થાય છે. એકનો આઘાત સ્થૂળ શરીર ઉપર થાય છે, ત્યારે બીજાનો પ્રહાર હૃદયના મર્મ ભાગ ઉપર અથડાય છે. તફાવત એટલો જ છે કે જ્યારે એકનો ઘા ન્યૂનાધિક કાળે રૂઝાય છે ત્યારે બીજાનો માર્મિક ઘા મરણપર્યંત અને તે પછીના ભવપ્રવાસમાં પણ અવ્યકતપણે કાયમ જ રહે છે. પોતાના નિશ્ચયો–પછી ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય–બીજાના ગળે બળાત્કારથી ઉતારવાનો પ્રયત્ન કરનાર મનુષ્ય, પોતાનું તેમ જ સામા મનુષ્યનું એકાંતપણે અહિત જ કરે છે. કદી પોતાનો નિશ્ચય. ઉતમ અને હિતકારક હોય તો, તેને સામાના હૃદયમાં પરાણે ઉતારવાની પોતાની અયોગ્ય પ્રવૃત્તિથી ઉલટો

તેને તે ઉત્તમ નિશ્ચયથી વધારે ને વધારે વિમુખ રાખે છે, એટલું જ નહિ પણ એકવાર આ પ્રમાણે સામાના મનમાં તે નિશ્ચય સંબંધે દુરાગ્રહ ઠસી ગયા પછી તેને સવળા રૂપમાં યથાયોગ્ય પ્રકારે જોવાનો સંભવ પણ ન્યૂન થતો જાય છે.

ભયંકર શસ્ત્રોવડે થતું યુદ્ધ અને મનુષ્ય સંહાર જેમ અનિષ્ટ છે, તેમ વાણીવડે થતું યુદ્ધ પણ તેટલું જ અથવા તેથી પણ વધારે નિંદ્ય છે. કેમકે સ્થૂળ આઘાતની અસર સ્થૂળ દેહમાં જ પરિસમાપ્તિ પામે છે, પરંતુ વાણીના માર્મિક પ્રહારની અસર આત્માનાં અંતઃસ્તમ પ્રદેશ ઉપર સ્થાયી સંસ્કારરૂપે દીર્ઘ કાળ સુધી રહેવા પામે છે. આખી પૃથ્વી ઉપર સકળ યુદ્ધનો જમાનો નષ્ટ થઈ જાય અને બધે શાંતિનું મહારાજ્ય વિસ્તરે એ જેમ અત્યંત ઇચ્છવા યોગ્ય વસ્તુ સ્થિતિ છે તેમ મર્મભેદક વાણીના યુદ્ધો પણ બંધ પડી આંતરિક શાંતિને ક્ષુબ્ધ કરનાર નિમિત્તોનો લય થાય એ પણ ઇચ્છવા યોગ્ય છે. બન્નેથી થતી હાની અને તેના પરિણામો એક સરખા દુઃખદ અને અનિષ્ટ છે.

અને આમ છતાં આશ્ચર્ય જેવું તો એ છે કે સ્થૂળ યુદ્ધને ત્રાસદાયક ગણી વખોડી કાઢનાર વિદ્વા-

નો વાણીના યુદ્ધમાં રસભેર જોડાય છે. અને પોતાને જે નિશ્ચય અથવા સિદ્ધાંત સાચો ભાસ્યો હોય તે શિવાયના તમામ નિશ્ચયો અને સિદ્ધાંતો ઉપર, પોતાની પંડિતાઈની સરાણે ચઢાવી પાણીદાર બનાવેલા વાણીના શસ્ત્ર સહિત ઝનુનીપણે તુટી પડે છે. પોતાને જે વાત સાચી જણાઈ એનુંજ પ્રતિપાદન કરી, અથવા તે શિવાયના સિદ્ધાંતોમાં ભાસ્યમાન થતી ખામીઓને ન્યાયપુરઃસર યોગ્ય વાણીમાં દર્શાવી, તેઓ બેસી રહે તો તેઓ ખરેખર દુનિયાનું હિત જ કરે છે. પરંતુ તે સાથે તેઓ હજારો મનુષ્યોના હૃદયોને અકારણ વિદીર્ણ અને છિન્નભિન્ન કરી નાખવાના કર્તવ્યને પણ એક ઇશ્વરી ફરજ તરીકે માને છે, અને સહુથી અધિક આશ્ચર્યની વાત તો એ છે કે જ્યારે મનુષ્યોના પ્રાણને અકારણ હણનાર કોઈ જુલમી રાજા ઇતિહાસમાં નિંદાય છે, ત્યારે પૂર્વે કહ્યા તેવા વિદ્વાનો મહાપુરૂષ તરીકે અથવા દુનીયામાં સત્યનું સ્થાપન કરી જનાર તરીકે પૂજાય છે.

મહાવીર પ્રભુએ પોતાનો સમુદાય, બીજા સંપ્રદાયોના સમુદાયના મુકાબલે સંખ્યામાં પાછળ રહી જાય તેની દરકાર કદી કરી નથી. માત્ર પોતાના સં-

બંધમાં આવનાર મનુષ્યોને તેમણે અત્યંત સરલપણે પ્રેમભાવ અને મિષ્ટ વાણીથી તેમના અધિકારને ઘટતો ઉપદેશ આપ્યો હતો. મહાવીર પ્રભુના અનુયાયીઓની સંખ્યા, ગોશાળા જેવા એક સામાન્ય પ્રવર્તકના અનુયાયીઓની સંખ્યા કરતાં પણ થોડી હતી, એજ એમ દર્શાવી આપે છે કે પ્રભુએ કદી પણ પોતાનો વાડો વિસ્તારવા ભણી બીજાની માફક લક્ષ્ય રાખ્યો નહોતો. જો તેમણે તેવો આશય રાખ્યો હોત તો પોતાના અલૌકિક સામર્થ્યવડે તેઓ પોતાને અનુસરનારાઓની મોટી સંખ્યા ઉભી કરી શકયા હોત. પરંતુ તેમના ચારિત્ર ઉપરથી સાફ જણાઈ આવે છે કે તેઓએ પોતાના ઉપદેશરૂપી જળનો ઘડો ઉઠાવી, ઘરે ઘરે દુનીઆને પાવા માટે નિકળવાનો ઉદ્યોગ કર્યો નથી. પ્રભુનો એ એક અનુભવગત સિદ્ધાંત હતો કે દુનીયાના ગળે પોતાનો ઉપદેશ પરાણે વળગાડવાથી તેમનું વાસ્તવિક હિત સધાતું નથી. કદી ક્ષણભર ઉપદેશના દિવ્ય પ્રભાવ કે પ્રતિભાથી અંજાઇ જઇ મનુષ્યો તેમને અનુસરે, પણ તેથી તેમનું સ્થાયી કલ્યાણ થતું નથી. એટલા માટે માત્ર લોક સમુહમાં સત્ય પ્રત્યે રૂચી ઉત્પન્ન થાય અને

તેમના હૃદયમાં ઇષ્ટ ઉપદેશ પરોક્ષપણે-તેમને ખબર પણ ન પડે તેવી રીતે-(unconsciously)-પરિણમી જાય તેવી શૈલીએ પ્રભુએ કામ લીધું હતું. સંખ્યા અથવા સમુહ ઉપર પ્રભુએ કદી ભાર મુકયો નથી, અથવા તેમાં જનહિતનો કાંઇ પણ સંકેત હોય એવું તેઓએ માન્યું નથી. તેઓ જાણતા હતા કે સંખ્યા એ કૃત્રિમ રીતે જમાવેલા ધુમાડાના ગોટા જેવો એક ક્ષણિક દૃશ્ય માત્ર છે. સંખ્યાના બળને ધર્મના મૂળનું, ઉંડાઈનું અથવા વિસ્તારનું માપક તેમણે કદી જ ગણ્યું નહોતું.

લોકોના હૃદય પ્રદેશ ઉપર સત્યનો પટ બેસારવા ભણી જ પ્રભુનું લક્ષ્ય હતું. ગોશાળાની જેમ સંખ્યા વધારવા ભણી ન હતું. પ્રભુ પરિણામદર્શી હતા. સંખ્યાને એકત્રિત રાખનાર મનુષ્ય જ્યારે ચાલ્યો જાય છે ત્યારે સમુહ ધુમાડાની પેઠે ચારે દિશામાં વિખરાઈ જઇ, પાછળ પોતાનું કાંઇ ચિન્હ પણ મુકવા જેટલું કરી શકતો નથી. સંખ્યાનું બળ એકઠું કરવું અને લોક હૃદય ઉપર કલ્યાણની ભાવના અંકિત કરવી એ તદન જુદા જ કાર્યો છે. પૂર્વનું કાર્ય ફતેહમંદીથી કરવા માટે વ્યવસ્થાપક શક્તિ

(Organizing power) આહિ લૌકિક સામર્થ્યોની અપેક્ષા છે. ત્યારે પાછળનું કાર્ય કરવા માટે જન કલ્યાણ ઉપર વિશુદ્ધ પ્રેમ અને કાંઈપણ અલૌકિક આશયના પ્રભાવની જરૂર છે. પ્રભુએ પૂર્વનો હેતુ છેક ગૌણપણે રાખી માત્ર મનુષ્યના વાસ્તવિક અને ખરા હિત ભણી જ વિશેષ લક્ષ્ય રાખ્યું હતું, અને જેમ બને તેમ પોતાને અનુભૂત થયેલા સુખદ સિદ્ધાંતોને જન-મન ઉપર ઉંડા કોતરવાનો જ ઉદ્યોગ કર્યો હતો. સંખ્યાના બળમાં શ્રદ્ધા રાખનાર ગોશાળાનો એક પણ અનુયાયી હિંદના ચારે ખુણામાં આજે શોધ્યો પણ જડતો નથી અને તેનાં સિદ્ધાંત સંબંધે કાંઇ અવશેષ ચિન્હ સરખું પણ ભાગ્યે જ રહેવા પામ્યું છે. ત્યારે માત્ર જનહિતની જ ચિંતા રાખનાર પ્રભુના અનુયાયીઓની સંખ્યા છેવટે પંદર લાખ જેટલી પણ રહી શકી છે. જ્યારે બુદ્ધ જેવા એક કાળે (અશોકના કાળમાં) સમસ્ત હિંદ ઉપર ધર્મચક્ર વિસ્તારનાર દર્શનને હિંદમાં ઉભા રહેવાનું પણ આજે સ્થાન નથી, ત્યારે જૈન પોતાની ધર્મ ભાવનાની ઉંડાઇના બળથી અનેક વિરોધો અને વિકટ મામલાઓ વચ્ચે હજીસુધી પોતાનો પગ દઢપણે

જમાવી રહેલ છે. આ પ્રતાપ માત્ર પ્રભુની ઉપદેશ શૈલીનો જ હતો. તેમની વાણીના અતિશય સંબંધી જે કાંઇ જૈન શાસ્ત્રો વદે છે તે તેમની ઉપદેશ શૈલીનો પ્રભાવ દર્શાવવાનો પ્રયત્ન માત્ર છે.

પોતાના ચરણન્યાસ વડે પૃથ્વીને પવિત્ર કરતા એક સમય વીરપ્રભુ રાજગ્રહી નગરીમાં આવી પહોંચ્યા. ત્યાં તેમને ગોશાળા નામનો એક મનુષ્ય શિષ્ય થવાની ઇચ્છાથી મળ્યો. પ્રભુ તે વખતે પોતાને કોઈના પણ ગુરૂ તરીકે સ્વીકારવા ના પાડતા હતા. જ્યાં સુધી મનુષ્ય પોતાનું સર્વોત્કૃષ્ઠ કલ્યાણ સાધી શકયો નથી ત્યાં સુધી તેના વડે અન્યનું કાંઈજ દારિદ્રય ફીટી શકતું નથી, એમ પ્રભુ સમ્યગ્ પ્રકારે જાણતા હોવાથી, ગોશાળાની યાચનાના પ્રત્યુત્તરમાં તેમણે મૌનજ દાખવ્યું. છતાં ગોશાળો પ્રભુનો સહવાસ છોડતો નહોતો, તે પોતાની મેળે મહાવીરમાં ગુરૂબુદ્ધિ સ્થાપી ભિક્ષાવડે પ્રાણવૃત્તિ કરતો હતો. સત્યની તેને કાંઇક જીજ્ઞાસા હતી. આત્મશક્તિના વિકાશ માટે યોગ્ય પુરૂષાર્થ કરવા તે તત્પર હતો. છતાં કમનસીબે જે કાળે પ્રભુ ઉપદેશના કાર્યથી વિમુખ હતા, તે અવસરે ગોશાળો મહાવીરના સંબંધમાં

આવવાથી તેણે જે બોધ પ્રભુ પાસેથી પોતાની મનોકલ્પનાએ ગ્રહણ કર્યો હતો તે તદ્દન એકતરફી અને અનિષ્ટકર નિવડયો. પોતાની મતિ કલ્પના અને અનુમાન વડે જે કાંઇ ગ્રહણ કરવામાં આવે છે તે કેટલીક વાર કેવું અહિતકર થઇ પડે છે તેનું ગોશાળો એ યોગ્ય દૃષ્ટાંત છે. તે ઘણીવાર પ્રભુને ભાવિમાં બનવાના પ્રસંગો સંબંધે પૂછતો અને પ્રભુ તેનો જે ઉત્તર આપતા તેજ પ્રમાણે બનતું હોવાથી, તેણે નિશ્ચય બાંધ્યો કે જે કાંઇ બનવા યોગ્ય છે તેમાં મનુષ્યના પ્રયત્નથી કોઇ કાળે અન્યથા થઇ શકતું નથી. આ " નિયતિવાદ " તેના હૃદયમાં અનેક કારણોથી એવો દૃઢપણે ઠસી ગયો હતો કે તે તેના જીવન પર્યંત ખસ્યો નહિ, અને પાછળથી પણ એજ કારણથી તે જૈન ધર્મથી વિમુખ થઈ પોતાના સ્વચ્છંદને વિસ્તારવા લાગ્યો. આ મતભેદના કારણોથી આપણા ઘણાક જૈન ગ્રંથકારોએ ગોશાળાને અત્યંત અસહિષ્ણુપણે નિંદ્ય સ્વરૂપમાં દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે, છતાં એટલું કહેવું પ્રાપ્ત થાય છે કે, ગોશાળાને જેવો મૂર્ખ, કમઅક્કલ અને છેક ઉન્મત્ત ચિતરવામાં આવ્યો છે તેવો તે નહોતો. ખરૂં છે કે મતભેદની

દષ્ટિ આપણને સામા મનુષ્યને તેના ખરા સ્વરૂપે જો-વામાં અંતરાય કરે છે, અને આપણા રાગદ્વેષના તારતમ્ય અનુસાર તેના વાસ્તવ સ્વરૂપને આપણે ન્યૂનાધિક અંશે વિકૃતરૂપે જોઇએ છીએ, છતાં પ્રસ્તુત પ્રસંગે એવા મતભેદના કારણોથી ગોશાળાને જેવા રૂપે કેટલાક જૈન ગ્રંથકારો આપણી આગળ રજુ કરે છે તે કોઇ રીતે ક્ષંતવ્ય નથી. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે ગોશાળાની જે ચેષ્ટા આલેખી છે તે જોતાં અજાણ્યા મનુષ્યને ગોશાળા સંબંધે એવો જ અભિપ્રાય બાંધવો પડે કે, તે કોઇ ગાંડાની ઇસ્પિતાલમાંથી ભાગી છુટેલો શખ્સ હોવો જોઇએ. પરંતુ મનુષ્યની સા-માન્ય બુદ્ધિ તેને તેવો સ્વીકારવાની ના પાડે છે. આપણા શાસ્ત્રો પણ જણાવે છે કે સ્વયં મહાવીર કરતાં ગોશાળાનો અનુયાયી સમાજ મોટો હતો. જે કાળે બુદ્ધ, જૈન અને બ્રાહ્મણો વચ્ચે તીવ્ર રસાકસી ચાલતી હતી તે વખતે ખુદ મહાવીર કરતાં પણ ગોશાળાના અનુયાયિઓનું સંખ્યાધિક્ય હોવું એ બીજું કાંઇ જ નહીં પણ તેની પ્રવર્ત્તક શક્તિ, અને લોકોના હૃદયને સ્પર્શી શકવાનું તેનું સામ-ર્થ્ય સૂચવી આપે છે. જે પ્રભાવથી ગોશાળો આ કાર્ય કરી શકયો, તે પ્રભાવની શ્રી હેમચંદ્રાચાર્યને

ગોશાળો જે સ્વરૂપે ઇષ્ટ છે તે સાથે કેવા પ્રકારે સંગતિ સાધી આપવી તે સમજી શકાતું નથી. ગોશાળાને તેઓ લોકોની ગુપ્તપણે રતિક્રીડા જોનાર, વિકૃત વેષ ધારણ કરી કૌતુક કરનાર અને બીજાઓની અયોગ્ય પ્રકારે ઠઠ્ઠા-મશ્કરી કરવાથી જેનો તેનો ઘરાઇને માર ખાનાર રૂપે ખડો કરે છે.

એક વખતે તો કોઈ વાસુદેવના મંદિરમાં પ્રભુ રાત્રીવાસ રહેલા. ત્યાં ગોશાળાએ, નિર્લજ્જપણે પ્રતિમાની સામે પુરૂષચિન્હ કરી ઉભો રહેવા જેટલી હદે ધૃષ્ટતા અને નીચતા દાખવ્યાનું શ્રી હેમચંદ્રાચાર્ય જણાવે છે. પરંતુ મહાવીર પ્રભુના સમયનું બુદ્ધ વિગેરેનું સમકાલીન સાહિત્ય જોતાં ગોશાળો છેક આટલો બધો નષ્ટજ્ઞાન અને વિક્ષિપ્ત ચિત્તનો હોય એમ માની શકાતું નથી. તેણે તે કાળે પ્રવર્તાવેલો આજીવક મત અત્યારે હીંદમાં લુપ્ત થઈ ગયો છે, અને તેના શું મુખ્ય સિદ્ધાંતો હતાં તે પણ ભાગ્યેજ કોઇના જાણવામાં છે. પરંતુ બુદ્ધ અને મહાવીર પ્રભુના કાળમાં અને છેવટે અશોક મહારાજાના સમયમાં તે એક બળવાન પ્રચલિત મત હતો એવું પ્રો૦ કર્ન (Prof. Kern)નું માનવું છે. ખુદ અશોકે પણ ગોશાળાના આજીવક મત સંબંધમાં શી-

લાલેખો કોતરાવેલ છે. જીવદયા એ ગોશાળાના મુખ્ય સિદ્ધાંતોમાંનો એક હતો. આ સંબંધે મનોરંજન ઘોષ નામનો એક વિદ્વાન્ લખે છે કેઃ—

"The history of the Ajivkas reveals the curious fact that sacredness of animal life was not the peculiar tenet of Budhism alone but the religion of Sakyamuni shared it with the Ajivkas and the Nigrantas. They had some tenets in common but differed in details...They were naked monks practising severe penances. We find the Ajivkas an influential sect in existence even in the life time of Buddha. Mokkali Gosala was the teacher of the Ajivakas with whom Gautam Buddha had a religions controversy."

અર્થાત્:-" આજીવકોના ઇતિહાસમાંથી આપણને એક જાણવા જેવી એ હકીકત મળે છે કે જીવદયા એ માત્ર બુદ્ધનો એકલાનો જ ખાસ સિદ્ધાંત નહોતો. પણ આજીવકો અને નિર્ગ્રંથો (જૈનો) નો પણ એજ સિદ્ધાંત હતો. ઘણાખરા નિયમો એ સહુને સાધા-

રણુપણે હતા. માત્ર વૃત્તાંતના આખ્યાનમાં ફેર છે.... આજીવકો શરીરે નગ્ન રહેતા અને ઘણી આકરી તપશ્ચર્યા સેવતા....આપણે જોઇ શકીએ છીએ કે આજીવકોનો બુદ્ધના સમયમાં પણ એક પ્રભાવયુક્ત સંપ્રદાય હતો. મંખલી ગોશાળો તેમનો નેતા હતો અને તેની સાથે ગૌતમબુદ્ધને એક વખતે ધાર્મિક તકરારમાં ઉતરવું પડયું હતું."

"Ancient civilization" નામના ગ્રંથમાં તેનો વિદ્વાન્ કર્ત્તા લખે છે કે,

Among the other sects of ascetics which flourished side by side with the Budhist and Nigranthas (Jains) in the sixth century B. C, the Ajivakas founded by Gosala were the best known in their day. Asoka named them in their inscriptions along with Brahmins and Nigranthas Gosala was therefore a rival of Buddh and Mahavir, but this sect has now ceased to exist.

અર્થાત્ ઇસ્વીસન પૂર્વે છઠ્ઠા સૈકામાં બૌદ્ધો અને નિર્ગ્રંથો (જૈનો) ની સાથે સાથે બીજા જે ત્યાગ

ધર્મવાળા સંપ્રદાયો વર્ત્તતા હતા, તેમાં તે વખતે ગોશાળાએ સ્થાપેલો આજીવક મત સહુથી વધારે પરિચિત હતો. બ્રાહ્મણો અને જૈનો સાથે તેમને પણ પોતાના શીલાલેખોમાં અશોકે ગણતરીમાં લીધા છે. તે ઉપરથી ગોશાળો એ બુદ્ધ અને મહાવીરનો પ્રતિસ્પર્ધી હતો, પરંતુ હવે તે સંપ્રદાય બંધ પડી ગયો છે.

હાલના ઐતિહાસિક અન્વેષણ (historical research) ઉપરથી એટલું જોઈ શકાય છે કે ગોશાળો એક સમર્થ મતપ્રવર્તક હતો. પરંતુ કોઈ કારણસર મહાવીર સાથે તેને મતભેદ થવાથી, તે પાછળથી તેમનો વિરોધી થયો હોવો જોઈએ. અને એ મતભેદને લીધે મહાવીરના તે કાળના અનુયાયીઓમાં ગોશાળા માટે વિરોધતાની છાપ બેસી ગયેલી હોવી જોઈએ. એ છાપ સાંપ્રદાયિક પરંપરાએ ક્રમાગત થઈ. છેવટે જ્યારે જૈન સિદ્ધાંતો લેખારૂઢ થયા ત્યારે તેને તેમાં સ્થાન મળ્યું હોય એમ જણાય છે. બૌદ્ધના સાહિત્યમાં ગોશાળો એટલો બધો વિકૃત વર્ણમાં નજરે પડતો નથી. બીજું કાંઈ નહી તોપણ ૨૫૦૦ વર્ષના કાળના ઘસારામાં જેનું નામ, જેવું તેવું એ

પણ જળવાઈ રહ્યું છે તે મનુષ્ય ખરેજ કાંઈ સત્વ-યુક્ત હોવો જોઇએ.

દીક્ષા ગ્રહણ કર્યા પ્રભુને આઠ વર્ષ પૂર્ણ થયાં. આઠમું ચાતુર્માસ રાજગ્રહી નગરીમાં પૂર્ણ કર્યા પછી પોતાની પરિચિત ભૂમિ ત્યજીને, મિત્રો, સ્નેહીજનો અને નિત્યની ઓળખાણવાળા મનુષ્યોના સંસર્ગ વિનાના પ્રદેશમાં વિચરવું તેમણે યોગ્ય વિચાર્યું. અત્યાર સુધી પ્રભુ જે જે સ્થાનોમાં વિચર્યા હતા, તે બધો પ્રદેશ ઉત્તમ આચાર વિચારના સજ્જનો વડે વસાયેલો હતો. અને પોતે એક રાજપુત્ર હોવાથી તેમજ જે વયે એક પામરમાં પામર મનુષ્યને પણ ઇન્દ્રિય વિલાસનો સ્વાદ મધુર લાગે છે તે વયમાં, તેમણે સંસાર ત્યાગનું ભિષણ વૃત્ત અંગીકાર કરેલું હોવાથી, તેમની કીર્ત્તિની સુવાસ વસંતના અનિલની માફક ચતુર્દિશ વિસ્તરેલી હતી. તે કાળ સુધીમાં પ્રભુ જે જે સ્થાનોમાં વિચર્યા હતા ત્યાં ત્યાં લગભગ તમામ સ્થળે તેમનું યોગ્ય સન્માન અને આદર સત્કાર થતો હતો, એમ આપણા જૈન ગ્રંથકારો જણાવે છે. પ્રભુએ એમ ચિંતવ્યું કે હજી મારે ઘણું કર્મ નિર્જરવાનું છે, અને નિર્દય લોકો દ્વારા શરીરકષ્ટ અનુભવ્યા વિના

તે કર્મની નિર્જરા થશે નહિ, તેથી તેમણે અનાર્ય ભૂમિમાં વિચરવાનો નિશ્ચય કર્યો. પ્રભુના અંતઃકરણમાં તે સમયે શું ભાવ હશે તે તો કોઇથી કહી શકાય તેમ નથી. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે તેમના આદર્શભૂત જીવનના આ પ્રસંગમાંથી આપણે માટે એક ઉત્તમ શિક્ષણ ઉપલબ્ધ થાય છે. પ્રભુની આત્મ અવસ્થા તો તે કાળે એવા પ્રકારની હતી કે અત્ર તત્ર અને સર્વત્ર તેમનુ ચિત્ત સમાધાનમય જ હતું. તેમની તમામ ચર્યા ઉદયાધીન અને આત્મપ્રતિબંધ રહિત હતી. આર્ય કે અનાર્ય ઉભય ક્ષેત્રોમાં તેમને મન એક સરખાપણું હતું. તેમના ઉપર કોઈ સન્માનના પુષ્પ ચઢાવે કે અપમાનનો કીચડ ફેંકે તોપણ ઉભય આચરણમાં તેમને મન લેશ પણ ન્યુનાધિકય નહોતું. છતાં પ્રભુ પોતાના પરિચિત પ્રદેશને છોડી અજ્ઞાત સ્થાનોમાં ગતિ કરવા ઉદ્યુક્ત થયા તે માત્ર જગતને દ્રષ્ટાંતમયતા પુરી પાડવા માટે જ હતું. પોતે આઠ વર્ષ સુધી દીક્ષિત અવસ્થામાં જે લોકસન્માન પામ્યા હતા તેથી, સામાન્ય અંતઃકરણને સુલભ એવી અભિમાનની લેશ પણ ભાવના, તેમના હૃદયમાં પ્રકટવા પામી નહોતી, કેમકે પ્રભુ તો તે બાલભૂમિ-

કાને ઘણા કાળથી ઉલંઘી ગયા હતા. પરંતુ પોતાનો ભાવી અનુયાયી દીક્ષિતવર્ગ પ્રભુના દ્રષ્ટાંતને અનુસરી, જ્યાં માત્ર સન્માન અને પરિચિત સંયોગોની પ્રાપ્તિ હોય ત્યાં જ પડયો ન રહે તેટલા માટે અને દીક્ષિતોની વિચરણ ક્રિયા સંબંધી એક સબળ ઉદાહરણ પુરૂં પાડવા માટે તેઓ આર્ય અને સભ્ય સમાજના નિવાસની હદ ઓળંગી, જ્યાં અધમ અને નિકૃષ્ટ પ્રકૃતિના લોકો વસતા હતા ત્યાં પધાર્યા. સંસારનો સંબંધ છોડયા પછી મોહના પ્રબળ નિમિત્તોમાં વસવું એ કરતાં સંસાર તજ્યાનો બાહ્ય પરિવેશ ધારણ કરી પોતાના અને પરના આત્માને પ્રવંચનામાં ન નાખવો એ અધિક ઉચિત ગણાવા યોગ્ય છે. જગત્‌ની પ્રશંસા એ એક એવો પ્રબળ વેગવાળો પ્રવાહ છે કે તેના પૂરમાં ચઢયા પછી બુદ્ધિમાનોને પણ પોતાની ખરી અવસ્થાનું ભાન વિલુપ્ત થાય છે. બાહ્ય પરિવેશથી અનુરંજીત થયેલ સમાજ તેનામાં જે ગુણ ન હોય તેનું પણ આરોપણ કરતો ચાલે છે, અને તે મુગ્ધ મનુષ્ય ઘણીવાર તે આરોપના ચળકાટથી અંજાઇ જઇ તેનો પોતાનામાં અજ્ઞાતપણે સ્વીકાર પણ કરી બેસે છે. આથી જગત્‌માં એક મ-

હાન્ પ્રતારણાનું તત્વ દાખલ થઈ ગયું છે. આફતથી રક્ષણ કરવું એ એક સુકર અને સુખસાધ્ય વિષય છે, પરંતુ પ્રશંસાથી બચવું એ અત્યંત દુષ્કર અને વિષમ છે. અભિમાનને દાખલ થવાના દ્વાર આત્માના પ્રદેશે પ્રદેશે રહેલા છે, અને જ્યારે તે ત્યાં ભરાઇ જવા પામે છે ત્યારે, આત્માને શરીરમાં વાયુ ભરાઇ જવાથી થાય છે, તેવો એક જાતનો સંધીવા થાય છે. પછી તેનાથી આગળ ગતિ થતી નથી. આસપાસના વર્ગની સ્તુતિરૂપી વજનદાર તોક તેના ગળામાંથી પછી ભાગ્યે જ નિકળવા પામે છે. અને આખરે કેટલી બુરાઇની હદે તે આત્મા ઘસડાય છે તે પણ નિશ્ચિત થઇ શકતું નથી. ખાસ કરીને આ કાળે આ તાત્ત્વિક મર્મનો લોપ થયેલો જોવામાં આવે છે. આક્ષેપ કરવાનો હેતુ નથી, અને, તેમ કરવાનો અમને અધિકાર પણ નથી, પરંતુ એટલું તો કહ્યા વિના ચાલતું નથી કે પ્રભુનું અનાર્ય ભૂમિમાં વિચરણ એ હાલના માત્ર પરિચિત ક્ષેત્રમાં વિચરતા મુનિઓ માટે બહુ સાર ગ્રહણ કરવા યોગ્ય છે. અનાર્ય ક્ષેત્રમાં જવાવડે ખરી રીતે પ્રભુ ઉપસર્ગના પ્રદેશમાં ગયા નહોતા પણ સન્માન, સ્તુતિ અને સ-

પ્રકારના અનુકૂળ ઉપસર્ગથી બચ્યા હતા. પોતા પ્રત્યે થતું પ્રતિકૂળ આચરણ એ માત્ર એકજ ઉપસર્ગ નથી. પરંતુ જેના પરિણામે આત્મા સંસારમાં ઉંડો સરી જાય તેજ ખરો ઉપસર્ગ છે. અને બાળ હૃદય માટે સ્તુતિજન્ય અભિમાન જેવું બીજું એકે અનિષ્ટ નથી. આ વાત જરૂર, પ્રભુના હૃદયમાં હોવી જોઇએ. નહીંતર પોતાના વર્તનથી જગતને કયો બોધ પુરો પાડવો તેમને ઇષ્ટ હોય ? તીર્થંકરના જીવનનો એક પણ બનાવ નિર્હેતુક હોતો નથી. તેના એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ વ્યતિકરમાં પણ કાંઇક ઉંડો મર્મ રહેલો હોય છે. અને પ્રભુના અનાર્ય ક્ષેત્રમાં વિહરવા રૂપ વર્તન માંથી ઉપર જણાવ્યા શિવાય અન્ય એકે બોધક ધ્વની નીકળતો ન હોવાથી એજ બોધામૃતનુ પાન કરાવવાનો પ્રભુનો આશય હોય એમ સ્વીકાર્યા વિના ચાલતું નથી. પરિચિત અને સ્તોતૃવર્ગના સંકીર્ણ પ્રદેશની સીમાના આવરણને ભેદી આપણો મુનિ સમુદાય પ્રભુના આ આશયને કયારે સફળ કરશે ?

જે કાળે આઠમું ચાતુર્માસ પૂર્ણ કરી પ્રભુ મ્લેચ્છો અથવા અનાર્ય ભૂમિમાં વિચર્યા તે કાળે આર્ય અને અનાર્યનો ભેદ માત્ર આચરણ અને સભ્યતાના ધોરણ ઉપર હતો. આર્ય અને અનાર્ય એવા જે વિશિષ્ટ વર્ગ

વેદિક યુગમાં પ્રવર્તતા હતા તે મહાભારતની લઢાઇ પછી લગભગ લુપ્ત થઇ, માત્ર નામાવશેષ રૂપે જ રહેવા પામ્યા હતા. આર્ય અને અનાર્ય એ ઉભયના વિરોધી તરીકે તે કાળે એક નવો "મ્લેચ્છ" એવો શબ્દ વ્યવહારમાં આવ્યો હતો. જાતિ અને વર્ણ જન્ય ભેદ ગૌણ થતાં ગુણ અને સંસ્કારથી ઉપસ્થિત અભિમાન તુટી જઇ, ગુણ એ ઉચ્ચતાનું પ્રમાણ મનાતું થયું હતું. જો કે તે કાળના બ્રાહ્મણો જાતિ અને વર્ગજન્ય વિશિષ્ટતા સાચવી રાખવા મથતા હતા, છતાં કૃષ્ણ અને પાંડવો જેવા ઉદાર દૃષ્ટિવાળા પુરૂષોના પ્રતાપથી, તેવી સંકીર્ણ ભાવનાને ઘણા કાળ સુધી દબાઇ રહેવું પડયું હતું. જ્યારે જ્યારે બ્રાહ્મણોના સ્થિતિસંરક્ષણ વલણો (Orthodox Tendencies) જોરમાં આવતા ત્યારે વર્ગના ભેદને આગળ પડતો કરવા તેઓ ચુકતા નહીં. છતાં મનુસ્મૃતિકાર જેવા રૂઢી સંરક્ષકને પણ આર્ય અનાર્યના કૃત્રિમ ભેદ ઉપર ઢાંક પીછોડો કરનારાં વચનો * લખવાં પ-

* जातो नार्यामनार्यायामार्यादार्यो भजद् गुणैः ।

અર્થાતઃ—આર્યને અનાર્ય સ્ત્રીના ઉદરથી સાંપડેલ સંતતિ તે પણ ગુણમાં આર્યજ છે,

ડયા એ એજ સિદ્ધ કરે છે કે જાતિ અને વર્ગજન્ય ભેદ તરફ જન મંડળની ભાવના મંદ થતી જતી હતી. જેના લક્ષણુ ઉત્તમ હોય તે આર્ય, પછી ભલે વાર્ણિકદૃષ્ટિથી તે ગમે તે હો, અને હીન સંસ્કાર-યુક્ત મનુષ્યો "મ્લેચ્છ" શબ્દથી સંબોધાતા હતા. અનાર્ય શબ્દ જ્યાં જ્યાં વપરાતો ત્યાં ત્યાં બહુધા તે અશિષ્ઠતાનોજ સૂચક હતો, અર્થાત્ "મ્લેચ્છ" શબ્દના અર્થમાં વપરાતો હતો. "મ્લેચ્છો" આર્ય ભાવનનના વિરોધી અને દ્વેષી હતા અને તેમની પ્રત્યેક ક્રિયામાં વિઘ્ન નાંખવા પ્રત્ન કરતા હતા. પ્રથમ તેઓ આર્યોની વસતીમાં ઘણે ભાગે રહેતા હતા- પણ જેમ જેમ આર્યો સત્તામાં આવતા ગયા તેમ તેમ તેમને જુદા દૂરના પ્રદેશોમાં હાંકી કાઢવામાં આવ્યા હતા. મહાવીરના યુગમાં તેવા મ્લેચ્છ લોકો ઘણે ભાગે મગધ, રાજગ્રહી, વૈશાલી આદિ સભ્ય પ્રદેશ સમુહની પૂર્વે, અને દક્ષીણે દરીયાકાંઠે વસતા હતા. મહાભારતની છેલ્લી આવૃત્તિ થઇ ત્યારે-મહાવીર પ્રભુના કાળ પછી લગભગ બસેં વર્ષે-ઉપરોક્ત પ્રદેશો અનાર્ય પ્રદેશો તરીકે ઓળખાતાહતા* આ મ્લેચ્છ

* The Dravidians and the Vangas in

પ્રદેશો આર્ય પ્રદેશોથી બહુ દૂર હોય એમ જોવામાં આવતું નથી. પૂર્વમાં આસામ અને દક્ષીણ પૂર્વ બંગાળમાં તેમનો નિવાસ હોય એમ અનુમાન થાય છે. કેમકે આર્ય પ્રદેશમાંથી મ્લેચ્છોના દેશમાં અને મ્લેચ્છોના પ્રદેશથી આર્યોના દેશમાં, પ્રભુ ટુંકી મુદતમાં આવી શકતા હતા. નવમું ચાતુર્માસ અનાર્ય ભૂમિમાં પૂર્ણ કરી તુર્તજ ત્યાંથી પ્રભુ સિદ્ધાર્થપુરમાં આવ્યાની હકીકત સુપ્રસિદ્ધ છે.

---

the farthest south and the farthest east were still looked upon as non-Aryan, while the people of Arya-Varta delighted People in calling themselves Aryas and prided themselves upon their moral superiority to other races (Epic India)

અર્થાત્—દૂરતમ દક્ષિણ અને પૂર્વ પ્રદેશસ્થ દ્રાવીડીઅનો અને વંગ (પૂર્વ બંગાળ) ના લોકો અનાર્ય તરીકે લેખાતા હતા અને આર્યાવર્તના લોકો પોતાને આર્ય શબ્દથી સંબોધવામાં આનંદ માનતા અને બીજા કરતા પોતાની આધ્યાત્મિક ઉચ્ચતા માટે અભિમાન રાખતા હતા.

આ વિહારના પ્રસંગોમાં ગોશાળો પ્રભુની સાથે જ હતો. તેઓ બન્ને એક પ્રસંગે કુર્મ નામના ગામમાં આવ્યા, ત્યાં ગોશાળાને એક વૈશિકાયન નામના તાપસ સાથે પ્રસંગ પડયો. ગોશાળાએ તે ધ્યાનસ્થ અને સૂર્યની સામે હાથ ઉંચા રાખી ત્રાટક કરી રહેલા તપસ્વીને તેની ક્રિયાનો મર્મ ઉદ્ધતાઈથી પૂછવા માંડયો. છતાં તે મુનિ ઘણો કાળ શાંતિથી તે અપમાનભર્યા શબ્દો સાંખી રહ્યો, અને કાંઈ પણ ઉત્તર આપ્યો નહીં. ગોશાળાને આટલેથી સંતોષ થયો નહીં. તેણે એ તાપસના આચરણથી અત્યંત ઉચ્ચ પ્રકારનું તપશ્ચરણ પ્રભુમાં અનુભવ્યું હતું, તેથી આવા એકાંત શરીરકષ્ટ પ્રત્યે તેને અરૂચી હોય એ સ્વાભાવિક હતું. સભ્ય અને વિનિત સમાજના પરિચયમાં રહેલ મનુષ્યને જેમ જંગલી મનુષ્યની રીતભાત ગમતી નથી, તેમ મહાવીર પ્રભુના અત્યંત પ્રૌઢ ચારિત્ર અને ઉત્કૃષ્ટ ચોગના સંબંધમાં આવનાર ગોશાળાને, આ તાપસની એવી બાળ તપસ્વીતા અભિમત ન થાય એ સ્વાભાવિક હતું. પરંતુ તેણે જે તુચ્છતાથી એ તાપસને સંબોધન કર્યું હતું તે તદ્દન અયોગ્ય હતું. તેણે અભિમાનપૂર્વક તેને પૂછયું-

"અરે તાપસ! તું શું તત્ત્વ જાણે છે? આ તારી લાંબી જટાને લીધે તું સ્ત્રી છે કે પુરૂષ તે પણ સમજાતું નથી!" મહાવીરનો આટલો સહવાસ સેવ્યા પછી ગોશાળે જાણવું જોઇતું હતું કે આમ સામાના વર્તન ઉપર હુમલો કરવાથી કાંઇ તે માણસ પોતાનું વર્તન છોડી દેતો નથી. પરંતુ ઉલટો તે પોતાના મૂળ વર્તનને બમણા જોરથી ચોંટી રહે છે. ગમે તેવી અનિષ્ટકર વસ્તુ આપણે તેના હિત ખાતર સામા પાસેથી ખુંચાવી લેવા માંગીએ તોપણ તે મૂકતો નથી. એટલું જ નહીં, પણ આપણા તે ખુંચાવી લેવાના પ્રયત્નરૂપ વર્તનથી, આપણે આપણા ઇરાદાથી ઉલટું જ કાર્ય કરતા હોઇએ છીએ. અર્થાત્ ભવિષ્યમાં પણ તે મનુષ્ય પોતાના અનિષ્ટ આગ્રહને ત્યજી દે એવા સંભવો આપણે દૂર કરતા જઇએ છીએ. આપણા બળાત્કારથી માત્ર આપણે તેને તે વસ્તુને બમણા જોરથી વળગી રહેવાનું જ શિક્ષણ અજ્ઞાતપણે આપીએ છીએ. ગોશાળાના તાપસ પ્રત્યેના સંબોધનમાં તેનો ઈરાદો ગમે તેવો સાફ હોય, તો પણ મનુષ્ય પ્રકૃતિના ઉપરોક્ત વલણને તેણે લક્ષ્યમાં રાખ્યું નહીં, તેથી તેના એવા સંબોધનથી પેલો તા-

પસ ઉલટો પોતાનો ઉપશમ સ્વભાવ, જે તેણે કેટલોક વખત જાળવી રાખ્યો હતો તે ગુમાવી બેઠો, અને અત્યંત ક્રોધાયમાન થઈ પોતાના તપના સામર્થ્યથી તેણે અત્યંત ઉગ્ર વન્હિજ્વાલા પ્રકટ કરી ગોશાળાની સામે પ્રેરી. ગોશાળાનું શરીર અગ્નિથી બળવા માંડયું અને પરિત્રાણ માટે તે પ્રભુની પાસે આવ્યો. પ્રભુએ આ તેજોલેશ્યા સામે ગોશાળાનું રક્ષણ કરવા તેની વિરોધી શીતલેશ્યા મુકી. એટલે તે અગ્નિનું સામર્થ્ય નષ્ટ થઇ ગયું. પ્રભુની આ શક્તિ જોઇ વૈશિકાયન તાપસ તેમની પાસે આવી પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. તે બોલ્યો કે " હું આપનો પ્રભાવ સમજી શકયો નહીં તેથી મારૂં આ આચરણ ક્ષમા કરશો." પ્રભુ તો ક્ષમાની જ મૂર્તિ હતા. તેમને બદલો લેવાનું તો કાંઈ હતું જ નહી.

તપના પ્રભાવથી ઉદ્ભવતો આવો અમાનુષી બનાવ જોઇ ગોશાળો આશ્ચર્યનિમગ્ન બની ગયો. અત્યાર સુધીમાં તેણે આવો ચમત્કાર જોયો નહોતો. માત્ર શાંત સુધારસમય પ્રભુનું અલૌકિક ચારિત્ર જ અનુભવ્યું હતું. પણ આ તપોબળથી પ્રકટતો દૈવી વ્યતિકર તો તેણે પ્રથમજ જોયો. તેણે પ્રભુને રસ્તા

માં ચાલતાં પુછયું "હે ભગવાન, આ તેજોલેશ્યા શાથી પ્રકટતી હશે?" પ્રભુએ તેનો વિધિ કહ્યો. ગોશાળો, હાલના સેંકડે નવાણું મનુષ્યની માફક વાતો અને વિધિ સાંભળીનેજ સંતોષ માનનાર ન હોતો. તેણે તે વિધિ અમલમાં મુકી તે લબ્ધિ મેળવવાનો દૃઢ નિશ્ચય કર્યો. જે વિધિથી ગોશાળાએ તે લબ્ધી મેળવી, એજ વિધિ અત્યારે પણ ગ્રંથોમાં ઉપસ્થિત છે. માત્ર કર્તવ્યશીલ પુરૂષોનોજ તોટો છે.

કુર્મ ગામથી પ્રભુ ગોશાળા સહિત સિદ્ધાર્થપુર ગામ તરફ ચાલ્યા, પરંતુ ગોશાળની તેજોલેશ્યા મેળવવાની ઇચ્છા વધતી જતી હતી. આસપાસના સમુદાયને અજાયબીમાં નાંખનારી એવી મહાલબ્ધિ મેળવવાની તલપાપડ તેને થવા લાગી. વિધિ તો તેણે પ્રભુ પાસેથી મેળવી લીધો હતો, તેથી શ્રાવસ્તી નામના ગામમાં તે પ્રભુથી છુટો પડી ગયો અને છ માસ પર્યંત તે ગામમાં નિવાસ કરી, પ્રભુએ દર્શાવેલા વિધિ પ્રમાણે તપશ્ચરણ કરી તેજોલેશ્યા સિદ્ધ કરી. તપના સામર્થ્યથી આવો પ્રભાવ મેળવી શકાય તેમાં કાંઈ જ શંકાનું કારણ નથી. તપ એટલે ઇચ્છાનો નિરોધ. આપણા મનનું સામર્થ્ય એટલું તો નિરવધિ છે કે જો તે

સામર્થ્ય અનેક જાતની ઇચ્છાઓ, કામનાઓ, વાસનાઓ અને ખોટી હાય વરાળમાં વેરાઇ ન જતું હોય તો તે ગમે તેવું કાર્ય કરી શકવા શક્તિમાન છે. ઇચ્છા (desire) અને સંકલ્પ (will) માં ફેર એટલો જ છે કે ઇચ્છાનુ બળ છુટું છવાયું વિખરાઇ ગયેલું હોય છે, ત્યારે સંકલ્પનું બળ કેન્દ્રીભૂત થઇ ઇષ્ટ પ્રયત્નમાં જ નિયુક્ત કરેલું હોય છે. છુટી છવાઈ અને છિન્ન ભિન્નપણે ઉડતી જતી ઇચ્છાઓની શક્તિને સંયમમાં રાખી તેનો નિરોધ કરવો એજ તપ છે. તત્ત્વાર્થસૂત્રકાર પણ તપનું* સ્વરૂપ આજ રીતે દર્શાવે છે. વ્યવહાર તેમ જ પરમાર્થમાં વિજય મેળવવાનું પરમ રહસ્ય એકજ છે, અને તે એ કે નકામી ઇચ્છાઓ દ્વારા વેરાઇ જતું બળ એકત્ર કરી તેને ઇષ્ટ દિશામાં યોજવું. આ દિશામાં સહેજ પ્રયત્ન કરનાર પણ ઉત્તમ પરિણામને મેળવતા આપણે જોઇએ છીએ. તો પછી ગોશાળા જેવો પુરૂષાર્થી મનુષ્ય છ માસ સુધી પોતાની ઇચ્છાઓ વિધિ પૂર્વક સંવરી, તે એકત્ર થયેલા સામર્થ્યને અગ્નિના રૂપમાં પરિણમાવી શકે તેમાં કશું જ આશ્ચર્ય નથી. મનોદ્રવ્ય એ અત્યંત વેગવાન અને સૂક્ષ્મ શક્તિ (fine force) વાળું

* इच्छा निरोधस्तपः

છે. કેળવાએલ સંકલ્પ બળથી તે દ્રવ્યને અગ્નિરૂપે પરિણમાવી શકાય તેમાં બુદ્ધિ સાથે બંધએસતું ન થાય તેવું કશુંજ નથી.

સિદ્ધિ મેળવ્યા પછી ઘણે પ્રસંગે મનુષ્યને તેની પૂર્વની ચિત્ત—નિર્મળતા રહેતી નથી. તેનો સ્વાર્થી અને પશુત્વનો અંશ પાછો સ્પુરી નિકળે છે. ગોશાળે એટલી સિદ્ધિથીજ મહાવીર પ્રભુની બરાબરી કરવાનો વિચાર કર્યો. મહાવીર ભવિષ્યમાં સર્વજ્ઞતા પ્રાપ્ત કરી તીર્થંકર થવાના હતા, એમ તેણે પ્રભુ પાસેથી સાંભળ્યું હતું. પોતામાં સર્વજ્ઞતાની ખામી હતી, તે ખોટ પુરી પાડવા તેણે પાર્શ્વનાથ પ્રભુના ચારિત્રભ્રષ્ટ થએલા કેટલાક શિષ્યો પાસેથી અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન મેળવી લીધું અને એટલી લાયકાતથી પોતાને જિનેશ્વર કહેવરાવતો તે વિચરવા લાગ્યો.

આ તરફ પ્રભુ વિહાર કરતા પેઢાળા ગામની નજીક પધાર્યા. ત્યાં એક શિલાતળ ઉપર જાનુ પર્યંત ભૂજા લંબાવી ચિત્તની સ્થિરતા પૂર્વક અનિમેષપણે એક રૂક્ષ દ્રવ્ય ઉપર દષ્ટિ સ્થાપી, કાયોત્સર્ગભાવે સમાધિસ્થપણે ઉભા રહ્યા. તે કાળની પ્રભુની પરમ ચારિત્રમય અવસ્થા સૌધર્મ દેવલોકના ઇન્દ્રે અવ-

ધિજ્ઞાનવડે જોઈ અને પોતાનો હૃદયગત વિશુદ્ધ ભક્તિભાવ દેવોની સભામાં જાહેર કર્યો. પ્રભુ જે પરમ અવ્યાબાધ સ્થિતિ પ્રાપ્ત કરવાના ક્રમ ઉપર હતા, તે સ્થિતિ પોતાના પદ કરતાં અનંતગુણ શ્રેષ્ઠ હતી, એમ ઇન્દ્ર સમજતો હતો; અને મહાવીર પ્રભુના ઉત્તરકાલીન-ભવિષ્યમાં પ્રાપ્ત થવાના સુખનો પ્રકાર અને પ્રમાણ ઐન્દ્ર સુખના પ્રકાર અને પ્રમાણ કરતાં અનંત ગુણ ઉચ્ચ હતો, જે સુખનું પરિણામ અંતે દુખમય છે—અને સુખની સ્મૃતિમાં દુઃખ જ છે—તે સુખ વાસ્તવમાં સુખજ નથી; એમ ઇન્દ્ર સમજતો હોવાથી તેને પોતાની સ્થિતિમાં સુખમયતા ભાસતી બંધ પડી અને પ્રભુ જે રાહ ઉપર હતા તેજ સાચા સુખનો માર્ગ તેને જણાયો. તેનું પ્રત્યેક રોમ પ્રભુ પ્રત્યેના ભક્તિભાવવડે પુલકિત થયું. તેણે પૃથ્વી ઉપર પોતાનું મસ્તિષ્ક લગાડી પ્રભુની શક્રસ્તવ વડે મનોમય સ્તુતિ કરી. ક્ષણવાર પોતાના વૈભવનું અભિમાન વિગલિત થઈ ગયું. પોતાના દુઃખપર્યવસાયી વર્તમાન સુખની ક્ષણિકતા તેને ખુંચવા લાગી. પ્રભુ ઉન્નતિની છેવટની ભૂમિકા ભણી ત્વરાથી ધસતા હતા, તે જોઈ તેનું હૃદય હર્ષ અને અનુરા-

ગથી ઉભરાઇ ગયું. ભક્તિમાં નિયમથી બે તત્ત્વો હોય જ છે—એક પોતાની પ્રાપ્ત સ્થિતિમાં અપૂર્ણતા અથવા ન્યૂનતાનો અનુભવ અને બીજું એ અપૂર્ણતા જેનામાં ટળી ગઈ હોય, તેનું સમ્યગ્ પ્રકારે થતું ઓળખાણ. ભક્ત હમેશાં પોતાનું ભક્તિના વિષય કરતાં લાઘવ સ્વીકારે છે. સ્થુલ દૃષ્ટિથી અવલોકતાં ક્યાં પ્રભુનું તપથી જર્જરિત થયેલું શૂષ્ક અને રસહિણુ તનુ અને ક્યાં ઇન્દ્રદેવનું પૂણ્યપ્રતિભાના પ્રભાવથી આખા વિશ્વને આંજી નાંખે તેવું દૈવી શરીર ! ક્યાં પ્રભુની નિર્ગ્રંથ નિષ્કિંચન અવસ્થા અને ક્યાં ઇન્દ્રનો અવધિ રહિત સ્વર્ગીય વૈભવ ! એક કીડી સરખું ક્ષુદ્ર જંતુ પણ નિર્ભયપણે જેનું રૂધીર ચુસી શકે છે એવી ક્યાં વીરપ્રભુની નમ્રતા, સૌમ્યતા અને દીનતા અને કરોડો દેવોના પરિવારથી પરિવૃત્ત થયેલ ભોગની મૂર્તિરૂપ ક્યાં ઇન્દ્ર ! છતાં આત્મદૃષ્ટિએ પ્રભુનો અધિકાર ઇન્દ્રના અધિકાર કરતાં અનંતગુણ શ્રેષ્ઠ હતો. જેમ પ્રકાશ અને અંધકારનો મુકાબલો બનીજ શકે નહી તેમ એ બન્નેના અધિકારની તુલના પણ બનીજ શકે નહી. કેમકે ઉભયનો સ્વભાવ, ગુણ, ધર્મ એ બધુંજ ભિન્ન છે. ઇન્દ્રને

આ અલૌકિક દૃષ્ટિનું સ્વરૂપ લક્ષ્યગત હતું. કેમકે તેના સ્થૂળતાના પડળો સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી ખસી ગયા હતા.

ઇન્દ્રે ભરસભામાં પ્રભુના ધ્યાનની નિશ્ચળતા તથા અપ્રતિબંધતાની સ્તુતિ કરવાથી ત્યાં હાજર રહેલા દેવો માંહેનો એક સંગમ નામનો દુષ્ટ દેવ પ્રભુની આ સ્તુતિ સાંખી શકયો નહીં. એક નિર્બળ જેવો મનુષ્ય ઇન્દ્ર દેવની આટલી પ્રશંસાનો વિષય થાય એ તેનાથી સહી શકાયું નહીં. પ્રભુના અંતઃસ્થ પ્રભાવના સ્વરૂપને એ બાહ્યદૃષ્ટિ સંગમ સમજી શકતો નહોતો. પોતાના જેવા અતુલ અને અમિત પરાક્રમ યુક્ત, અને દેવતાઓને જન્મથીજ પ્રાપ્ત હોવા યોગ્ય સિદ્ધિઓવાળા દેવ આગળ એક ક્ષુદ્ર મનુષ્યની શું બીસાત છે ? એમ અભિમાનથી ગર્જતો તે પ્રભુ આગળ આવી પહોંચ્યો.

આ સંગમે પ્રભુને છ માસ પર્યંત જે અસહ્ય કષ્ટ આપ્યું હતું, તેનું વર્ણન વાંચતાં હૃદય કંપી ઉઠે છે. અનેક જાતના મહા તિવ્ર અને વિષયુક્ત જંતુઓ વિકુર્વી તેનાવડે પ્રભુને ભયંકર કષ્ટ આપવામાં મણા રાખી નહી. પરંતુ તે નિષ્કારણ જગતબંધુની આં-

ખમાં લેશ પણ ક્રોધની લાલી આવી નહોતી. જે પ્રભુ એક સંકલ્પના સ્ફુરણ માત્રથી આખુ લોકમંડળ વિખેરી નાખવા સમર્થ હતા, તે પ્રભુ સંગમની આ ધૃષ્ટતા, આત્મામાં કાંઈપણ ખેદ ઉપજાવ્યા વિના અવ્યગ્રપણે સહી રહ્યા હતા. કેમકે સહન કરવું એજ ઉચ્ચગામી આત્માનું મહાવ્રત હોય છે. કર્મફળદાત્રી સત્તાની મહા નિયમની ગતિમાંથી છુટવા પ્રયત્ન કરવો એ વ્યર્થ છે, એમ પ્રભુ જાણતા હતા. આ વિશ્વમાં કોઇ પણ જાતનું કષ્ટ, આત્માએ તેના કારણો પૂર્વે પ્રગટાવ્યા વિના હોવું સંભવતું નથી. સંગમે પ્રભુને એટલો દારુણ-ઘોર પરિસહ આપ્યો તે શું નિષ્કારણ હતો ? નહીંજ. પ્રભુએ પૂર્વ કાળે તેના કારણો રચેલા હોવાજ જોઇએ. એક ક્ષુદ્ર જંતુથી તે મહાનમાં મહાન્ કોટીના મનુષ્ય યા દેવ પર્યંત જેને જેને સુખદુઃખાદિ પ્રાપ્ત થાય છે, તેને સુખ દુઃખ તેમની પોતાની પૂર્વની યોગ્ય અથવા અયોગ્ય કૃતિથી જ થાય છે. સુખદુઃખનું કારણ તેમના કર્મ સિવાય અન્ય કશુંજ હોવું સંભવતું નથી. કૃતનાશ અને અકૃત આગમ એવો આંધળો નિયમ કર્મફળ પ્રદાત્રી સત્તાને ત્યાં ચાલી શકે એવું ત્યાં અંધેર નથી, અને એ અનાદિ સિદ્ધિ

નિયમનું ઉલ્લંઘન કરવા દેવ, દાનવ, મનુષ્ય કે ઇશ્વર સરખા પણ સમર્થ નથી. નિર્દોષને દુઃખ અને સદોષને સુખ મળતું, આપણી અલ્પજ્ઞ દૃષ્ટિને કદી જણાય, પરંતુ તે માત્ર આપણી અલ્પજ્ઞતાનું જ પરિણામ છે. જેને જેને જ્યારે જ્યારે જે જે શુભાશુભ ફળો મળ્યાં છે, તેના માટે તેઓ લાયક હતા માટે જ મળ્યાં છે. વગર વાંકે ન્યાયાધીશના હાથથી ફાંસીના લાકડે વળગી માર્યો ગયાના ઉદાહરણો બને છે, પરંતુ તે મનુષ્ય ફાંસીને માટે અયોગ્ય હતો, છતાં માર્યો ગયો એમ હોતું નથી. કયા કર્મનું ફળ કયારે કેવા પ્રકારે મળે છે, તે આપણા ચર્મચક્ષુઓ જોઇ શકતા નથી. માટેજ આપણે આકળા બની બોલી ઉઠીએ છીએ કે "તે બિચારો નિર્દોષ હતો, છતાં માર્યો ગયો."

આપણે સ્મૃતિમાં રાખવું જોઇએ કે આ વિશ્વ-વ્યવસ્થામાં રતિપુર પણ અંધેર નભી શકતું નથી. પ્રત્યેક મનુષ્યને જે સુખ કે દુઃખ મળે છે તેને માટે તે યોગ્યજ છે માટેજ મળે છે. સૃષ્ટિની આદિથી તે આ ક્ષણ સુધીમાં એવો એક પણ બનાવ બન્યો નથી કે જે વિના કારણે થયો હોય અથવા બનવા યોગ્ય

ન્હોતો છતાં બન્યો હોય. ફાંસીના લાકડે લટકનાર તોપને મોઢે ચઢનાર, તરવારથી કપાઇ મરનાર જળની રેલમાં તણાઈ જનાર કે અગ્નિમાં બળી મરનાર એ બધાએ પોતાનું મૃત્યુ પોતાની કૃતિ વડેજ ઉપાર્જેલ હોય છે. એ અપ્રતિહત કર્મના નિયમથી આત્માનું રક્ષણ કરવા કોઇજ સમર્થ નથી.

સંગમના નિમિત્ત દ્વારા પ્રભુને ઉપસ્થિત થયેલ કષ્ટનું વાસ્તવિક કારણ પ્રભુ જાણતા હતા. તેથી તેમને સંગમ ઉપર ક્રોધ કરવાનું કારણ રહ્યું નહોતું. તે તો બિચારો કર્મના મહા નિયમનું હથીઆર હતો. કષ્ટના કારણોને પ્રવર્તમાન કરનાર તેઓ પોતેજ હતા અને તેથી ખરી રીતે ક્રોધનો વિષય પણ પોતાનો આત્માજ થવો જોઇએ એ સ્પષ્ટ હતું. પૂર્વે પોતેજ ગતિમાં મુકેલ કારણો ફળ રૂપ થવામાં સંગમ તો માત્ર સાધન જ હતો, અને તેથી તે તો ઉલટો કુદરતનો હેતુ સિદ્ધ કરવામાં મદદગાર હતો. અમો પ્રભુની સ્તુતિ કરીએ છીએ તે એજ કારણથી કે આ ઉપરોક્ત નિયમને લક્ષ્યમાં રાખી એક પ્રાકૃત મનુષ્યની માફક સંગમ ભણી તેઓ ચીઢાયા નહોતા અને અવ્યાકૂળપણે, ગતિમાન થયેલા કારણનો, ભોગ

દ્વારા ક્ષય સાધી લીધો. એક સામાન્ય મનુષ્યે આવા પ્રસંગે શું કર્યું હોત અને પ્રભુએ શું કર્યું હતું એની જ્યારે તુલના કરીએ છીએ, ત્યારે પ્રભુની તે પરમ અવ્યગ્ર અને અનાકૂળ ચિત્તની સ્થિતિ પ્રત્યે હૃદયનો વિશુદ્ધ ભક્તિભાવ સ્ફુરી ઉઠે છે. " બનવા યોગ્ય છે માટેજ બને છે " એ માત્ર એટલું બધું પ્રસિદ્ધ છે કે ગંમે તેવો અજ્ઞાન મનુષ્ય પણ તેથી બીનવાકેફ નહિજ હોય, છતાં અણીના પ્રસંગે કેટલા થોડા વીર આત્માઓ એ નિયમના જ્ઞાનને સફળ કરી શકે છે ? ધન્ય છે મહાવીર પ્રભુને, કે જેઓ આવા વિકટ પ્રસંગમાં પણ ધૈર્યને ન તજતાં સંગમ ભણી છેવટ સુધી સમભાવ સાચવી રહ્યા હતા, અને કર્મની ઉદયમાન થયેલી ગતિ પ્રત્યે પોતાના રાગ દ્રેષનો પ્રત્યાઘાત ન આપતાં છેવટ સુધી ચિત્તની સમસ્થિતિ નિભાવ્યે ગયા હતા. તેઓએ ધાર્યું હતે તો સંગમના પરિસહથી ઉગરી શકયા હોત, એટલુંજ નહીં પણ સંગમને પણ તેની નિર્દયતાનો બદલો આપ્યો હોત. પરંતુ તેનું પરિણામ શું આવત ? એજ કે પ્રકૃતિના મહા નિયમને, સંગમ કરતાં પણ એક મહા બળવાન સત્તા પ્રભુની સામે રોકવી પડત, અને જ્યાં

સુધી તેવો અવસર આવે ત્યાં સુધી પ્રભુને તેનો બદલો લેવા સંસારમાં રોકાવું પડત. તે સાથે કુદરતના મહાનિયમની ગતિમાંથી છટકવાના પ્રયત્નમાં અંતર્ગત થતી ચિત્તની રાગ દ્વેષ યુક્ત ઉપસ્થિતિથી, તેમનું આત્મ સામર્થ્ય પણ ઘટી જાત અને એથી પોતાની પ્રાપ્ત વિશુદ્ધિને એક વાર ગુમાવી બેસત. જ્ઞાની જનો લાભ શેમાં છે એ બહુ સારી રીતે જોઇ શકે છે. સંગમના પરિસહથી છટકી જવામાં જો તેમણે લાભ જોયો હોત તો તેમ કરવું તેમને માટે બહુ સુલભ હતું પણ તેમ કરવામાં તેમને આખરે કેટલો ગેરલાભ હતો તે આપણે ઉપર જોયું છે. પ્રભુનું પ્રભુત્વ સંગમના ઉપસર્ગો સમભાવથી સહવામાં જ સમાયેલું હતું. જે કાળે સંગમ દ્વારા પ્રભુને શિરે ભિષણ કષ્ટ ગુજરતું હતું, તે વખતે ઇન્દ્ર પણ એ વાતથી અજ્ઞાત નહોતો અને તેણે ધાર્યુ હતે તો સંગમના ત્રાસથી પ્રભુને તે બચાવી શકયો હોત. પણ એવો નિયમ છે કે ઉચ્ચશ્રેણીગત આત્માની ઇચ્છાને આખું વિશ્વ અનુસરવા માંડે છે. પ્રભુની ઇચ્છાથી ઇન્દ્રની ઇચ્છાનો વિરોધ બની શકેજ નહીં. આ બધું જોઇને ભકિતના બાહુલ્યથી ઇન્દ્રનું હૃદય અત્યંત વેદાતું હતું. પરંતુ

કર્મની ગતિને તેના ક્રમ ઉપરથી એક તસુ પણ ફેરવવા માટે તે અશકત હતો. તેણે સંગમના ઉપસર્ગથી પ્રભુને ઉગારી લેવા જો કાંઇ કર્યું હોત તો તે ઉલટું પ્રભુને તેમનું પૂર્ણત્વ મેળવવામાં અંતરાયભૂત થાત. માટેજ નિરૂપાયે, દુઃખિત ચિત્તથી આ ઉપસર્ગની પરંપરાને જોયા શિવાય તેના માટે કાંઈજ ઉપાય નહોતો.

સંગમે પ્રભુને જે આ કષ્ટ આપ્યું હતું, તેમાંથી આપણા માટે એક અત્યંત સુંદર શીક્ષણ ઉદ્દભવે છે. આદર્શ પુરૂષોના જીવનમાં સર્વથી અગત્યનો શીક્ષણીય વિભાગ માત્ર તેમના મહદ્ કર્તવ્યોજ નથી. પરંતુ તેમાંના અનેક ઝીણા પરોક્ષ પ્રસંગો પણ અત્યંત બોધદાયી હોય છે. સંગમે પ્રભુને જે ક્રમથી કલેશ આપ્યો હતો તે ઉપરથી જણાય છે કે તે મનુષ્ય હૃદયના ગુહ્ય મર્મોનો ઉત્તમ જ્ઞાતા હોવો જોઇએ. પ્રથમ તેણે પ્રભુને ધ્યાનથી ભ્રષ્ટ કરવા માટે શારીરિક વેદના આપવા માંડી અને જેમ જેમ તેમાં તે નિષ્ફળ થતો ગયો, તેમ તેમ તેણે વેદનાને પ્રબળતર અને તિવ્રતર કરવા માંડી. મનુષ્યની કલ્પક શકિત વિનાશના જે જે સાધન યોજી શકે તે પ્રભુ પ્રત્યે યોજવામાં તેણે બાકી રાખી નહીં.

છેવટે એક લોહનો અત્યંત ભારે વજનદાર ગોળો ઉપાડી તેણે પ્રભુના શીર ઉપર ફેંક્યો અને તેના આઘાતથી, કહેવાય છે કે, પ્રભુ જાનુ પર્યંત પૃથ્વીમાં ખુંચી ગયા હતા. આથી પણ જ્યારે તેમના દિવ્ય તનુને હાની પહોંચવા પામી નહી, ત્યારે, ત્યાં જો કોઇ સંગમ કરતા ન્યૂન મતિપ્રકર્ષવાળો દેવ યા મનુષ્ય હોત તો જરૂર નિરાશ થઇ પાછો ફરત. પરંતુ સંગમ, મનુષ્યના અંતઃકરણનો ઉંડો અભ્યાસી હતો. મનુષ્ય હૃદયની નિર્બળ બાજુને તે ઓળખતો હતો. અને કયા મર્મને સ્પર્શવાથી સામાન્ય જનો આપણને વશીભૂત થાય તે રહસ્ય તેને સુવિહિત હતું. ઘણા મહાન્ ગણાતા મનુષ્યોના મનનો કોઇ એકાદ અંશ એવો નિર્બળ અને સ્પર્શવેધ હોય છે કે જો તે દિશાથી તેમને સ્પર્શવામાં આવે, તો તેઓ તુર્તજ હારી જાય છે. સંગમે જ્યારે જોયું કે માત્ર કષ્ટ આપવાથી પ્રભુ પોતાના ક્રમ ઉપરથી ચલિત થાય તેમ નથી, ત્યારે તેણે પ્રભુના શારીર પ્રદેશ ઉપરથી પોતાનો વ્યાપાર છોડી, માનસ પ્રદેશ ઉપર પોતાની યુક્તિઓ અજમાવવા માંડી અને તે સાથે ઉપસર્ગનું સ્વરૂપ પણ બદલી નાંખ્યું. તેણે જોયું કે કષ્ટ અ

થવા અશાતાની લાગણી પ્રભુને ભેદી શકવા સમર્થ નથી. તેથી તેણે નિર્ણય કર્યો કે પ્રતિકૂલ અને દુઃખદ ઉપસર્ગો આપવાથી મનુષ્યો ઉલટા વધારે અપ્રમત્ત અને સાવધાન રહે છે અને પોતાના વૃત્ત કે વર્ચસ્થી ભ્રષ્ટ ન થવાય તે માટે ચાતુર્યથી પોતાનો બચાવ કરે છે. ખરૂં જ છે કે, પ્રત્યક્ષ અને સામો હુમલો કરવાથી દુશ્મનો ચેતી જઇ પોતાનો બચાવ બહાદુરીથી અને ચીવેટથી કરી શકે છે. આથી સંગમે હવે અનુકૂળ ઉપસર્ગનો માર્ગ લીધો. આ ઉપસર્ગ એવા પ્રકારનો હતો કે જો ત્યાં પ્રભુ કરતાં કોઇ ન્યૂન દઢતા અને શક્તિવાળો મનુષ્ય હોત તો તે જાળમાં સપડાયા વિના ભાગ્યે જ રહેત. સંગમનો હેતુ માત્ર પ્રભુને તેમની પરમાત્મ સ્વરૂપ પ્રત્યેની એકતાનતામાંથી ભ્રષ્ટ કરવાનો હતો અને તે માટે તેણે આ અનુકૂળ ઉપસર્ગનું મહાન પ્રબળ શસ્ત્ર, સહુ પાછળ અજમાવવાનું રાખ્યું હતું. તે જાણતો હતો કે દુઃખના પ્રસંગે દઢ રહેવાનો મનુષ્ય હૃદયનો વેગ સ્વાભાવિક હોય છે, પણ સુખના ઉપકરણોમાં અને પ્રલોભનોની સામગ્રીવડે પરિવેષ્ટિત સ્થિતિમાં તે બહુ સહેલાઇથી ભરમાઇને છક્કડ ખાઇ બેસે છે. ઇન્દ્રીય સુખોની જો-

ગવાઈમાં એક એવી પ્રબળ આકર્ષણ શક્તિ છે કે, દુઃખના પ્રસંગોથી નહીં તેટલું તેનાથી મનુષ્ય હૃદય ફસાઈ જાય છે. દુઃખ મનુષ્યને મજબૂત અને ટટ્ટાર રાખી શકે છે, સુખ તેને નિર્બળ અને નાલાયક કરી મુકે છે. પ્રતિકૂળ સંયોગોમાં જેઓએ પોતાની ટેક અને પ્રતિજ્ઞા જાળવી રાખી હોય છે, તેઓ અનુકૂળ સંયોગોમાં આવતા તુર્તજ અસ્થિર મનના અને વૃત્ત ભ્રષ્ટ થયાના અનેક ઉદાહરણો છે. દુઃખના સંયોગો એજ કર્ત્તવ્ય માટે અનુકૂળ સ્થિતિ છે. આથી, પ્રતિકૂળ ઉપસર્ગવડે પોતાના ઉદ્દેશમાં નિષ્ફળ થયેલ સંગમે હવે અનુકૂળ ઉપસર્ગ રચવા માંડયા. તેને સંપૂર્ણ ખાત્રી હતી કે વિષયના સ્વરની મોહક મીઠાસથી મનુષ્ય પ્રાણીની તાકાત નથી કે તે આખરે ભોળવાયા વિના રહે. અઢી હજાર વર્ષ પૂર્વે પણ સ્પર્શેન્દ્રિયના વિષયનું જનહૃદય માટે આજના જેટલું જ પ્રબળ આકર્ષણ હતું. સંગમ જાણતો હતો કે વિષય સુખ આગળ ગમે તેવો મનુષ્ય ગુલામ બની બેસે છે, અને બધા જ વિકટ મામલામાં નિશ્ચલ અને અડગ રહેલો વીરનર પણ ઇન્દ્રીય વિલાસના રસને ચુસવા બેસી જાય છે. ઈન્દ્રીયોના પોકારમાં કોઇ એવું

વિલક્ષણ માધુર્ય અનાદિકાળથી આત્મા અનુભવે છે કે એકવાર તેની મર્યાદામાં આવ્યા પછી તેને માટે તેમાંથી છુટવાના સંભવો અધિક અધિક ન્યૂન થતા જાય છે. એકવાર તે ચીકાશમાં વનભ્રમર ચોંટે છે કે પછી તેનાથી ઉડી શકવું મુશ્કેલ થઈ પડે છે. તેટલાજ માટે પ્રભુના સાચા ભક્તો હમેશાં દુઃખવાળી સ્થિતિજ પસંદ કરે છે. જે મહાત્માઓ પરમાત્મ સ્વરૂપને મેળવવા સમર્થ છે, તેમને માટે આ જગતનો વૈભવ મેળવવો એ મોટી વાત હોતી નથી. પરંતુ તેઓની ઈશ્વર પ્રત્યે સૌ પહેલા એજ પ્રાર્થના હોય છે કે " હે નાથ! દુઃખના મામલામાં હું મારૂં સ્વત્વ જાળવી શકવા સમર્થ છું, પણ અનુકૂળ અને વિભવયુક્ત સ્થિતિમાં રખેને મારૂં વૃત્ત હું ગુમાવી બેસું તેવો ભય રહે છે. તેથી મને તે પરિસ્થિતિથી બચાવી લેજે." સંગમ, આ નિર્બળતાના સ્વરૂપને જાણતો હતો, અને તેથી હવે છેવટના પ્રયત્નરૂપે તેણે પ્રભુને વિષયોના માધુર્યમાં ખેંચી જઈ યોગભ્રષ્ટ કરવાની તજવીજ કરવા માંડી. પ્રથમ તેણે પોતાની દૈવી સત્તાથી, વૃક્ષલતા વનકુંજના પ્રફુલ્લ પત્રપુંજથી વૃદ્ધિ પામી વિપુલ થયેલી વસંતઋતુનો પ્રસવ કર્યો, અને

બિચારી કામની સેના વીરને શું કરી શકે?



પ્રભુને વિમુગ્ધ કરવાની જાળ બીછાવવા લાગી.

[પૃષ્ઠ ૯૫.

K. P. P. Bombay 4

તે સાથે પોતાનું પ્રચંડ સાહસ પ્રકાશતો, લલીત લલનાકુલના વદન કમલોને અનુસંધાન કરતો અને આનંદવડે નૃત્યકેલી કરતો રતિપતિ પણ પ્રગટ થયો. પોતાના અનુપમ સૌંદર્યની ભૂરકીથી વિશ્વને વિમોહિત કરતી અનેક સુભગ રમણીઓએ પ્રભુની આસપાસ રાસ મંડળની કેલી જમાવી. વિવિધ હાવભાવ, નવનવા દૃષ્ટિભાવ અને મોહક અંગવિક્ષેપથી તેઓ પોતાનો સુરત સંકેત વિસ્તારવા લાગી. વિવિધ મિષથી પોતાના અંગ વસ્ત્રને ચલિત કરી અને શિથિલ થયેલા કેશપાસને સુદૃઢ કરવાના બ્હાને ભૂજાઓને ઉંચી કરી, પ્રભુને વિમુગ્ધ કરવાની જાળ બીછાવવા લાગી. કોઈ બાળાઓએ મન્મથના વિજયી મંત્રાસ્ત્ર જેવું દિવ્ય સંગીત છેડવા માંડયું. અને કોઇ પ્રભુને ગાઢ આલીંગન આપી દીર્ઘ કાળના વિયોગજન્ય આતાપને શાંત કરવાની ચેષ્ટા કરવા લાગી. પરંતુ સંગમને ખબર નહોતી કે જે આત્મા ઉપર તે આ પોતાની બધી યુકિતઓ અજમાવતો હતો તે કોઇ સાધારણ સંન્યાસી કે સંસારથી ભાગી છુટેલો ભીરૂ મનુષ્ય નહોતો સંસારની ઇન્દ્રજાળથી છેતરાવાની ભુમિકા તો તેમણે ઘણા કાળ પહેલા ઓળંગી લીધી હતી.

વિષયોના સામર્થ્યોનો પરાજય તો તેઓ સંસારમાં જ સાધીને સાધુ થયા હતા. સંગમનું આખરે કશું જ વળ્યું નહીં. પ્રભુને ચલિત કરવાની તેની પ્રતિજ્ઞામાં તે આશાભગ્ન થયો. તેણે જોયું કે પ્રભુના ચિત્તનો એકે અંશ એવો નિર્બળ નથી કે જ્યાંથી તે તેમના હૃદયમાં પ્રવેશ કરી તેમને યોગભ્રષ્ટ કરી શકે. મહાજનો પોતાના વર્ચસ્વના રક્ષણ માટે પ્રથમ તો વિષયને દાખલ થવાના બધા દ્વારજ બંધ કરી દે છે. તેઓ જાણે છે કે એ કીલ્લામાં જો એક ઠેકાણે ગાબડું પડયું, તો આખો દુર્ગ ગબડી પડયા વિના રહેશે નહીં. તેઓ નિત્ય અપ્રમત્ત ઉપયોગે પોતાની વિશુદ્ધિનું રક્ષણ કરનારા હોય છે. તેમને આસાક્તના સ્વરૂપનું એવું સૂક્ષ્મ જ્ઞાન હોય છે કે તે મોહિની મૈયા ગમે તેવો વેશ ધારણ કરી તેમના અંતઃદ્વારમાં પ્રવેશ કરવાનો લાગ શોધે તોપણ તેમાં તે ફાવી શકતી નથી. મહાવીર પ્રભુ આ કોટીના પુરૂષવર્ય હતા. સંગમની યુક્તિઓ કોઈ બીનઅનુભવી અને કાચા યોગીના સંબંધે સફળ થાત, પણ પ્રભુના સંબંધમાં તેનો બધો ઉદ્યોગ વ્યર્થ નિવડયો. તે પોતાનું મ્લાન અને આશાભગ્ન મોઢું સંતાડતો પોતાના નિવાસસ્થાને ગયો.

આથી સ્પષ્ટ થવા યોગ્ય છે કે અનુકૂળ સંયોગોમાં આપણો વિશુદ્ધિનો સંકલ્પ નિભાવવો એ, પ્રતિકૂળ સંયોગોમાં નિભાવવા કરતાં અધિક દુષ્કર છે. જેઓ તેવા પ્રલોભક નિમિત્તોમાં પોતાની વિમળતા સાચવી રાખે છે, તે જ ખરા વિજેતાઓ અને સામર્થ્યના સાચા દ્રષ્ટાંતો છે. विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः।

પ્રભુ ત્યાંથી વિહાર કરતા એકદા વૈશાલીમાં આવી પહોંચ્યા. ત્યાં એક જીનદત્ત નામે દયાળુ અને સદ્‌ગુણી પરંતુ લક્ષ્મીના ક્ષયથી "જીર્ણશ્રેષ્ટી" ના ઉપનામને પામેલો એક ગરીબ શ્રાવક રહેતો હતો. તેને પ્રભુના આગમનની ખબર પડી અને તેઓ જે ઉપવનમાં ઉતર્યા હતા, ત્યાં જઈ અત્યંત ભક્તિથી દ્રવતા હૃદય વડે તેમની સ્તુતિ કરી. તેની એક ઉગ્ર ભાવના એ હતી કે પ્રભુ તેને ત્યાંથી એક વખત ભોજન ગ્રહણ કરી તેની ઇચ્છા પૂર્ણ કરે. આ ઉદ્દેશથી તેણે પોતાને ત્યાં પ્રાસુક અને પોતાની સંપત્તિ પ્રમાણે ઉત્તમ ભોજનો તૈયાર રાખ્યા. આ વિશાલા નગરીમાં દીક્ષા લીધા પછીનું, પ્રભુ અગીયારમું ચાતુર્માસ તે વખતે નિર્ગમતા હતા અને ચાર મા-

સના ઉપવાસનું જે વ્રત તેમણે ગ્રહ્યું હતું, તે વ્રતની સીમા જે દિવસે પૂર્ણ થવાની હતી તે દીવસે ઉત્તમ ભોજનની સામગ્રી તૈયાર રાખી, જીનદત્ત શેઠ અત્યંત ઔત્સુકયથી પ્રભુના આગમનની રાહ જોતો હતો. પ્રભુ આજે મારે ત્યાંથી ભોજન ગ્રહણ કરી મને કૃતાર્થ કરશે, એવા ઉંડા મનોભાવમાં તે નિમગ્ન હતો. પરંતુ તેના દુર્દૈવથી કે ગમે તે કારણથી પણ પ્રભુ તેને ત્યાં ન જતાં ત્યાંના કોઇ બીજા ગૃહસ્થને ત્યાં પધાર્યા. આ બીજો ગૃહસ્થ તે વખતે એક નગરશેઠ અને મોટો ધનિક હતો. દ્રવ્યના અભિમાનથી તેની મતિ ક્ષુદ્ર અને સંકુચિત બની ગઇ હતી. નિષ્કંચન અને શૂષ્ક તનુ વાળા પ્રભુને ભીક્ષાના અર્થી નિહાળી તેણે પોતાની સેવિકાને આજ્ઞા કરી કે આ ભિક્ષુકને ભીક્ષા આપી જલદી રજા આપ. દાસીએ શેઠની આજ્ઞાનુસાર ભિખારીને યોગ્ય, જેવું તેવું, અન્ન વ્હોરાવી પ્રભુને વિદાય કરી દીધા. તેમને તો ગમે તેવા અન્ન પ્રત્યે મનની સમાનતા હતી. પરંતુ આ તરફ જ્યારે ભાવિક જીનદત્તને ખબર પડી કે પ્રભુએ પેલા અભિમાની ધનિકને ત્યાંથી ભોજન ગ્રહણ કર્યું છે અને પોતાને ત્યાં આવવાના નથી ત્યારે તેને પોતાના મંદ

ભાગ્ય ઉપર અત્યંત તિરસ્કાર છુટયો. પ્રભુના સ્વરૂપનું ચિંતવન કરતો તે બિચારો તેમની માર્ગ પ્રતીક્ષા કરતો હતો અને અત્યંત ભક્તિ પરાયણ અને એકાગ્ર ચિત્તથી પ્રભુને ભોજન આપવા વડે પોતાનું જીવન સાફલ્ય કરવા ઇચ્છતો હતો. પ્રભુએ તો ત્યાંથી અન્યત્ર વિહાર પણ કરી વાળ્યો. જીનદત્તની મનોભાવના અફળ રહેવાથી, તેનું હૃદય ક્લેશના અગ્નિ વડે વિદગ્ધ રહ્યા કરતું હતું. પ્રભુ જે પરમપદ મેળવવાની ગતિમાં છે, તે ગતિમાં હું પણ મારા અન્ન વડે યત્કિંચિત્ સહાય્ય આપી તે પદ પ્રત્યેની મારી પરાયણુતા વ્યકત કરૂં, એવા પ્રગાઢ મનોરાગથી તેનું મન ઉલ્લસિત હતું. પરંતુ જ્યારે તેને જણાયું કે પોતાની ભાવના માત્ર ચિંતનાત્મક જ રહેવા પામી છે અને તે સંકીર્ણ મર્યાદાનું ઉલ્લંઘન કરી ક્રિયાત્મક થવા પામી નથી, ત્યારે પોતાના પ્રયત્નની ખામીને લીધે જ એમ થયું છે; એમ તેણે નિશ્ચય કર્યો. જે ઉચ્ચ ઉદ્દેશ માત્ર ભાવ પર્યવસાયી જ રહે છે તેની કીંમત કશી જ નથી. પરંતુ કાર્ય પર્યવસાયી થાય ત્યારે જ તેનું સંપૂર્ણ ફળ મળે છે, એમ જીનદત્તને જણાયું. જો કે જીનદત્તનો ઉદ્યોગ માત્ર ભાવ પર્યવસાયિ અથવા ચિંતનાત્મક જ

નહોતો-'આમ કરૂં તો ઠીક અને તેમ કરૂં તો ઠીક' એવી માત્ર મનોરથસૃષ્ટિ રચીને જ બેસી ન રહેતા તેણે પોતાની ભાવનાને ક્રિયાત્મક કરવા બધી તૈયારી રાખી હતી. પરંતુ ઉત્તમ પુરૂષો જ્યારે પોતાના ઉદ્દેશને દરેક પ્રયત્ન છતાં અપૂર્ણ કે અર્ધપૂર્ણ જુએ છે ત્યારે તેઓ ત્યાં પોતાના પુરૂષાર્થની જ જ ન્યૂનતા નિહાળે છે. જીનદત્તે પોતાનો પ્રભુ તરફનો ભક્તિભાવ સ્પષ્ટ કરવાની તક ગુમાવી તે સંબંધમાં તેને અત્યંત પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેવામાં તે નગરના ઉપકંઠ (suburb) માં પાર્શ્વનાથ પ્રભુના શિષ્ય સમુદાય માંહેના કોઈ પરમજ્ઞાની મહાત્મા પધાર્યા. દર્શને જતાં એક મુમુક્ષુએ તેમને વંદનાપુર્વક પ્રભુના પારણા સંબંધી બધી હકીકત નિવેદન કરી, પૂછયું કે, જીનદત્ત કે જે પ્રભુને કાંઈ ભોજન આપી શકયો નથી અને નગરશેઠ કે જેના ગમે તેવા ક્ષુદ્ર અન્નથી પણ પ્રભુનો ઉદરાગ્નિ શાંત થવા પામ્યો હતો; તે બેમાંથી અધિક પૂણ્ય કોણે ઉપાર્જ્યું છે? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સ્વરૂપનો યથાતથ્ય વિવેક કરનાર તે મહાત્માએ ઉત્તરમાં કહ્યું કે "પોતાની ઉગ્ર ભાવનાવડે જે મહદ્ ફળ જીનદત્તે ઉપાર્જ્યું છે તેનો

અનંતમો અંશ પણ નગરશેઠે મેળવેલ નથી. નગર શેઠની ભાવનાહીન ક્રિયાનું ફળ અત્યંત સ્તોક અને નહિવત્ છે, અને જીનદત્તે પોતાના પરમ વિશુદ્ધ પરિણામથી અને પ્રભુ પ્રત્યેના નિરવધિ ભક્તિ ભાવથી, અચ્યુત દેવલોકની ગતિનું ફળ મેળવ્યું છે. પ્રભુના ભોજનાર્થે આગમનની રાહ જોવાના કાળે તેના આત્મ-પરિણામ એટલી બધી ત્વરાથી ઉચ્ચ શ્રેણીમાં વહતા જતા હતા અને તે ભાવમાં ઉત્તરોત્તર તે એટલો બધો તદ્રુપ થતો જતો હતો કે જો તેટલી વારમાં તેણે પ્રભુનું બીજે સ્થળેથી ભોજન ગ્રહણ સાંભળી ચિત્ત વિક્ષેપ ન અનુભવ્યો હોત તો, થોડી વાર પછી જીનદત્ત તે પરમપદ મેળવત કે જે વીર-પ્રભુ હજી એક વરસ પછી મેળવવાના હતા. પણ તેટલામાં તેની પરિણામધારા, પોતાની આશા નિષ્ફળ થયેલી જોઇ, તુટી પડી. અને તેથી તે પદ તત્કાળ ન મેળવતાં ઉચ્ચ દેવલોકની ગતિ ઉપાર્જી."

આ પ્રસંગમાંથી બે ગંભીર સત્યો ઉદ્દભવે છે. (૧) ભાવનાહીન ક્રિયાનું ફળ ઘણુંજ અલ્પ છે અને (૨) કર્ત્તવ્ય માટેના પુરૂષાર્થ વિનાનો એકલો નિર્બળ મનોરથ પણ તેટલો જ નિષ્ફળ છે. જરા વિશેષ

વિસ્તારથી આ મર્મને અધિક સ્પષ્ટ કરીએ.

(૧) બંધનો નિર્ણાયક હેતુ પરિણામ અથવા ભાવના છે, કર્મ (action) નથી. એકલા કર્મથી આપણે આપણું કે કોઈનું કશું જ હિત કરી શકતા નથી. આપણા ગમે તેવા ભારે પ્રયત્નથી પણ આપણે કોઈનું સ્વલ્પ પણ દુઃખ ટાળી શકીએ તેમ નથી, એ હમેશાં સ્મૃતિમાં રાખવાનું છે. વિશ્વ પ્રત્યે કાંઇ પણ પરોપકાર કરવામાં આપણે વિશ્વનું કલ્યાણ કરી નાંખીએ છીએ, એમ જો કોઇ માનતું હોય તો તે ઠગાય છે. એટલું જ નહી પણ પારકાનું હિત કરવા રૂપ અભિમાનવાળી ભાવનાથી ઉલટો પોતે વિશેષ બંધાય છે. દુનિયા આપણા જેવા ક્ષુદ્ર જંતુઓના પરોપકારની રાહ જોઇ બેઠી નથી, કે આપણે ખાલી તેવી અહંતાથી પુલાઇએ ! ખરી રીતે મનુષ્યોનો પરોપકાર કરવાનો પ્રયત્ન બીજાના હિતનો નહીં પણ પોતાના હિતનો સાધક છે. અને તે સ્વહિતના પ્રમાણનો આધાર, તે પરોપકારી કૃત્યના સ્થુળ પ્રમાણ ઉપર નહીં, પણ જે સ્વાર્પણની ભાવનામાંથી તે કૃતિ ઉદ્ભવે છે તેના ઉપર છે. બીજાનું કાંઈ હિત થવું યા ન થવું તે તેમની પોતાની કર્મની વિચિત્રતા

ઉપર આધાર રાખે છે. પરંતુ આપણા હિતકર ચિંતન અને કાર્યથી આપણને તો તેમાં અંતગર્ત રહેલા સ્વાર્થ ત્યાગના તારતમ્ય અનુસાર જરૂર ફળ મળે જ છે. આથી આપણને જે ફળ મળે છે, તે આપણી કૃતિમાંથી નહીં, પણ તે કૃતિના મૂળમાં તેના આત્મારૂપે રહેલી સ્વાર્પણની ભાવનામાંથી મળે છે. ઘણીવાર આપણા કર્ત્તવ્યો બીજાને સુખરૂપ થઈ શકે તેટલા સંપૂર્ણ અથવા પ્રબળ હોતા નથી, તેથી બીજાના સંબંધમાં કરેલો તેવો પરોપકારરૂપ પ્રયત્ન નિષ્ફળ જ જાય છે, પરંતુ પરોપકાર કરનારના તેવા પ્રયત્નનું બીજ તેની સ્વાર્થત્યાગની ભાવનામાં હોવાથી, તે તો શુભ ફળ મેળવે જ છે જો તેમ ન હોત અને ફળનો આધાર માત્ર એકલી સ્થુળ અને ભાવનાહીન કૃતિ ઉપર જ હોત તો આ વિશ્વમાં કોઈ દ્રવ્યહિન મનુષ્યથી પોતાનું કલ્યાણ બની જ શકત નહીં, અને માત્ર એકલા ધની પુરૂષો જ પોતાના દ્રવ્યના વ્યયવડે પારકાનું અને પોતાનું ખરૂં કલ્યાણ કરી શકત, અને તેમ થયેથી શાસ્ત્રકારોને પણ નિષ્કંચનત્વનો બોધ આપવાને બદલે ગમે તેમ કરી પુષ્કળ પૈસો ભેગો કરી પરમાર્થો કરવાનો એકાંત

ઉપદેશ આપવો પડત. પરંતુ જ્યારે તેમ નથી ત્યારે આપણને સ્પષ્ટ થાય છે કે સ્વયં કૃતિમાં ફળદાયીત્વ નથી. પણ તે કૃતિની પાછળ રહેલી પોતાની સ્વાર્થ ત્યાગની ભાવનામાં જ તે છે. ત્યાગની ભાવના શિવાયનો ત્યાગ એ ઘણીવાર અભિમાનનો પોષક થાય છે, અને તેથી તે કૃતિ, તેના કરનારનું તેમજ જેમના સંબંધે તે કરાય છે, તેમનું પણ હિત કરી શકતી નથી. કદી સામા મનુષ્યનો સત્કર્મનો ઉદય નજીક હોય તો ત્હેના નિમિત્તે તે કૃતિ તેને ફળે છે. પરંતુ આપણને મળવાના ફળનો આધાર, સામા મનુષ્યને તે કૃતિ સફળ થઇ છે કે નિષ્ફળ થઈ છે તે ઉપર નથી પરંતુ તે કૃતિ આપણા કેટલા સ્વાર્થત્યાગના પરિણામ રૂપે છે તેના ઉપર છે. ટુંકામાં, બીજાનો પરોપકાર કરવામાં મનુષ્ય પોતાનો જ ઉપકાર કરે છે. બીજાને તે ઉપકાર સુખરૂપ થવો યા ન થવો એ તેના પોતાના કર્મ ઉપર નિર્ભર છે. આત્માના વિકાસ અર્થે ત્યાગ એ અત્યંત આવશ્યક હોવાથી જ દાન આદિકનો આટલો બધો મહિમા શાસ્ત્રકારો ગાય છે. દાન પોતે કાંઇ જ મહત્વની વસ્તુ નથી. પણ દાન થતાં પહેલાં થવો જોઇતો કૃ-

પણુતાનો-સંકીર્ણતાનો લોપ, એ જ ખરી મહત્વની વસ્તુ છે. જો તેવો લોપ સધાયા વિના અન્ય ક્ષુદ્ર હેતુથી જો દાન રૂપ ક્રિયા પ્રગટે છે, તો તે દાન કરનારને ઉલટી હાની કરનાર છે. કેમકે તેવી ક્રિયાથી તેની કિર્તિ-લોભ આદિ હલકી વાસનાઓ પોષણ મેળવી બળવાન્ થાય છે. આમ હોવાથી જ મહાવીર પ્રભુ જેવા પરમ પુરૂષને ભોજનનું દાન આપનાર નગરશેઠને જે ફળ મળ્યું તે માત્ર નહિવત્ જ હતું, અને જીનદત્ત કે જે કશું જ આપી શકયો ન્હોતો તેણે પોતાની ઉત્કૃષ્ટ ભાવના વડે ઉત્કૃષ્ટ ફળ મેળવ્યું હતું.

(૨) કર્તવ્ય અર્થે જે પ્રયત્ન આવશ્યક છે, તે પ્રયત્ન વિનાનો ખાલી મનોરથ પણ તેટલો જ ફળ-હિન છે. ગમે તેવી મહાન્ પારમાર્થિક ભાવના પણ જો માત્ર ચિંતનમાં જ અટકી રહે તો તે નકામા જેવી જ છે. ચિંતન (feeling) ને સંકલ્પ (willing) ના પ્રદેશમાં આગળ ધકેલાય અને ત્યાંથી કૃતિ (action) ની પૂર્ણતાએ લવાય, તો જ તે કૃતિના મૂળમાં રહેલું ચિંતન સફળ ગણી શકાય. ચિંતનનો મહિમા માત્ર કૃતિના એક સાધન તરીકે છે. જે ચિંતનને સંકલ્પ અને કૃતિ અનુસરતા નથી, તે ચિંતન

આપણને અને જગતને ઉભયને વ્યર્થ છે. કેમકે આપણે પારકાને દુઃખે ગમે તેટલા દુઃખી થઇને બેસી રહીએ તો પણ તેમાં દુઃખિતનું શું વળ્યું? કદાચ તેવી શુભ લાગણીમાં કાંઇ તાણીતોડીને લાભ શોધવા જઇએ તો એટલું કહી શકાય કે તેથી આપણો સમભાવ (sympathy) નો અભ્યાસ વધે છે, અને તેથી કલ્પના વડે જગત્‌ના દુઃખની સાથે સંબંધમાં આવતા, આપણા સુખમાં ઉન્મત્ત બનતા અટકીએ છીએ, અને દુઃખની વખતે કલ્પનામાં સહેલા દુઃખના અભ્યાસના બળથી, કાંઇક ટટ્ટાર રહી શકીએ છીએ. પણ આ લાભ એ કાંઇ મહત્ત્વનો નથી, અને મહત્ત્વનો ગણીએ તો પણ તે લાભ બીજી રીતે પણ મેળવી શકાય તેમ છે. આપણાથી વધારે સુખીના સુખની સાથે આપણા સુખનો મુકાબલો કરવાથી આપણી ઉન્મત્તતા અને મદ હેઠા બેસી જાય છે, અને દુઃખની વખતે આપણા કરતાં વધારે દુઃખી જનોના દુઃખની સાથે આપણા દુઃખનો મુકાબલો કરવાથી દુઃખમાં દબાઈ જતા અટકીએ છીએ અને સંતોષ માની રહી શકીએ છીએ. માટે માત્ર ભાવ અથવા ચિંતનાત્મકપણાની ભૂમિકા વળોટી કૃ-

તેના પુણ્ય પ્રદેશમાં પ્રવેશવું એમાંજ ખરી ઉદારતા, હૃદય વિસ્તાર અને સ્વાર્થત્યાગ સમાયેલ છે. કોઇને દુઃખી થતો જોઇને આપણામાં તેનું દુઃખ નિવારવાની શક્તિ હોય છતાં માત્ર તેના દુઃખ ભણી જોઈ ચિંતવીએ કે "અરેરે! આ બીચારો કેવો પીડાય છે?" તો આ ભાવના એ દયા નથી, પણ અદયા છે-નહીં નહીં, નિર્દયતા છે. જેટલે અંશે તેનું દુઃખ નિવારવાની આપણી શક્તિ વધારે તેટલે અંશે આપણી નિર્દયતા પણ વધારે ગણાવા યોગ્ય છે. આપણા સહજ પ્રયત્નથી તેનું દુઃખ ટળતું હોય અથવા ન્યૂન થતું હોય છતાં આપણે તેની ઉપેક્ષા કરીએ અને માત્ર સમભાવ દર્શાવી ચાલ્યા જઇએ તો તેવા સમભાવ (!) ને દયાના નામથી સંબોધવું, એ દયાના વાસ્તવ સ્વરૂપની મશ્કરી કરવા તૂલ્ય છે. ખરી દયાનો મનમાં ઉદય થાય તો કૃતિ થયા વિના તેને નિરાંત વળેજ નહીં. જૈનો જેને "ભાવદયા" કહે છે તે ભાવના, આ કાળે લોકોના મનમાં એવી અસ્તવ્યસ્ત રૂપમાં રહી છે કે ઘણીવાર માત્ર હવાઇ કિલ્લા અને શેખસલ્લીપણાને ભાવદયાની સંજ્ઞાથી પ્રબોધવામાં આવે છે. પરંતુ ભાવદયાનું સ્વરૂપ તેવું નથી. બીજાના

દુઃખની સ્થિતિનો તદ્રુપ અનુભવ, તે પછી, તે સ્થિતિ પ્રત્યે આપણી સમદુઃખિતા, અથવા અનુકંપા (સામાના હૃદયકંપને આપણું હૃદય અનુસરે તે ક્રિયા), અને ત્યાર પછી હૃદયાર્દ્રતા અને ત્યાર પછી સ્વાર્થત્યાગ. એટલી હૃદયની સામગ્રીના સમુચ્ચયને ભાવદયા કહેવી જોઇએ. તેટલી સામગ્રી તૈયાર થયા પછી કૃતિ થવામાં કાંઈ જ વાર હોતી નથી. માત્ર એક ટકોરાની જ અપેક્ષા હોય છે. કૃતિનું ઉપાદાન કારણ ઉપરોક્ત સામગ્રીનો સમુહ જ છે, અર્થાત્ તે કૃતિનો પૂર્વ પર્યાય છે. એમ બનવા યોગ્ય છે કે એટલી સામગ્રી છતાં ઘણીવાર તેવા ભાવદયાવાળા મનુષ્યથી કૃતિના પ્રદેશમાં જવાતું નથી. કેમકે તેની કૃતિથી સામા મનુષ્યનું દુઃખ ટળે તેમ ન હોય તો તે કૃતિનો નિષ્ફળ વ્યય થાય છે, અને તેથી તેની સારાસાર વિવેક શક્તિ તેને કૃતિમાં ઉતરતા રોકે છે. છતાં તેવી ભાવદયાથી તેને તો જે ફળ મળવા યોગ્ય છે તે જ મળે છે. કૃતિ નથી બની શકી તેટલા કારણથી તેની ફળ શકિતમાં ન્યૂનતા રહેવા પામતી નથી. કેમકે કૃતિ ન થવામાં તેનો પ્રમાદ અથવા સ્વાર્થ હેતુરૂપ હોતો નથી. પરંતુ સામા મનુષ્યના દુઃખના મોટા પ્રમાણને પહોંચી વળવા તેની યત્કિંચિત સામગ્રી

અશક્ત હોય છે તેજ છે. મનોરથ અને યથાર્થ ભાવદયા વચ્ચે જે ભેદ છે તે આથી કાંઈક સ્પષ્ટ થશે. ટુંકામાં, મનોરથ જ્યારે ચિંતન કરીને જ બેસી રહે છે ત્યારે ભાવદયા કૃતિ કરવા પર્યંતના હૃદય વેગને વિસ્તારી શકે છે. મનોરથનું મૂળ ક્ષણિક આવેશમાં હોય છે, ત્યારે ભાવદયાનું બીજ સ્વાર્થત્યાગમાં હોય છે. મનોરથ એ અળપાઇ જવા નિર્માએલો ખાલી મનસ્તરંગ છે, ત્યારે ભાવદયાનો વેગ કૃતિ થયેજ વિરમે તેવો નિયત દિશામાંજ ગતિ કરનારો, અને ઈષ્ટ હેતુનો સાધક હોય છે.

એક દિવસ પ્રભુ વિહાર કરતા કરતા કોઈ નગરની સમીપના વનમાં આવી ચડયા અને ત્યાં દેહ વાણી અને મનના યોગનો નિરોધ કરી, આત્મ સમાધીમાં સ્થિરપણે ઉભા હતા. તે રસ્તે થઇને પોતાના બે બળદોને દોરી જતો એક ભરવાડ નીકળ્યો. તે જ્યારે પ્રભુની પાસે આવ્યો ત્યારે તેને કાંઈક પોતાનું બીજું કામ સાંભરી આવ્યું. અને પોતાના બળદો પ્રભુને ભળાવી તેમને સાચવવાની ભલામણ આપી ચાલ્યો ગયો. પ્રભુના સર્વ પ્રકારના બાહ્ય યોગ, કાચબાના અંગની માફક સંવરિત હોવાથી, તે ભરવાડના

કહેવા ઉપર અથવા બળદ પોતાની સમીપમાં છે તે વાત ઉપર તેમનું ધ્યાન ન હતું, ભરવાડ એમ સમજેલ કે, પ્રભુએ તેની ભલામણના પ્રત્યુત્તરમાં મૌન રાખવેલું, તે પોતાની ભલામણના સ્વીકાર તુલ્યજ હતું, તે ભરવાડ જો પ્રભુના આત્માની સ્થિતિ સમજી શક્યો હોત તો પ્રભુને પ્રાપ્ત થવાના દુઃખદ પ્રસંગનો સંભવ એટલેથી જ અટકી જાત. પણ જેમ દુનિયાના સોએ નવાણું પ્રસંગોમાં વિરોધો ઉભા થવામાં એક બીજાની ગેરસમજુતી એજ કારણ છે, તેમ આ ભરવાડની બળદ સાચવવાની ભલામણના સંબંધમાં પણ બનવા પામ્યું. પ્રભુ એ બળદોની પાછળથી સંભાળ રાખશે અને તેમની તેમ કરવાની નામરજી હોત તો ભલામણના વખતેજ ના પાડી દેત; એવા ખ્યાલથી ભરવાડ બળદોને પ્રભુની પાસે ઉભા રાખી, પોતાના કામે ઉતાવળથી જતો રહ્યો. પ્રભુને તો ભરવાડ, બળદ કે ભલામણ ત્રણમાંથી એકે વાતની ખબર નહોતી. બન્યું પણ એમજ કે બળદો જુદી જુદી દિશામાં ચરવા માટે દૂર ચઢી ગયા. ઘણીવાર પછી ભરવાડ પાછો આવી જુએ છે તો બળદ નથી. પ્રભુને બળદના સંબંધમાં પૂછતાં તેમણે તો પૂર્વની

જેમ પોતાની મૌન પ્રતિજ્ઞાને અનુસરી, કશો ઉત્તર આપ્યો નહીં. મૂર્ખ ભરવાડે આ ઉપરથી એમ માન્યું કે આમ નિરૂત્તર રહેવામાં અને બળદનો યોગ્ય પત્તો નહી આપવામાં પ્રભુની જરૂર બદદાનત હોવી જોઇએ. તેણે ફરી ફરી પ્રભુને પોતાના બળદનો પત્તો આપવા પુછવા માંડયું, પરંતુ જ્યારે તેના બધા જ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુએ એનો એજ મૌનભાવ દાખવવા માંડયો, ત્યારે તેને અત્યંત ક્રોધ ચઢયો. પ્રભુ તો પોતાના સ્વરૂપમાં સંલીન હોવાથી તેમની આસપાસ જે કાંઇ થતું હતું, તેનું તેમને મુદલ ભાન જ નહોતું. તેમના યોગ જો બાહ્યભાવે વર્તતા હોત તો આવી ગેરસમજુતી ઉભી થવાનો પ્રસંગ નિવારી શકાયો હોત, અને પ્રભુ પોતે પણ પોતાના આવા અજ્ઞાત વર્તનથી ભરવાડના મનમાં ક્રોધ ઉપસ્થિત કરવામાં નિમિત્તરૂપ ન થયા હોત. પરંતુ આ પ્રસંગે આ ભરવાડ દ્વારા, કર્મફળપ્રદાત્રી સત્તાને, પ્રભુએ પૂર્વભવમાં ગતિમાં મુકેલા દુઃખદ કારણને કાર્યરૂપ કરવાનો અવસર પાકી ચુકયો હતો. પ્રભુને આ પ્રસંગે પ્રાપ્ત થવાના કષ્ટનું કારણ પૂર્વે વાસુદેવના ભવમાં એવી રીતે રચ્યું હતું કે તેઓ એકવાર નિદ્રાવશ થવાની તૈયારીમાં હતા અને તે

માટે પોતાની શય્યામાં જાગૃતપણે સુતા હતા તે વખતે તેમનો શય્યાપાળક આ ભરવાડનો શરીરસ્થ આત્મા હતો. વાસુદેવે પોતાના શય્યાપાળકને આજ્ઞા કરી હતી કે "અત્યારે જે આ સંગીત વાદ્ય વિગેરે ચાલે છે તે બધું, જ્યારે મારી આંખ મળી જાય ત્યારે, તુર્ત બંધ કરાવી દેજે. માત્ર હું જાગું ત્યાં સુધી જ શરૂ રખાવજે." પરંતુ સંગીતના ધ્વનીમાં લુબ્ધ થયેલા તે શય્યાપાળકે પોતાના આજ્ઞાપકની આજ્ઞાનો અવજ્ઞાપૂર્વક તે નૃપતિના નિદ્રાવશ થાય પછી પણ સંગીત ચાલુ જ રખાવ્યું. ગાયકોએ પોતાનું સંગીત બંધ કરવાનો નિત્યનો વખત થતાં બંધ કરવાની આજ્ઞા માગી. પણ પેલા શય્યાપાળકે તો રાગવશ થઈ તે શરૂ રાખવાની આજ્ઞા કરી. ગાયકો તો તે પ્રમાણે સવાર સુધી પોતાનું કામ લંબાવ્યે ગયા. વાસુદેવને જાગવાનો વખત થયો છે, તે વાતનો પણ શય્યાપાળકે અનાદર કરી, સંગીત ચાલુ જ રખાવ્યું. આખરે નૃપતિ જાગીને જુએ છે તો સૂર્યોદય થયા છતાં રાત્રીના પ્રથમ પ્રહરે ચાલતું હતું તેવું જ સંગીત ચાલતું રહ્યું હતું. તેમણે પૃચ્છા કરી તે ઉપરથી જણાયું કે શય્યાપાલકે તેમને તેમ



" કર્ણમાં શરકર વૃક્ષની મેખો ઠોકી દીધી."

[પૃષ્ઠ ૧૧૩

K. P. P. Bombay 2.

કરવા આજ્ઞા કરેલી હતી. આથી વાસુદેવને પોતાની આજ્ઞાની અવગણુના કરવા સુધીની, પોતાના અનુચરની રાગાંધતા ઉપર ક્રોધ ચઢયો. અને તેને બોલાવી મંગાવી જે ઈન્દ્રીયને તૃપ્ત કરવા માટે તેણે તેના ધણીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું, તે ઇન્દ્રીયના ઉપયોગનો સદંતર નાશ કરવા હુકમ કાઢયો. તેના કર્ણના ગોલકમાં સીસાનો ધગધગતો રસ રેડી પુરી દેવામાં આવ્યા. આવું અત્યંત નિર્દયતા ભરેલું કાર્ય કરવામાં પૂર્વ ભવે વાસુદેવના શરીરમાં રહેલા પરંતુ આ કાળે પ્રભુના શરીરમાં વિરાજતા આત્માએ જે અત્યંત અને પ્રચંડ ઉગ્ર ભાવો સેવ્યા હતા, તેનો બદલો ભોગવવાનો અનિષ્ટ પ્રસંગ પ્રભુને આવી ચડયો. પ્રભુએ પૂર્વ ભવે પોતાના રાજ્યત્વના અભિમાનના છકથી જેમ એક સહેજ કોપોત્તેજક કારણુથી પોતાના સેવકના કર્ણમાં સીસું રેડાવવા જેવું ભયંકર કાર્ય કર્યું હતું, તેમ આ ભવે પણુ પોતાના બળદનો પત્તો પ્રભુએ ન આપવાના સહેજ કારણુથી કુપિત થઈ, તે ભરવાડે, પ્રભુના જે કર્ણદ્વયમાં પોતાની આટલી આટલી પૃચ્છાની કશી જ અસર થતી ન હતી તે કર્ણમાં શરકર વૃક્ષની મેખો ઠોકી દીધી. અને તેની

કોઈને ખબર પડવા ન પામે અથવા તે પાછા કાઢવાની જલદી કારી ન ફાવે માટે વધારાના બહાર રહેતા ભાગો કાપી લીધા. નીરાગી પ્રભુ આવા બળવાન્ નિમિત્તથી પણ જરાયે પોતાના ક્ષમાવૃતથી ચલિત થયા નહીં. તેઓ જાણતા હતા કે આ વિશ્વમાં એક સ્ફુરણ સરખું કાર્ય પણ, પૂર્વે રચાએલા કારણ વિના પ્રગટતું નથી. ભરવાડે પોતાને જે ઉગ્ર-કષ્ટ આપ્યું તેમાં પણ પોતે જ કારણ હતા અને તે કારણ તે ભરવાડદ્વારા તે કાળે ફળરૂપ થયું હતું. એ પ્રભુથી અજાણ્યું ન હતું.

વાસુદેવના ભવમાં પ્રભુએ પોતાના સેવકના કર્ણમાં સીસું રેડાવતી વખતે જે મનોભાવ સેવી ભયંકર વેદનીય કર્મ ઉપાર્જ્યું હતું, તે મનોભાવમાં મુખ્ય પણે બે તત્ત્વો અંતર્ગત હતાં. (૧) પોતાની ઉપભોગ સામગ્રીનો અન્યના ઉપભોગ અર્થે ઉપયોગ થતો જોઇ પ્રગટેલી મમત્વ ભાવના (૨) અને અલબત્ત તે શય્યાપાલકને પારકી સામગ્રીના તેવા ઉપભોગનો હક નહોતો, છતાં એક મનુષ્ય બીજાના હક ઉપર આક્રમણ કરે તેના દંડરૂપે તેવા આક્રમણનું સ્વરૂપ, વિસ્તાર કે પ્રકાર ઉપર લક્ષ્ય રાખ્યા વિના ક્ષણિક આ-

વેગને વશ થઇ, પોતાને કોઇ જ પુછનાર નથી એવા મહાંધપણાથી ગમે તેવી શિક્ષા કરી લેવાની ભાવના.

પોતાની ઉપભોગ સામગ્રીનો સુખાસ્વાદ અન્ય વડે થતો જોઈ તેનો બદલો લેવા માટે જે વૃત્તિ ઉદ્‌ભવે છે, તેની તિવ્રતા, ગાઢતા અને સ્થાયિત્વનું નિયામક તે ઉપભોગ સામગ્રીને વિષે રહેલું પોતાનું મમત્વ છે. મારા પુણ્ય બળથી જે કાંઈ મને મળ્યું છે, તેનો ભોક્તા મારા શિવાય અન્ય કોઈ જ ન થાય અને કદી મારી નજરચુકનો લાભ લઈ, કોઈ તેનો અયોગ્ય રીતે ઉપભોગ કરી લે, અથવા તે ભોગ્ય સામગ્રી મારી પાસેથી છીનવી લે, તો તેનો મરજી પડે તેવો બદલો, બને તેટલા આવેશથી હું લઉં, એવો પામર હૃદયનો સ્વાભાવિક વેગ હોય છે. પરંતુ મનુષ્ય સરળપણે અને નિર્મળ બુદ્ધિથી વિચારી જુએ તો તેને જણાય કે જે વસ્તુને તે પોતાના પુણ્યબળથી જ ઉપસ્થિત થયેલી ગણે છે અને જેને તે માત્ર પોતાના જ ઉપભોગનું સાધન કલ્પે છે, તે વસ્તુનું સુખદાયીપણું ઘણાં આગંતુક કારણો ઉપર આધાર રાખતું હોય છે. અર્થાત્ તે વસ્તુની ભોગપ્રદાન શક્તિ, ભોક્તા જેને તેના ઉપભોગથી બાતલ

રાખવા માગે છે તેમના ઉપર જ બહુધા અવલંબી રહેલી હોય છે. વસ્તુનું સુખદાયીપણું જે અંશોના સમુચ્ચયથી ઉદ્‌ભવેલું છે, તે અંશોનો તિરસ્કાર કરવો એ મૂર્ખાઇ છે, અને આસપાસનો સમાજ એ પોતાના ઘણા વિષયોના સુખદપણાનું મુખ્ય અંગ હોવાથી, સમાજ અને આપણા સુખનો અવયવ-અવયવી સંબંધ છે-અર્થાત્ જનસમાજ એ આપણાં સુખનું એક મુખ્ય ઘટક અથવા અંગ (constitnent) છે. આપણી ઉપભોગ સામગ્રીના મૂલ્યનો કેટલે અંશે સમાજ ઉપર આધાર રહેલો છે, તેનું કિંચિ ત્‌વિવરણ અત્ર અસ્થાને નહિ ગણાય.

મનુષ્ય હૃદયના ગુપ્ત મર્મનું અવલોકન કરતાં જણાય છે કે સુંદર અથવા સુખદ વસ્તુનો ઉપભોગ કરવો તેટલાથી જ તેને પરિતૃપ્તિ થતી નથી, પરંતુ તે સાથે પોતાના સુખાનુભવનું બહારના જગત્‌ને પણ જ્ઞાન છે, એવું તે ભોક્તાને ભાન હોવું એમાં તેનું અડધો અડધ સુખ રહેલું હોય છે. સુંદર વસ્ત્રાલંકાર પહેરવામાં જે સુખ રહેલું હોય છે, તેનું પ્રથક્કરણ કરી જોતાં જણાય છે કે તે સુખનો જરા પણ અંશ તે વસ્ત્રાલંકારમાં સ્વતઃ રહેલો હોતો નથી. તેમાં

સ્પર્શ સુખનો પણ હક નથી, એટલુંજ નહીં પણ ઉલટું તેથી શરીર ઉપર એક પ્રકારનું ઉપાધીરૂપ વળગણ જેવું લાગે છે. છતાં તેમાં જે સુખ અનુભવાય છે, તે "મને આવા સુંદર અલંકારમાં પરિવેષ્ટિત નિહાળી આસપાસના લોકો મને સુખી ગણશે," તેવા ભાનમાં રહેલું છે. અલંકારને અંગે રહેતી આવી ભાવના બાદ કરવામાં આવે તો શેષમાં ભાગ્યેજ કાંઈ રહેવા પામશે, અને આમ છે તેથીજ અલંકાર દ્વારા પોતાની સુખમય અવસ્થાનું જાહેરનામું ફેરવનારાઓ ઘરના ખાનગી ખુણામાં તે અલંકારને એક બાજુએ મુકી રાખે છે. આથી સ્પષ્ટ થાય છે કે દુનીયામાં પ્રાપ્ત થતું ઘણાખરૂં સુખ એ, "આસપાસનું જન મંડળ મને સુખી માને" એના અભિમાનમાં સમાએલું હોય છે. જો તેની આસપાસ તેને સુખી ગણનાર કોઇજ મનુષ્ય ન હોય તો, અથવા પોતાની સુખમયતાના અભિમાનનું કશું જ નિમિત્ત ન હોય તો, તેની સુખસામગ્રીનું તેમજ તેના તે પૂણ્યબળથી જે સામગ્રી તેને પ્રાપ્ત થઇ છે તેનું મૂલ્ય કશુંજ રહેવા પામતું નથી. સુખી થવા માટે એકલી સુખસામગ્રીનીજ નહીં, પણ પોતાને

તેવી સામગ્રીથી સુખી માનનાર મંડળની પણ પ્રથમ આવશ્યકતા છે.

જ્યારે આસપાસના જન મંડળ ઉપર પોતાના સુખનો આટલો બધો આધાર છે અર્થાત્ તે પોતાના સુખના આત્મા સમાન છે, તો પછી "મારી ઉપભોગ સામગ્રી ઉપર તેમનો કશોજ હક નથી અને મારા પુણ્ય સંચયથી પ્રાપ્ત થયેલું સુખ હું એકલો જ ભોગવું" એવી ભાવના એ તેવું માનનારના હૃદય સંકોચ, પામરતા અને વિષય લાલસાના અતિશયપણાનેજ સુચવનાર છે. પોતાના પૂણ્યબળનું અભિમાન રાખનારે સમજવું જોઇએ કે આખી દુનીઆ એ માત્ર તમારા સુખ અર્થે ઘડવામાં આવી નથી, અથવા તમારા પૂણ્યબળમાંથી પ્રકટેલી નથી. પોતાના સુખાનુભવના મુખ્ય અંગરૂપ સમાજ પ્રત્યેની તિરસ્કાર વૃત્તિ, એ આત્માની અધમ દશાનોજ પ્રકાર છે.

પોતાની માલીકીની ચીજ પોતાના શિવાય બીજા કોઇને ભોગવવાનો હક નથી, એવો નિયમ રાજ્યકર્ત્રી સત્તાએ માત્ર વ્યવહારમાં અવ્યવસ્થા થવા ન પામે એટલાજ માટે ઘડેલો છે. એ લૌકિક નિયમ, વિશ્વનું રાજ્યતંત્ર ચલાવનાર દિવ્ય સત્તાને

લેશ પણ બંધનકર્ત્તા નથી. સવડને ખાતર ઉપજાવેલા ખાસ ધોરણોને પ્રકૃતિના મહારાજ્યમાં પ્રવર્તતા નિયમો રૂપે અથવા તેના પ્રતિનિધી રૂપે માની લેવાની ભૂલ બુદ્ધિમાનો કરતા નથી. પોતાના સ્વામીત્વની વસ્તુ ઉપર બીજાઓ આક્રમણ ન કરે તેવા નિયમો ઘડવામાં લૌકિક સત્તાનો હેતુ લોકોની સ્વાર્થવૃતિને મર્યાદામાં રાખવાનોજ છે, પરંતુ ઈશ્વરના મહારાજ્યમાં તેવા સ્વાર્થોની ઝપાઝપી સુદ્દલ નથી; અને તેથી તેમાં પ્રવેશ કરવા ઈચ્છનારે પોતાની વસ્તુના ઉપભોગનો પોતાનેજ સંપૂર્ણ હક છે અને બીજાને નથી, એવી સ્વાર્થવૃત્તિ ત્યજવી જોઈએ. પોતાની વસ્તુનો માલીકી હક પોતા શિવાય અન્ય કોઈને જ નથી એવું પ્રભુના ઘરનું ધોરણ હોત તો મહાવીર અને બુદ્ધ આદિ ઇશ્વર કોટીના પુરૂષો તે નિયમનું ઉલ્લંઘન કદી જ કરત નહીં. પરંતુ જ્યારે તેમણે પોતાનો માલીકી હક દુનીઆને વહેંચી આપવામાંજ પોતાનું સાચું હિત માન્યું ત્યારે તેમને આદર્શરૂપે માનનાર આપણે પણ સ્વીકારવુંજ પડશે કેઃ—"મારી સુખ સામગ્રીનો હું એકલોજ ઉપભોગ કરૂં" એવી સ્વાર્થભાવના આત્માનું અધઃપતન કરે છે.

વાસુદેવના ભવમાં પોતાના શય્યાપાલકના કર્ણમાં સીસું રેડવાની જે ક્રુર શિક્ષા મહાવીર પ્રભુએ કરી હતી, તેમાં અંતર્ગત રહેલા ઉગ્ર નિષ્ઠુર પરિણામ તે પણ તેમને આ ભવે ઉદય પામેલી પ્રચંડ વેદનીય પ્રકૃતિમાં હેતુરૂપ હતા. એક અલ્પ અપરાધ માટે ભયંકર દંડ કરવાના કાર્યમાં તે વાસુદેવની જે તિવ્ર સ્વાર્થભાવના અને ઘાતકી વૃત્તિ સમાએલી હતી, તેના ફળરૂપે વર્ત્તમાન ભવમાં મહાવીર પ્રભુને તેવીજ શિક્ષા સહન કરવી પડે તે નિસર્ગના નિયમને તદ્દન અનુરૂપ અને થવા યોગ્યજ હતું, એમાં લેશપણ શક નથી. પોતાને કોઈજ પુછનાર નથી અને પોતાના સેવકનું જીવન મરણ પોતાના હસ્તમાં સોંપાએલું છે, માટે રાગ દ્વેષને અનુકૂળ આવે એવી સજા કરી લેવી, એવી વૃત્તિ વાસુદેવને રાખવી ઘટતી નહોતી. તેમાં વિશેષ કરીને જ્યારે પોતાનો સેવક તે ફરમાવેલી શિક્ષાની વિરૂદ્ધમાં પોતાનું કશુંજ બળ અજમાવી શકે તેમ નહતું, અને પ્રત્યાઘાત કરવાની તેને લેશ પણ તક નહોતી, તે વખતે વાસુદેવે પોતાના વૈરની ભાવના ઉપર અંકુશ રાખવો જોઇતો હતો. જ્યારે સામો મનુષ્ય પોતાના વિરૂદ્ધ કાંઈજ હાથ ઉઠાવી

શકે તેમ હોતું નથી ત્યારે તેના પ્રત્યે કામ લેવામાં મનુષ્યે બહુ વિવેક વાપરવાનો છે. પોતાના કાર્ય વિરૂદ્ધ સામા મનુષ્યને વાંધો ઉઠાવવાની અથવા પોતાનું બળ અજમાવવાની તક પ્રાપ્ત હોય તો બન્નેની વિરોધભરી લાગણી કેટલેક અંશે સ્થૂળ ભૂમિકા ઉપર અથડાઇને વિરમી જાય છે, અને બહુ ઉગ્ર કર્મબંધ થતો નથી. પરંતુ જ્યાં તેમ હોતું નથી–અર્થાત્ એક પક્ષને મુંગે મોઢે શિક્ષાજ સહન કરવાની હોય છે ત્યાં તે શિક્ષા જો ગુન્હાના પ્રમાણ કે પ્રકારના ઉપરાંતની હોય છે તો તેનું વૈર, તે શિક્ષા સહનારના આત્માની સૂક્ષ્મ ભૂમિકા ઉપર ઉછરીને મોટું થાય છે; અને તેનું ફળ આખરે બહુ બુરૂં આવે છે.

પ્રત્યાઘાતની સામા મનુષ્યને તક હોય છે તો તે વૈરભાવના કાંઈક સ્થૂળ કાર્યદ્વારા શિથિળ પડી જવા પામે છે. પરંતુ તેમ જ્યાં હોતું નથી, ત્યાં વૈરવૃત્તિનું બળ સામા પક્ષની સૂક્ષ્મ ભુમિકા (astral-plane) ઉપર એકત્ર થાય છે અને તેના પરિપાકનો અવસર આવ્યે, તે શિક્ષા કરનાર, પછી એક આખી પ્રજા હોય, કે એકજ મનુષ્ય હોય; તોપણ ભયંકર

બદલો લીધા વિના વિરામ પામતું નથી. આમ હોવાથી કેટલાક સમજુ રાજાઓ દુશ્મનના કેદ થયેલા માણસો પ્રતિ ડહાપણભર્યું વર્તન ચલાવી તેમની સારી રીતે સંભાળ રાખે છે. અગર જો તે વખતે ધારે તો તે રાજા તે બધા મનુષ્યોને મારી નાખવા સમર્થ છે, તો પણ તેના તેવા કાર્ય સામે થવાની તે મનુષ્યોને તક ન હોવાથી, તેમ કરવામાં તે મહાન્ અનિષ્ટ ફળ જુએ છે. સત્તાહીન રંક મનુષ્યોને રીબાવવામાં, અથવા તેમને તેમના અપરાધના પ્રમાણુથી જ્યાદે શિક્ષા કરવામાં, જે ભયંકર અનિષ્ટ રહેલું છે, તે આત્મજ્ઞ પુરૂષોજ સારી રીતે સમજી શકે છે. સૂક્ષ્મ ભૂમિકા ઉપર તે વૈરની લાગણી કેવી રીતે પોષણ પામી વધે છે, તેનું સ્વરૂપ જેઓ જાણે છે, તેઓ જગતને વારંવાર એવા કાર્યથી ચેતવાની સલાહ આપતા ગયા છે. પોતાની શિક્ષા સામે વાંધો ઉઠાવવાને સત્તાહીન પ્રાણીઓના ઉષ્ણ નિશ્વાસમાં લોહીને પણ ભસ્મીભૂત કરવાનો પ્રચંડ દાવાનળ ગુપ્તપણે સમાયેલો છે; એવો અનેક સંત પુરૂષો વિશ્વને સંદેશો આપતા ગયા છે. ઇતિહાસના પૃષ્ઠો પણ એજ સત્યની સાક્ષી પુરતા આપણી સામે પડયા છે. અ-

યોગ્ય દંડ આપવાની વૃત્તિથી આખી પ્રજાઓ અને ખંડવ્યાપી રાજ્યસત્તાઓ વિનાશ પામી ગઇ છે, તો એક પામર મનુષ્ય તેવી વૃત્તિના ઉગ્ર ફળથી કેમ બચી શકે? વાસુદેવને તેવી શિક્ષા ફરમાવતી વખતે એવો જ ગર્વ રહેલો હતો કે મારા શાસનચક્રમાં આવેલા બધા જ મનુષ્યોને હું ધારૂં તેમ કરી શકું તેમ છું. મારા કાર્ય સામે માથું ઉંચકનારી ઇત્તર સત્તા આખા વિશ્વમાં કોઇ જ નથી. પણ તેના અભિમાનના આવેશમાં તે એટલું જોવું ભૂલી ગયા કે આ ભવ શિવાય અન્ય ભવ પણ છે, અને આ ભવના કાર્યનું ફળ આગામી ભવમાં પણ મળે છે. સત્તા મનુષ્યને અંધ બનાવી મુકે છે. તે કાળે તેને પૂર્વાપરનો નિર્મળ વિવેક રહેતો નથી. વાસુદેવને પણ તેમજ થયું હતું પોતાની સત્તાને અંગે રહેલી વિવેક રાખવાની જવાબદારીનું ભાન તેઓ ભૂલી ગયા. પરિણામ એ આવ્યું કે આ ભવમાં–મહાવીર પ્રભુના દેહે, તેમને તેનો વિપાક ભોગવવો પડયો.

કષ્ટ સહન કરવાનું જ જેનું વૃત્ત છે, તેવા વીરપ્રભુએ તે ગોવાળીઆનું કાર્ય શાંતિપૂર્વક સહી લીધું. ત્યાંથી વિહાર કરતા અનુક્રમે પ્રભુ એક નગ-

રમાં પધાર્યા. ત્યાં એક ખરક નામના વૈદ્યે પ્રભુના શરીરની કાંતિ નિસ્તેજ જોઇ અનુમાન કર્યું કે તેમના શરીરમાં કાંઇક શલ્ય હોવું જોઇએ. તપાસ કરતાં કર્ણમાં ખીલા હોવાનું જણાયું. સિદ્ધાર્થ નામના શ્રેષ્ટીની મદદથી તે વૈદ્યે પ્રભુના કર્ણમાંથી તે ખેંચી કાઢયા. કહેવાય છે કે તે વખતે જે વેદના પ્રભુને થઈ હતી તેના ઉત્કટપણાને લીધે તેમના મુખથી ભયંકર ચીસ પડી ગઇ હતી. પ્રભુને પણ ઉપસર્ગો વીત્યા હતા, છતાં તેમના મુખેથી એક પણ કાયરપણાનો નિઃશ્વાસ નિકળ્યો નહોતો. પણ આ છેલ્લા ઉપસર્ગથી તેમનો ઉપયોગ કાંઇક શિથિલ થયો હતો અથવા દેહભાવ અવ્યક્તપણે ઉપસ્થિત થઇ ગયો હતો. ઘણાક એ વાતને અસંભવિત માને છે. તીર્થંકરના મુખેથી તેવી ચીસ કદીજ પડે નહી તેમ ઘણાનું કહેવું છે. ગમે તેમ હો, પણ તે ઉપસર્ગ પ્રભુના બધાં કષ્ટમાં સર્વથી અધિક તિવ્ર હતો. આ ઉત્કૃષ્ટ ઉપસર્ગ પછી પ્રભુને એકે દુઃખ થયું નથી. દીક્ષાના સાડાબાર વર્ષ તે તેમના માટે કષ્ટની પરંપરા રૂપજ હતા. તે બાર વર્ષમાં આડાઅગીઆર વર્ષ અને પચીશ દીવસ તેઓ નિરાહાર રહ્યા હતા. છતાં ઉત્કૃષ્ટ

પરાક્રમ, ક્ષમા, નિર્લોભતા, આર્જવ, શુચિ અને ચિત્ત પ્રસન્નતા પૂર્વક તેમણે તે બધું સહી લીધું હતું. જેમ સુગંધી દ્રવ્યને બાળવાથી અધિક સુગંધ આપે છે, તેમ પ્રભુ પણ વિશેષ વિશેષ પરિસહથી વિશેષમાં વિશેષ વિશુદ્ધ આત્મભાવ મેળવતા જતા હતા. કષ્ટના પ્રસંગો એ દેહાધ્યાસથી મુક્ત થવાના પ્રસંગો છે. મૂર્ખ મનુષ્યો ઉલટા તેવે પ્રસંગે દેહ સંબંધી મમત્વ અને હાય વરાળ સેવી કર્મબંધ કરે છે અને દેહભાવને સજ્જડ બનાવે છે. વિવેકી અને મુમુક્ષુ જનો તેવા અવસરે દેહાદિક પોતાના નથી અને આત્મા અને દેહ તલવાર-મ્યાનની જેમ ભિન્ન છે, એવા અપરોક્ષ અનુભવો મેળવી લે છે. પ્રભુના કષ્ટના ઇતિહાસમાંથી આપણે જે શિક્ષણ લેવાનું છે, તે મુખ્યત્વે એજ છે કે તેમણે તેવા નિમિત્તો પ્રાપ્ત થતાં દૈહિક વૃત્તિનો જય કરી તેનાથી પોતાનું અસંગપણું-ભિન્નપણું-સમરસપણું સાધ્યું હતું. મુર્છાભાવે દેહના કષ્ટોને આત્માના કષ્ટો તરીકે ગણ્યા નહોતા. જેમ કષ્ટો અધિક અધિક તીવ્ર બનતા ગયા તેમ તેમ તેમનો આત્મભાવ ગાઢ બનતો ગયો હતો. તે ઉપસર્ગો માત્ર પ્રભુને આત્મભાવના અભ્યાસ

તરીકે જ પરિણમતા હતા.

કષ્ટ એ માત્ર મનુષ્યોને દુઃખ દેવા જ આવે છે તેમ માનવું ન જોઇએ. દુઃખ દેવા સાથે મનુષ્ય ધારે તો તે કષ્ટો તેને ઘણાં કીંમતી અભ્યાસ પાઠો શીખવી શકે છે, કે જે સાધારણ સંયોગોમાં કદી શીખી શકાતા નથી. હૃદયગત અનુભવો મનુષ્ય દુઃખના પ્રસંગોમાંથી મેળવી શકે છે. જેમ એક પક્ષે બુદ્ધિનું શિક્ષણ મનુષ્યના કલ્યાણ માટે ઉપયોગી છે, તેમ અન્ય પક્ષે હૃદયનું શિક્ષણ પણ તેટલુંજં ઉપયોગી છે. અને ખાસ કરીને આત્મશ્રેય સાધકને તો તે હૃદય શિક્ષણ જ મુખ્યપણે ઉપયોગી છે. આ શિક્ષણ, મોટે ભાગે દુઃખના પ્રસંગો જે અનુભવે આત્મા ઉપર મુકતા જાય છે તેમાંથી મળતું હોવાથી દુઃખ એ ધિક્કારવા યોગ્ય નથી. પરંતુ દુશ્મનના રૂપે મિત્રનું કામ કરતા હોવાથી ઉલટા તે આવકાર યોગ્ય છે. માત્ર મનુષ્યે તેનો સદુપયોગ કરવાનો છે. તે દુઃખાનુભવકાળે આપણને આપણી ભૂતકાળની ભૂલોનું ભાન થાય છે અને ભાવિમાં તેવી ભૂલો ન થવા માટે તેવા પ્રકારના સદ્નિશ્ચયો બંધાય છે. સમજુ જનોને દુઃખથી આત્મા નિર્મળ થતો અનુભવાય છે,

અને આત્મા ઉપરથી જાણે કેટલાક ઘન આવરણો તુટી પડતા હોય તેમ જણાય છે. સાચી વસ્તુસ્થિતિનું, આત્મા અનાત્માનું, અને સંસારના સ્વરૂપનું તેને જ્ઞાન થાય છે. અનુકૂળ વેદનીયના—સુખના ઉદયકાળે ઉપરોક્ત અનુભવ થવો અસંભવિત નહીં તો અશક્ય તો છે જ. અને આવા ઉત્તમ અનુભવના નિમિત્તનો ઉપયોગ કરી તેમાંથી પોતાનું હિત સાધી લેવું એ મહાવીર પ્રભુના ચરિત્રમાંથી સતત્ વહતો એક અતિ મૂલ્યવાન્ ઉપદેશ છે. મહાવીરના પગલે ચાલવાનો દાવો રાખનાર પ્રત્યેક મનુષ્યે તેમના જીવનમાંથી ઉદ્ભવતા આ મહાન્ શિક્ષણને સદાકાળ પોતાના હૃદયમાં સ્થાપી રાખવું જોઇએ.

આ છેલ્લો ઉગસર્ગ સહન કર્યા પછી પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. કલ્પસૂત્રકારના અભિપ્રાય પ્રમાણે વૈશાખ શુદિ દશમને દીવસે, પાછલે પહોરે, વિજય મુહૂર્તમાં જંભીક નામના ગામની બહાર, ઉજ્જુવાલુકા નદિના તીર ઉપર, વૈયાવર્ત નામના ચૈત્યની નજીક, શાલિવૃક્ષની છાંયા તળે, ગોદુહ આસને બેસી શુકલ ધ્યાનને ભાવતા થકા, તે પ્રભુને, જે જ્ઞાનમાં સર્વ પ્રકારના જ્ઞાન પર્યવસિત થાય છે,

તેવું સર્વ દ્રવ્ય પર્યાયને ગ્રહણ કરનાર, આધારરહિત સંપૂર્ણ કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયું.

કૈવલ્ય પ્રાપ્ત થયા પછી પ્રભુનું ચરિત્ર પરમાત્મ કોટીનું થયું હોવાથી તે આપણી મતિ અને કલ્પનાની બહારના પ્રદેશનું છે. ત્યારપછીથી તેમની છદ્મસ્થ ચર્યા બંધ થઇ, કેવળચર્યા શરૂ થાય છે. અમે તે વિષયમાં ઉતરવા માગતા નથી. મનુષ્ય મનુષ્યના વર્તનમાંથીજ શિક્ષણ મેળવી શકે છે. ઇશ્વરના ચરિત્રને તે અનુસરી શકતો નથી અને અમારો લેખન ઉદ્દેશ માત્ર પ્રભુના મનુષ્ય તરીકેના જીવન પ્રસંગમાંથી ઉદ્દ્ભવતો સાર ઉપજાવવાનો હોવાથી અમો પ્રભુના કૃતકૃત્ય થયા પછીના જીવન વિભાગમાં પ્રવેશતા નથી.

સ્ત્રી પુરૂષોને [illegible]

વિવેક વિલાસ.

સ્ત્રી પુરૂષોના [illegible] રોગો વગેરે ઉપરાંત
શરાબ, ભંગ, અફીણ અને બીજા કેફ
[illegible] [illegible],
વિજળી અને [illegible] [illegible]
સ્ત્રીઓની [illegible]
અનેક ચિત્રો સાથે.

કિંમત રૂ. ૩-૦-૦.